ચાંદો ઊગ્યો ચોકમાં...

(ગુજરાતી લોકગીતોનું રસદર્શન)

ચાંદો ઊગ્યો ચોકમાં...

(ગુજરાતી લોકગીતોનું રસદર્શન)

પ્રકાશક	:	માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
લેખન - સંકલન	:	નીલેશ પંડ્યા
પ્રોસેસિંગ અને મુદ્રણ	:	સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ
વર્ષ	:	૨૦૧૮-૧૯

સંદેશો

યુગોથી ગવાતા આપણા લોકગીતો ગરવી ગુજરાતનો અમૂલ્ય વારસો છે. આ લોકસંગીત આજના સમયમાં પણ ખૂબ કર્ણપ્રિય અને લોકાભિમૂખ રહ્યું છે.

વણથંભી વિકાસ યાત્રાના પથ પર આધુનિક અભિગમોને અપનાવી રોલમોડેલ તરીકે પ્રસ્થાપિત થતા ગરવા ગુજરાતની નવી પેઢી પણ આ સાંસ્કૃતિક ધરોહરને ઓળખી શકે, માણી શકે, અનુભવી શકે તથા આ અખૂટ ભંડારનો રસાસ્વાદ માણી શકે તે ખૂબ જ જરૂરી છે.

વર્ષોથી સંભળાતા-ગવાતા આપણા લોકગીતોને સંકલિત કરી માહિતી ખાતા દ્વારા 'ચાંદો ઊગ્યો ચોકમાં' પુસ્તક સચિત્ર પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યાનો પ્રયાસ બિરદાવવા લાયક છે. પુસ્તક સૌ કોઇ ગુજરાતી બાંધવો માટે રસપ્રદ અને ઉપયોગી બની રહે તેવી શુભકામના પાઠવું છું.

આપનો

(વિજય રૂપાણી)

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



સંદેશો

ગુજરાતનું પરંપરાગત લોકસંગીત અમૃતમય છે. આપણાં લોકગીતોમાં જીવનદર્શન-જીવનરીતિ ઘોળાયેલાં છે. લોકગીતો દીવાદાંડી બનીને માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે. દરેક યુગમાં લોકસંગીત આગવી છાપ છોડતું હોય છે.

ગ્લોબલાઈઝેશનના આજના યુગમાં દુનિયાભરનું સંગીત લોકો સાંભળે છે. આપણી માતૃભૂમિની મીઠી મહેક પ્રસરાવતા સંગીતનું લોકહૃદયમાં અલગ સ્થાન હોય છે. ગરવા ગુજરાતના ખમીર અને ઝમીરને ઉજાગર કરતાં લોકગીતો યુગોથી ગવાતાં આવ્યાં છે. લોકગીતોમાં આપણી ઓળખ પ્રતિબિંબિત થતી હોય છે.

‘ચાંદો ઊગ્યો ચોકમાં...’ પુસ્તકમાં પરંપરાગત લોકગીતોનો આસ્વાદ કરાવતો રસથાળ છે. આ પુસ્તકમાં આપણાં લોકગીતોનું આગવી રીતે રસદર્શન કરાવવાનો અને લોકગીતોનો સવિસ્તાર અર્થ સમજાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુજરાતી લોકસાહિત્ય અને લોકસંગીતને આગવી રીતે ઉજાગર કરવાના આ નવતર પ્રયોગ માટે લેખક શ્રી નીલેશ પંડ્યા અને માહિતી ખાતાની સંપાદકીય ટીમની અથાક મહેનત બિરદાવવા લાયક છે. મને શ્રધ્ધા જ નહીં વિશ્વાસ છે કે, પરંપરાગત લોકગીતોનો આસ્વાદ કરાવતા રસથાળ સમા ‘ચાંદો ઊગ્યો ચોકમાં...’ પુસ્તકને ગુજરાતી વાચકો હૃદયપૂર્વક વધાવશે.

(અશોક કાલરીયા)
માહિતી નિયામક

અનુક્રમણિકા

૧.	સવા બશેરનું મારું દાતરડું	૮
૨.	ચાંદો ! ઊગ્યો ચોકમાં	૧૦
૩.	છેલ હલકે રે ઈંઢોણી	૧૨
૪.	આવી રૂડી અજવાળી રાત	૧૪
૫.	દાદા હો દીકરી	૧૬
૬.	મેંદી તે વાવી માળવે	૧૮
૭.	જોબનિયું આજ આવ્યું	૨૦
૮.	લવિંગ કેરી લાકડીએ	૨૨
૯.	મારા લે'રિયામાં લાગી	૨૪
૧૦.	સતી કે છે શંકર તમે	૨૬
૧૧.	હો રંગ રસિયા	૨૮
૧૨.	મારે ટોડલે બેઠો રે મોર	૩૦
૧૩.	આજ રે સ્વપનામાં	૩૨
૧૪.	ઓત્તર જાજો, દખ્ખણ જાજો	૩૪
૧૫.	આભમાં ઝીણી ઝબૂકે વીજળી	૩૬
૧૬.	ઊની ઊની દાળ મારી	૩૮
૧૭.	હે ઓલ્યા કાના રે!	૪૦
૧૮.	હાજી કાસમ તારી વીજળી	૪૨
૧૯.	મારગ મેલીને પરમારગે	૪૪
૨૦.	સોના વાટકડી રે	૪૬
૨૧.	આવડા મંદિરમાં હું તો	૪૮
૨૨.	સાંભળ રે મારી સજની નાર	૫૦
૨૩.	હાં હાં રે કોયલડી	૫૨
૨૪.	જોડે રે'જો હો રાજ	૫૪
૨૫.	હાલી રે હાલીને મારા	૫૬
૨૬.	ગોપી વનમાં પૂછે છે	૫૮
૨૭.	આજ રે જોધાણા ગઢને મારગે	૬૦
૨૮.	વાલો મારો વનમાં ચારે	૬૨

૨૯.	વાદલડી વરસી રે	૬૪
૩૦.	કારતકે કૃષ્ણ સિધાવિયા	૬૬
૩૧.	રામ લખમણ બે બાંધવા	૬૮
૩૨.	તારા દેશમાં આંબા આંબલી	૭૦
૩૩.	વેલ્યું છૂટીઉં વીરા	૭૨
૩૪.	શેરી વચાળે ઉભી'તી	૭૪
૩૫.	ફૂલ ઉતાર્યાં ફૂલ વાડીએ	૭૬
૩૬.	હો રાજ રે! વાવડીનાં પાણી	૭૮
૩૭.	હાલોને બાયું તરણેતરને મેળે	૮૦
૩૮.	મારી જવની વાડીમાં	૮૨
૩૯.	હેરી હેરી મોરલિયું વાગે છે	૮૪
૪૦.	કાંકરીના માર્યાં	૮૬
૪૧.	બાઈજીને આંગણ આંબલો	૮૮
૪૨.	મારા વાડામાં વાલોળિયા	૯૦
૪૩.	ગામમાં સાસરું	૯૨
૪૪.	તમે મારા દેવના દીધેલ	૯૪
૪૫.	વા વાયા ને વાદળ	૯૬
૪૬.	અમે આવ્યા તમારે આશરે	૯૮
૪૭.	નગર બજારજા માડુ	૧૦૦
૪૮.	મોર બોલે ને ઢેલડ	૧૦૨
૪૯.	મારે ઘેર આવજો માવા	૧૦૪
૫૦.	સૈયર ! મેંદી લેશું રે	૧૦૬
૫૧.	સરોવર પાળે આંબલિયો	૧૦૮
૫૨.	રામે સરોવર ખોદિયાં	૧૧૦
૫૩.	સાહેલડી સુણ સાહેલડી	૧૧૨
૫૪.	રામ જોવા હાલી રે	૧૧૪
૫૫.	વાછલડી હરેડી રે	૧૧૬
૫૬.	સાયબા હું તો ત્રાંબાની	૧૧૮
૫૭.	ઊભી ઊભી ઉગમણે દરબાર	૧૨૦
૫૮.	શ્રાવણ મહિને વાલો	૧૨૨
૫૯.	રાજ લીલાં મોતી ને	૧૨૪
૬૦.	ઝીલણ તારાં પાણી	૧૨૬
૬૧.	તમારા સમ જો તમે મને	૧૨૮
૬૨.	મુખમાં મોરલી	૧૩૦

૬૩. મીઠા મીઠા નાદ વેણુના ૧૩૨
૬૪. મોરલી તો ચાલી રંગ રૂસણે ૧૩૪
૬૫. હાલ્યાં મીરાંબાઈ દ્વારિકાને ૧૩૬
૬૬. કુંજલડી રે સંદેશો અમારો ૧૩૮
૬૭. એક રંગભર રસિયે ૧૪૦
૬૮. મારી નવરંગી વાડીમાં ૧૪૨
૬૯. વરસે વરસે અષાઢી કેરો ૧૪૪
૭૦. મે'માન આવ્યા તો ૧૪૬
૭૧. સાયબા સડકું બંધાવ ૧૪૮
૭૨. ચૂંદલડી નૈ રે ઓઢું ૧૫૦
૭૩. ઢોલો તે હાલ્યા ચાકરી ૧૫૨
૭૪. સાગ શિશમનો ઢોલિયો ૧૫૪
૭૫. આવ્યાં આવ્યાં કાંઈ ૧૫૬
૭૬. મોરલો બોલ્યો રે મારાં ૧૫૮
૭૭. મને મારું ગોકુળ ૧૬૦
૭૮. સોનલા ઈંઢોણી રે ૧૬૨
૭૯. ધન્ય ગોકુળિયું ૧૬૪
૮૦. નણદલના વીર વિના ૧૬૬
૮૧. મારો સસરોજી લાવ્યા ૧૬૮
૮૨. એક ચંપો મરવો ડોલરિયો ૧૭૦
૮૩. વિનવે અયોધ્યાના ૧૭૨
૮૪. ઝીણા મોર બોલે લીલી ૧૭૪
૮૫. લીપ્યું ને ગૂંપ્યું મારું ૧૭૬
૮૬. વનમાં ચાંદલિયો ઊગ્યો ૧૭૮
૮૭. સાયબો જી રે પોઢ્યો ૧૮૦
૮૮. રામસીતા વનવાસ જાય ૧૮૨
૮૯. બાર બાર વરસે નણદલ ૧૮૪
૯૦. શરદપૂનમની રાતલડી ૧૮૬

સવા બશેરનું મારું દાતરડું રે લોલ

સવા બશેરનું મારું દાતરડું રે લોલ
ઘડ્યું ઓલ્યા લાલિયે લુહાર
મુંજા વાલમજી લોલ
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...

સાવ રે સોનાનું મારું દાતરડું લોલ
હીરનો બંધિયો હાથ,મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

પરણ્યે વાઢ્યા છે પાંચ પૂળકા રે લોલ
મેં રે વાઢ્યા દસ વીસ, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

પરણ્યો લાવે છે રોજ પાવલી રે લોલ
હું રે લ્યાવું છું રૂપિયો દોઢ, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

પરણ્યાનો ભારો મેં ચડાવિયો રે લોલ
હું રે ઊભી વનવાટ, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

વાટે નીકળ્યા વાટેમારગુ રે લોલ
ભાઈ મુને ભારલો ચડાવ, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

પરણ્યાને આવી પાલી જારડી રે લોલ
મારે આવેલ માણું ઘઉં, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

પરણ્યે ભર્યું છે એનું પેટડું રે લોલ
મેં રે જમાડ્યો મારો વીર, મુંજા વાલમજી લોલ !
હવે નૈં જાઉં વીડી વાઢવા રે લોલ...
સવા બશેરનું મારું...

ગુજરાતના ગામડાથી માંડી વિશ્વના કોઈપણ ખૂણે રાસગરબા ગવાતા હોય અને 'સવા બશેરનું મારું દાતરડું' જેવું લિજ્જતદાર લોકગીત ન ગવાય તો જ નવાઈ! ગુજરાતીઓના હૈયે વસેલું અને જીભે રમતું આ લોકગીત મહિલા સશક્તિકરણનું મહિમાગાન કરે છે. ગરવી ગુજરાતણ પહેલેથી જ સશક્ત છે, તે અબળા નથી. શ્રમિક દંપતીના આ લોકગીતમાં પુરુષ કરતાં સ્ત્રી કેટલી ચડિયાતી છે એ સ્પષ્ટ થયું છે.

લોકગીતનો પહેલો જ અંતરો નાયિકાની કૃતજ્ઞતા છતી કરે છે. દાતરડાને તે સોનાનું, હાથા પર હીરની દોરી વીંટેલું દર્શાવે છે ત્યારે સવાલ એ થાય કે, જેના ઘરમાં સોનાનું દાતરડું હોય એણે વીડી (ઘાસનું ખેતર કે ખરાબો)વાઢવા જવું પડે? ના, અહીં દાતરડું રોજીરોટીનું સાધન છે, પરિવારનું ગુજરાન ચલાવતું ઉપકરણ છે, એ લોખંડનું હોય તોય સોના જેવું કિંમતી છે!

પતિ-પત્ની બન્ને વીડી વાઢવા ગયાં પણ પુરુષે તો માત્ર પાંચ જ પૂળા જેટલું ઘાસ વાઢ્યું તો સ્ત્રીએ એનાથી વધુ એટલે સ્વાભાવિકપણે જ પુરુષની કમાણી પાવલી જેટલી અને સ્ત્રીની દોઢ રૂપિયો. પતિની પાવલીમાંથી માંડ એક પાલી જાર આવે છે તો પત્નીની કમાણીમાંથી એક મણ થઉં.

પાંચ પૂળા વાઢીને પુરુષ તો ઘર ભણી પ્રયાણ કરે છે પછી સ્ત્રીને ઘાસનો ભારો કોણ ચડાવે? દૂરથી આવતા વટેમાર્ગુને જોઈ હાશકારો થયો. અજાણ્યા રાહદારીને વિનંતી કરી કે ભાઈ, મને ઘાસનો ભારો ચડાવને... વટેમાર્ગુએ ભારો ચડાવ્યો ને નાયિકા માનેલા ભાઈને ઘેર લઈ ગઈ અને જમાડ્યો.

લોકગીતની નાયિકા સશક્ત છે છતાં સ્ત્રીસહજ મમતાળું છે. આટઆટલાં કામ વચ્ચે પણ એનું આનુવાંશિક પરોપકારીપણું અહીં અનુભવી શકાય છે. ગૌરવવંતી ગુર્જર નારીની અસ્મિતા છલકાવતા આ લોકગીતના શબ્દો સરળ અને ઢાળ સુમધુર છે.

આવાં કેટલાંય લોકગીતો રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ 'રઢિયાળી રાત'માં ગ્રંથસ્થ કરી એને કાળની ઉધઇથી બચાવ્યાં છે.

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ! ચાંદો ઊગ્યો ચોકમાં

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ ! ચાંદો ઊગ્યો ચોકમાં,
એ લેરીડા ! હરણ્યું આથમી રે હાલાર શેરમાં અરજણિયા !

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ ઝાંપે તારી ઝૂંપડી,
એ લેરીડા ! આવતાં જાતાંનો નેડો લાગ્યો અરજણિયા !

ભેંસું તારી ભાલમાં ઘાયલ ! ભેંસું તારી ભાલમાં,
એ લેરીડા ! પાડરું પાંચાળમાં ઝોલાં ખાય રે અરજણિયા !

ગાયું તારી ગોંદરે ઘાયલ ! ગાયું તારી ગોંદરે,
એ લેરીડા ! વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે અરજણિયા !

પાવો વગાડય મા ઘાયલ ! પાવો વગાડય મા,
એ લેરીડા ! પાવો પરણેતર ઘરમાં સાંભળે અરજણિયા !

ખંભે તારે ખેસડો ઘાયલ ! ખંભે તારે ખેસડો,
એ લેરીડા ! તેદુનો છાંડેલ અમારો નેસડો અરજણિયા !

તારે મારે ઠીક છે ઘાયલ ! તારે મારે ઠીક છે,
એ લેરીડા ! ઠીકને ઠેકાણે વેલો આવજે અરજણિયા !

લીલો સાહટિયા ઘાયલ ! લીલો સાહટિયો,
એ લેરીડા ! લીલે સાહટિયે મોજું માણશું અરજણિયા !

ગુજરાતમાં, ભારતમાં કે વિશ્વમાં ક્યાંય પણ વસતા કોઈ ગુજરાતી એમ કહે કે મેં લોકગીત બહુ સાંભળ્યાં નથી, માંડ બે-ચાર લોકગીતો સાંભળવામાં આવ્યાં છે. તો એ બે-ચારમાં એક લોકગીત 'ચાંદો ઊગ્યો ચોકમાં...' હશે! કોઈ વળી એમ કહે કે, મને એકાદ-બે લોકગીત આવડે છે તો એ એકાદ-બેમાંહેનું એક 'ચાંદો ઊગ્યો ચોકમાં...' હશે અને લોકસંગીતના કાર્યક્રમોમાં આવતી શ્રોતાઓની ફરમાઈશોની દસ ચિઠ્ઠી ખોલો તો એમાં એકથી વધુ ચિઠ્ઠીમાં 'ચાંદો ઊગ્યો ચોકમાં...'ની ફરમાઇશ હશે! ગુજરાતી લોકગીતોની લોકપ્રિયતાનું એવરેસ્ટ એટલે 'ચાંદો ઊગ્યો ચોકમાં...'

ગુજરાતી લોકગીતોમાં ભાગ્યે જ બનતું હોય એવું ચોંકાવનારું કથાનક અહિ છે. લોકગીતની નેસનિવાસી પરિણીત નાયિકા પોતાના મનના માનીતા 'ઘાયલ અરજણિયા'ને મળવા તલસે છે. સમાજજીવનની આ પણ એક વાસ્તવિકતા છે, જે સ્વીકારવી રહી કેમ કે લોકગીતોમાં ભારોભાર સમાજજીવન ઝીલાતું હોય છે.

નાયિકા કહે છે કે, મારા મનના ચોગાનમાં તારી સાથેના સ્નેહનો શરદપૂનમનો ચાંદો સોળે કળાએ ખીલ્યો છે, હવે તારા પર પૂર્ણ ભરોસો બેસી ગયો, શંકા-કુશંકારૂપી હરણ્યું આથમી ગઈ છે. તારી ઝૂંપડી પાસેથી અવાર-નવાર આવન-જાવન થયું એમાં મને તારો નેડલો લાગી ગયો પણ તારી ગાયો-ભેંસો અને એનાં વાછરું-પાડરું તો ક્યાંય, દૂર-દૂર છે, તું એની દેખભાળ માટે જઈશ તો હું વધુ વિરહવ્યાકુળ બની જઈશ!

પોતાને ઘાયલ અરજણિયા સાથે કેવો સંબંધ છે? એ દર્શાવવા નાયિકાએ 'ઠીક' શબ્દ પ્રયોજ્યો છે. પોતાને એની સાથે 'ઠીક' છે બીજું કંઈ નહીં! વળી ઘાયલને મળવા ક્યાં બોલાવ્યો? ઠીકને ઠેકાણે! ઠીકનું ઠેકાણું એટલે કઈ જગ્યા? નાયિકા કોઈને કહેવા નથી માગતી, માત્ર એ બન્નેને જ ખબર છે!

શૃંગાર રસથી છલોછલ આ લોકગીતનો છેલ્લો અંતરો 'લીલો સાહટિયો ઘાયલ...' અધમ શૃંગારનું ઉદાહરણ બની રહ્યો છે. સાહટિયો (કે છાંસઠિયો) એટલે છાંસઠ દિવસે પાકતું ધાન્ય-જુવાર. નાયિકાએ નાયકને જુવારના ખેતરમાં બોલાવ્યો છે. ગુજરાતી લોકગીતોમાં અમુક જ રસ હોય છે, નાટ્યશાસ્ત્રના નવેય રસ નથી હોતા એવું કહેનારા અહિ ખોટા પડે છે.

આપણાં કેટલાંય લોકગીતો બહુ લાંબાં હોય છે કેમ કે મોટે ભાગે આવાં લોકગીતો રાસ લેતી વખતે ગવાતાં. નાનકડું ગીત હોય તો રાસ ચગે કેમ? રંગ જામે જામે ત્યાં તો ગીત પૂરું થઈ જાય!

છેલ હલકે ઈંઢોણી માથે હેલ લેવી છે

છેલ હલકે ઈંઢોણી માથે હેલ લેવી છે
મારે ભરવાં સરવરિયાનાં નીર રે

ઓલ્યે કાનુડે મુને બાણ માર્યાં છે...
સામે ઊભા સસરાજી છેલ શું રે જુઓ છો?
મારે જોવી વ'વારું કેરી લાજ રે... ઓલ્યે કાનુડે...

સામે ઊભા સાસુજી છેલ શું રે જુઓ છો?
મારે જોવા વ'વારું કેરા ગુણ રે... ઓલ્યે કાનુડે...

સામે ઊભા છે દેર છેલ શું રે જુઓ છો?
મારે જોવા વ'વારું કેરા લાડ રે... ઓલ્યે કાનુડે...

સામે ઊભા છો છેલ તમે શું રે જુઓ છો?
મારે જોવાં ગોરાંદે તારાં રૂપ રે... ઓલ્યે કાનુડે...

ગુજરાતી લોકસંગીત ગ્રંથસ્થ ઓછું અને કંઠસ્થ વધુ હોવા છતાં લાંબી આવરદા ભોગવી રહ્યું છે. કંઠોપકંઠ પરંપરાને કારણે એક લોકગીત એક પ્રાંતમાં એક રીતે ગવાતું હોય તો બીજા વિસ્તારમાં બીજી રીતે. શબ્દો પણ બદલાઈ જાય અને ક્યારેક ભળતા શબ્દોને લીધે અર્થનો અનર્થ પણ થઈ જાય! એકાદ શબ્દના નાનકડા ફેરફારથી લોકગીતનો સંદર્ભ કેવો અને કેટલો બદલાઈ જાય એનું ઉદાહરણ આ લોકગીત છે.

એક નવપરિણીતા માથે હેલ લઈને સરોવરનું નીર ભરતી હોય ત્યારે એને કોણ નીરખી રહ્યું છે? આપણે ત્યાં મોટાભાગે 'એવું ગવાય છે કે 'સામે ઉભા સસરાજી તમે શું રે જુઓ છો?' 'સામે ઉભા જેઠજી તમે શું રે જુઓ છો?' આવું બને ખરું? કોઈ 'વહુવારુને પોતાના સસરા, જેઠ વગેરે તાકી ને જુએ અને વહુ એને ટોકે...! ના...આવું હોય જ નહિ, ગાવાવાળાના શબ્દો ખોટા હોઈ શકે.

લોકગીતના મૂળ શબ્દો એવા છે કે 'સામે ઉભા સસરાજી, છેલ શું રે જુઓ છો...' મતલબ કે મારા સસરા એટલે કે તમારા પિતા સામે જ ઉભા છે ત્યારે તમે મારી સામે આમ સતત જોયા ન કરો આવું નવવિવાહિતા પોતાના પતિને કહે છે. વડીલોની હાજરીમાં પતિએ મર્યાદાપૂર્ણ વર્તાવ કરવો જોઈએ એવો બોધ આ લોકગીતમાં છે.

લોકગીતનો મર્મ સમજ્યા વિના શબ્દો બદલાવી નાખીએ તો શૃંગારરસનું આ લોકગીત 'ભયાનક' થઈ જાય! આ લોકગીત આજેય લોકમાનસમાં અંકિત છે એટલે તો લોકસંગીતના કાર્યક્રમોમાં ભાવથી ગવાતું અને રસપૂર્વક સંભળાતું રહે છે.

આવી રૂડી અજવાળી રાત

આવી રૂડી અજવાળી રાત,
રાતે તે રમવા નીસર્યા રે માણારાજ.

રમ્યાં રમ્યાં પો'ર બે પો'ર,
સાયબોજી તેડાં મોકલે રે માણારાજ.

ઘેરે આવો ઘરવેરીની નાર,
અમારે જાવું ચાકરી રે માણારાજ.

આવો રૂડો સૈયરુંનો સાથ,
મેલીને સાયબા નહિ આવું રે માણારાજ.

સાયબાને ચડિયલ રીસ,
ઘોડે પલાણ નાખિયાં રે માણારાજ.

રોઝી ઘોડી પિત્તળિયાં પલાણ,
અલબેલો ચાલ્યા ચાકરી રે માણારાજ.

ધ્રોડી ઝાલી ઘોડલાની વાઘ,
અબોલે જાવા નૈં દઈએ રે માણારાજ.

મેલો મેલો ઘોડલાની વાઘ,
લશ્કર પૂગ્યું વાડીએ રે માણારાજ.

મારે સાયબા ચૂંદડીની હોંશ,
ચૂંદડી મોંઘા મૂલની રે માણારાજ.

રિયો રિયો આજુની રાત,
ચૂંદડી તમે મૂલવો રે માણારાજ.

મેલો મેલો ઘોડલાની વાઘ,
લશ્કર પૂગ્યું સીમડીએ રે માણારાજ.

ઘરે નથી નણદી કે સાસુ,
કોની રે સાથે બોલશું રે માણારાજ.

તમારે છે સૈયરુંનો સાથ,
એની રે સાથે બોલજો રે માણારાજ.

હોકો ફોડ્યો ડેલીને દરબાર,
ચલમ ફોડી ચોકમાં રે માણારાજ.

વળી વળી હીરલાની ગાંઠ,
તૂટે પણ છૂટે નહિ રે માણારાજ.

પડી પડી દલડામાં ભ્રાંત,
અબોલા ઓ ભાવ ભાંગશે રે માણારાજ.

શરદપૂનમ આજે આપણા માટે દૂધપૌંઆની ઉજાણી કરવાનો અવસર કે રસિયાઓ માટે રાસે રમવાનો ઉત્સવ છે પણ લોકજીવનમાં આસો માસની પૂનમનું અદકેરું મહાત્મ્ય છે. શરદપૂર્ણિમાની રાતે આખા ગામની બહેનો ગામના પાદર કે ચોરાના ચોકમાં એકત્ર થઈ મોડી રાત સુધી રાસડા લેતી, એકબીજીને હળવા-મળવાનો, સુખ-દુઃખની આપ-લે કરવાનો મોટો તહેવાર એટલે શરદપૂર્ણિમા. રાસઘેલી રમણીઓ ભેગી થઈને એક પછી એક ગીતડાં ગાવા માંડે, ચાંદનીની જેમ વનિતાઓ પણ ખીલી ઊઠે...

‘આવી રૂડી અજવાળી રાત...’લોકગીતમાં ગુર્જર ગોરી અને એના કામણગારા કંથ વચ્ચેનો સંવાદ છે. ગોરી શરદપૂનમની રાતે સહેલીઓ સાથે રાસ રમવામાં મશગૂલ છે પણ સાયબાને વેરણ ચાકરીએ જવાનો વખત થયો એટલે એ બોલાવવા આવ્યો. આભમાંથી અમૃત રેલાવતા ચંદ્રની શિતળતાની સંગાથે જામેલા રાસની રંગત છોડીને કેમ જવું? ગોરી ઘેર આવવાની ના પાડી દે છે. સાયબાને રિસ ચડી ગઈ. પરંતુ પતિને મનાવવો એ માનૂની માટે મુશ્કેલ નથી હોતું... અંતે સૌ સારાં વાનાં થઇ જાય છે.

કેટલાંક ખૂબ જ પ્રચલિત ગુજરાતી લોકગીતોની યાદીમાં આ લોકગીતે સ્થાન મેળવ્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. વિશ્વભરના ગુજરાતી શ્રોતાઓનું આ માનીતું લોકગીત છે.

દાદા હો દીકરી વાગડમાં ના દેજો રે સૈ

દાદા હો દીકરી વાગડમાં ના દેજો રે સૈ,
વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે
દાદા હો દીકરી...

દી'એ દળાવે મને રાતડીએ કંતાવે રે સૈ,
પાછલે રે પરોઢિયે પાણીડાં મોકલે રે
દાદા હો દીકરી...

ઓશિકે ઈંઢોણી મારી પાંગતે સીંચણિયું રે સૈ,
સામે તે ઓરડીએ વહુ તમારું બેડલું રે
દાદા હો દીકરી...

ઘડો બૂડે નૈં મારું સીંચણિયું ના પૂગે રે સૈ,
ઊગ્યો દી' આથમિયો કૂવાકાંઠડે રે
દાદા હો દીકરી...

ઊડતા પંખીડા! મારો સંદેશો લઇ જાજો રે સૈ,
દાદાજીને કે'જો કે દીકરી કૂવે પડે રે
દાદા હો દીકરી...

દાદાજીને કે'જો મારી માતાને ના કે'જો રે સૈ,
માયાળુ માવલડી આંસુડાં સારશે રે
દાદા હો દીકરી...

કૂવે ના પડજો દીકરી અફીણિયાં ના ખાજો રે સૈ,
અંજવાળી આઠમનાં આણાં આવશે રે
દાદા હો દીકરી...

કાગળ અને કલમ લઈને કવિતા લખી શકાય, લોકગીત નહિ... આપણી માતાઓ-બહેનો કે લોકકવિઓએ સ્વાનુભવને કંઠથી નિતાર્યો એ લોકગીત બની ગયાં. સ્વાતિ નક્ષત્રનાં મેઘબુંદ જેમ છીપમાં મોતી બનાવે એમ આ લોકગીત રૂપી મોતીડાં પાક્યાં છે! સો બસો વર્ષ પહેલાના ગુજરાતના કોઈ ગામડાની કલ્પના કરીએ...ગામમાં તહેવાર કે જાગરણની રાત્રે બહેનો રાસ રમવા એકત્ર થઇ...પહેલું ગીત કોણ ગવડાવે? એવો પ્રશ્ન ઉઠતાં વડિલ મહિલાએ એક નવી વહુવારું સામે આંગળી ચીંધી...કોણ હતી એ રમણી? છ મહિનાથી પરણીને આવી હતી પણ હજુ સાસરિયામાં એને માટે સુખનો સૂરજ ઉગવાનો બાકી હતો. પરિજનો અસહ્ય શારીરિક માનસિક ત્રાસ આપતા, ગુલામડીની જેમ ઘરકામ કરાવતા, પિયર જવાની પરવાનગી નહિ, રિવાજો એવા કે માતા-પિતાએ દીકરીને ઘેર જવાય નહિ... બહેનો નિરક્ષર હતાં એટલે પિયરમાં પત્ર પણ લખી ન શકતાં, સંદેશા વ્યવહારનાં કોઈ સાધનો ન્હોતાં-આવા કપરા સંજોગો વચ્ચે જીવતી એ વહુએ શું ગાયું હશે?



હૈયામાં છ છ મહિનાથી ધરબી રાખેલું ભયાનક દર્દ આજે ગામ વચાળે વ્યક્ત કરવાનો મોકો મળી ગયો. એણે પોતાના પિતાને યાદ કરીને એક ચીસ પાડી હશે, એ આપણું ચિરંજીવ લોકગીત 'દાદા હો દીકરી' બની ગયું...! પોતાનાં અકથ્ય-અસહ્ય દુઃખનું વર્ણન ઉડતા પંખી પાસે કરી સંદેશો મોકલ્યો પણ ખાસ ભલામણ એ કરી કે, મારા દુઃખની વાત મારી માને ન કહીશ કેમ કે હું આટલી દુઃખી છું એ જાણીને માતાની આંખો ગંગા-જમુના થઇ જશે. અંતે પિતા વ્યવહારુ ઉકેલ આપે છે કે બેટા! કોઈ અવિચારી પગલું ન ભરતી, વહેલીતકે અમે તને આણું તેડવા આવશું.

'દાદા હો દીકરી...' વાંચતા કે સંભળાતા એવું લાગે કે, આ તો ઘર ઘરની કહાની છે. લોકગીતમાં છેડાયેલી વાત વ્યક્તિગત હોવા છતાં સાર્વજનિક બની જાય છે એટલે જ વર્ષો પહેલા રચાયેલાં આ ગીતો આજે ગવાય છે અને કાયમ ગવાતાં રહેશે.

મેંદી તે વાવી માળવે

મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.

નાનો દેરીડો લાડકો ને,
કંઇ લાવ્યો મેંદીનો છોડ રે
મેંદી રંગ લાગ્યો રે.

વાટી ઘૂંટીને ભર્યા વાટકા,
ભાભી રંગો તમારા હાથ રે
મેંદી રંગ લાગ્યો રે.

હાથ રંગી દેરી શું રે કરું,
એનો જોનારો પરદેશ રે
મેંદી રંગ લાગ્યો રે.

લાખ ટકા આલું રોકડા,
કોઈ જાવ જો દરિયાપાર રે
મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો,
તારી બેની પરણે ઘરે આવ્ય રે
મેંદી રંગ લાગ્યો રે.

બેની પરણે તો ભલે પરણે,
એની ઝાઝા દી રોકજો જાન રે
મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માડી મરે ઘરે આવ્ય રે
મેંદી રંગ લાગ્યો રે.

માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ રે
મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માનેતીની ઊઠી આંખ રે
મેંદી રંગ લાગ્યો રે.

હાલો સિપાઈઓ હાલો ભાઈબંધો,
હવે હલકે બાંધો હથિયાર રે
મેંદી રંગ લાગ્યો રે.

અમુક લોકગીતો આપણને પ્રાણપ્યારાં હોય, 'મેંદી તે વાવી માળવે...' એવું જ લોકગીત છે. પતિની ગેરહાજરીમાં શણગાર સજવા નારીને ન ગમે. નાનો દિયર ભાભીને હાથમાં મેંદી મુકવા વિનવે છે પણ ભાભી કહે છે કે વીરા! હાથ રંગી ને કોને દેખાડવા? મારો પરણ્યો તો પરદેશ છે.

લોકગીતની નાયિકા કહે છે કે કોઈ મારા પતિને દરિયાપારથી બોલાવી લાવો, હું રોકડા રૂપિયા આપીશ. પતિને તેડાવવા 'તારી બહેનનાં લગ્ન છે', 'તારી માતાનું મૃત્યુ થયું છે' એવા સંદેશા મોકલે છે છતાં પતિ આવતો નથી પણ જેવી પોતાની માનેતીની આંખ ઉઠ્યાની વાત સાંભળી કે તરત જ ઘેર આવવા તૈયાર થાય છે એ બતાવે છે કે નાયિકાનો 'સાયબો' શોક્ય કે સૌતનથી 'ત્રસ્ત' હતો! આ પણ સમાજજીવનનું એક કડવું સત્ય છે.

ગુજરાતીઓ જ્યાં જ્યાં વસે છે ત્યાં આ લોકગીત હંમેશા ગવાતું રહ્યું છે પણ માત્ર બે-ત્રણ અંતરા જ ગવાતા હોય સાચો અર્થ ભાગ્યે જ આપણા ધ્યાને આવ્યો છે. ગુજરાતી ભાષા જ્યાં સુધી જીવશે ત્યાં સુધી આવાં લોકગીતો ગવાતાં-સંભળાતાં રહેશે.

જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે

જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને માથાના અંબોડામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને પાઘડીના આંટામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને આંખ્યના ઉલાળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને હૈયાના હિલોળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને હાથની હથેળીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને ઘાઘરાના ઘેરમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને પગ કેરી પાનીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જયારે મનોરંજન અને સંદેશાવ્યવહારનાં સાધનો નહોતાં, શાળા, કૉલેજો કે યુનિવર્સિટીઓ સ્થપાઈ નહોતી, આજની જેમ સ્પિરિચ્યુઅલ કે મોટીવેશનલ ગુરુઓ નહોતા ત્યારે આ બધાનું કામ લોકગીતો કરતાં!

જે તે કાળમાં યુવાધનને એવી શીખ આપવી હોય કે યુવાની આંખના પલકારામાં જતી રહેશે એનો સદુપયોગ કરો, આજે એવું કોઈ કામ ન કરો કે કાલે એનો પસ્તાવો થાય તો કેવી રીતે આપવી? આજના સમયમાં તો સંદેશો-શીખામણ આપવાનાં અનેક માધ્યમો છે પણ જયારે કંઈ નહોતું ત્યારે લોકગીતો જ લોકરંજક, સંદેશાવાહક અને લોકશિક્ષકની ભૂમિકા ભજવતાં.

'જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે...' સરળ શબ્દ, સહજ ભાવ અને સીધા સાદા છતાં મનહર-મનભર કમ્પોઝીશનવાળું લોકગીત છે. લોકગીતો મોટેભાગે અભણ કે અલ્પશિક્ષિતોનું સર્જન હોવા છતાં આજના કોઈ વિદ્વાન ધર્મગુરુના સત્સંગમાંથી મળતા બોધ જેવો સંદેશો આપી જતાં હોય છે. યુવાની કાયમ ટકતી નથી, આજે નહીં તો કાલે તે જતી રહેશે એવો ઉપદેશ આ લોકગીતમાંથી મળે છે. યુવકો અને યુવતીઓએ યુવાની વેડફવી નહિ પણ સ્વ અને પરકલ્યાણમાં ખર્ચવી એવો ભાવ આ લોકગીતમાં વ્યક્ત થયો છે.

લોકગીતને પોતિકું અને રસપ્રદ બનાવવા માથાનો અંબોડો, પાઘડીનો આંટો, આંખનો ઉલાળો, હૈયાનો હિલોળો, હાથની હથેળી, ઘાઘરાનો ઘેર, પગની પાની વગેરે પ્રતીકો મૂક્યાં છે.

રેડિયો જયારે સૌથી વધુ બળુકું માધ્યમ હતું ત્યારે હેમુ ગઢવી, પદ્મશ્રી દિવાળીબહેન ભીલ અને એ પછી આજ સુધીની લોકગાયકો - ગાયિકાઓની પેઢીઓએ આ ગીતોને શ્વસતાં રાખ્યાં છે.

લવિંગ કેરી લાકડીએ
રામે સીતાને માર્યાં જો !

લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો!
ફૂલ કેરી દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો!

રામ! તમારે બોલડીએ હું નદીએ નાહ્યું થઈશ જો!
તમે થશો જો નદીએ નાહ્યું, હું ધોબીડો થઈશ જો!

રામ તમારે બોલડીએ હું પરઘેર દળવા જઈશ જો!
તમે જશો જો પરઘેર દળવા, હું ઘંટૂલો થઈશ જો!

રામ તમારે બોલડીએ હું પરઘેર ખાંડવા જઈશ જો!
તમે જશો જો પરઘેર ખાંડવા, હું સાંબેલું થઈશ જો!

રામ તમારે બોલડીએ હું રણની રોઝડી થઈશ જો!
તમે થશો જો રણની રોઝડી,હું સૂડલિયો થઈશ જો!

રામ તમારે બોલડીએ હું જળ માછલડી થઈશ જો!
તમે થશો જો જળ માછલડી,હું માછીંડો થઈશ જો!

રામ તમારે બોલડીએ હું આકાશ વીજળી થઈશ જો!
તમે થશો જો આકાશ વીજળી,હું મેહુલિયો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું બળીને ઢગલો થઈશ જો
તમે થશો જો બળીને ઢગલો,હું ભભૂતિયો થઈશ જો!

સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં કૃષ્ણગીતોનું બાહુલ્ય છે. સ્વાભાવિક છે કે, કૃષ્ણ સૌરાષ્ટ્રમાં આવી વસ્યા હતા એટલે આપણાં લોકગીતોનો વિષય બન્યા. જો કે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીને પણ લોકગીત રચયિતાઓ વિસર્યા નથી. લોકગીતોમાં તેમને સ્થાન મળ્યું જ છે. ભલે કૃષ્ણની તુલનામાં રામ ઓછા ગવાયા છે.

'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો...' પતિ-પત્ની વચ્ચેના નિર્ભેળ પ્રેમ અને હળવા મિજાજને છલકાવતું મજેદાર લોકગીત છે. પ્રથમ બે પંક્તિ ભારે ચમત્કૃતિપૂર્ણ છે કેમ કે, લવિંગની લાકડીથી રામ સીતાને માર મારે અને સીતા ફૂલના દડાથી વેર વાળે...! રામ આદર્શ પુરુષ છે. તેઓ અસુરોને મારે પણ સીતા જેવાં ઉત્તમોત્તમ પત્નીને મારે એ વાત એકેય યુગમાં ગળે નહિ ઉતરે. આજે કથિત કળિયુગમાં એવું ક્યાંક બનતું હશે પણ ત્યારના ત્રેતાયુગમાં સીતાજી રામચંદ્રજી જેવા પતિ સામે વેર વાળે એવું બને?

આ લોકગીતમાં રામ અને સીતાનાં રૂપક દ્વારા આજના કોઈ દંપતીના મસ્તીમજાકનું ચિત્રણ કરાયું છે. પત્ની કોઈપણ વેશમાં સંતાઈ જાય તોય પતિ તેને પકડી પાડે એવી કલ્પના કરવામાં આવી છે. પતિ જો મેણું બોલે તો પોતે પતિથી દૂર રહેશે એવી મીઠી ધમકીનો પ્રત્યુત્તર વળતાં પતિ કોઇપણ સંજોગે-સ્થળે પત્નીની સન્મુખ હાજર થશે એવું પુરવાર કરવા માગે છે.

સૌરાષ્ટ્રમાં મોટેભાગે વ્રતધારી બહેનો આ લોકગીત હરખભેર ગાતી. હજુ પણ ક્યાંક ગવાતું હશે. અમુક વિસ્તારોમાં લગ્નપ્રસંગે પણ આ લોકગીત ગવાતું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમમાં આ લોકગીત વખતો વખત સમાવેશ કરાયો છે.

મારા લે'રિયામાં લાગી લૂંટાલૂંટ

મારા લે'રિયામાં લાગી લૂંટાલૂંટ હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

મારા દાદાનું દીધેલું લે'રિયું રે બાઈ,
મારી માતાની બાંધેલ લાંક હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

ચારે ખૂણે ચાર ડાબલા રે બાઈ,
નણદી સારેરાં જોઈ જોઈ લિયો હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

શું રે કરું તારા ડાબલા રે બાઈ,
મને લે'રિયાની ઘણી ઘણી હામું હો..ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

સામી ઘોડહારે ચાર ઘોડલા રે બાઈ,
નણદી સારેરાં જોઈ જોઈ લિયો હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

શું રે કરું તારા ઘોડલા રે બાઈ,
મને લે'રિયાની ઘણી ઘણી હામું હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

સામી વળગણીએ લે'રિયું રે બાઈ,
નણદી લઈને અદીઠડાં થાવ હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

આપણે ત્યાં એવી રસમ છે કે પરણીને આવેલી નવવધૂ પિયરમાંથી આવેલાં ઘરેણાં, કપડાં, રાચરચીલું એટલે કે કરિયાવર ઓરડા કે ઓસરીમાં પાથરે, એને આણું પાથર્યું કહેવાય. પરિવારનાં, સગાવહાલાનાં અને આડોશ-પાડોશનાં બહેનો આ આણું જોવા આવે. સૌ આણું જોઈ પોતપોતાનો અભિપ્રાય આપી કરિયાવર અંગે આનંદ વ્યક્ત કરે પણ નાની નણંદનો એ અધિકાર છે કે, ભાભીના કરિયાવરમાંથી કોઈ ચીજ ગમી ગઈ હોય તો એ નણંદબાને આપવી પડે!

આ લોકગીતમાં આવી જ સ્થિતિનું નિર્માણ થયું છે. ભાભીના કરિયાવરમાંથી નણંદને લેરિયું પસંદ પડી ગયું એટલે એણે તરત જ માગી લીધું. વહુના પિતાએ પ્રેમથી લેરિયું લઇ દીધું હોય, માતાએ જહેમત ઉઠાવીને લાંક (લેરિયાની કોરે આવેલાં ફૂમતાં) બાંધી દીધી હોય એ લેરિયું નણંદને કેમ આપી દેવું? વહુ બીજી કોઈપણ વસ્તુ નણંદને આપી દેવા તૈયાર છે સિવાય કે લેરિયું! નણંદ જીદે ચડી, એને લેરિયા સિવાય કંઈ જોઈતું નથી... અંતે નવોઢા થાકી હારી ને લેરિયું આપી દે છે અને ગુસ્સામાં બોલી જાય છે કે નણંદબા હવે લેરિયું લઈને અહીંઠડા થાવ એટલે કે અહીંથી રવાના થાવ...!

નણંદ-ભોજાઇના ખટમધુરા સંબંધો ઝીલતાં અનેક લોકગીતો આપણે ત્યાં ગવાય છે પણ 'મારા લે'રિયામાં લાગી લૂંટાલૂંટ' ઘણું જ લોકભોગ્ય છે. આવાં લોકગીતો ગુજરાતી લોકસંગીતનાં અમરફળ છે.

સતી કે છે શંકર તમે સાંભળો

સતી કે છે શંકર તમે સાંભળો
અમારે પિયરિયામાં જગન હોય
રટણ કરવાં રામનાં...

શંકર કે છે સતી તમે સાંભળો
તમારા પિયરિયાની કંકોતરી કેમ ના'વી?
રટણ કરવાં રામનાં...

સતી કે છે શંકર તમે સાંભળો
અમારે દીકરિયુંને કંકોતરી ન હોય
રટણ કરવાં રામનાં...

સતી જઈને જગનમાં ઉભાં રિયાં
સતીને ન દીધાં માન ને પાન
રટણ કરવાં રામનાં...

સતી થાપને થાપને ફરી વળ્યાં
ક્યાંય ન જોયું જટાળાનું થાપન
રટણ કરવાં રામનાં...

સતી જઈને જગનમાં બળી મર્યાં
એનો જગન પૂરો ન હોય
રટણ કરવાં રામનાં...

એવાં આકાશી ડમરૂ વાગિયાં
એવાં ગાજ્યાં છે ઘોર ગગન
રટણ કરવાં રામનાં...

ગુજરાતી લોકગીતોમાં ઉતારા ઓરડા, ભોજન લાડવા, કાંબિયું ને કડલાં એવું બધું એટલે કે લોજિંગ, બોર્ડિંગ અને ઓર્નામેન્ટસની જ વાતો આવ્યા કરે, એમાં નવિનતા નથી હોતી. સાદગી વધુ, સ્વાદ ઓછો... આવું ટીખળીઓ કે લોકગીતના ટીકાકારો બોલતા હોય છે. લોકગીતો એટલે માટીનું સંગીત, એમાં માટીની મહેક હોય, પરફ્યુમની માદકતા ન હોય. લોકગીતો એટલે માનું દૂધ, એમાં પૌષ્ટિકતા હોય, પેકેઝ્ડ મિલ્ક જેવી ફ્લેવર ન જ હોય! આપણાં કેટલાંય લોકગીતો વેદો, પુરાણો, ઉપનિષદોના અર્ક સમાં છે.

'સતી કે છે શંકર તમે સાંભળો...' લોકગીત 'શિવપુરાણ'ના સાર સમું છે. સમગ્ર જનસમાજ 'શિવપુરાણ'નું અધ્યયન, શ્રવણ, મનન ન કરી શકે એ સ્વાભાવિક છે એટલે લોકગીતના રચયિતાએ લોકવાણીમાં સતી અને શિવના સંવાદ તથા વ્યવહાર દ્વારા આ નાનકડા લોકગીતના માધ્યમથી આખું 'શિવપુરાણ' સમજાવી દીધું એમ કહેવામાં ખોટું નથી.

અજન્મા એવા શંકરના પ્રથમ વિવાહ દક્ષ રાજાનાં પુત્રી સતી સાથે થયા હતા. દક્ષને ત્યાં યજ્ઞ થાય પણ સતીને નિમંત્રણ ન મળે, સતી પિતાને ત્યાં જવા ઉત્સુક છે પણ શિવજી કહે છે કે તમને ક્યાં આમંત્રણ છે? પિતાને ઘેર શુભ અવસર હોય ને પુત્રીને કંકોતરીની જરૂર ખરી? એવું સતી સમજાવે છે. શિવજી રાજી નથી છતાં સતીને પિયર જવાની રજા આપે છે. પિતાને ઘેર સતીને સન્માન નથી મળતું કેમ કે તે વણનોતર્યાં ગયાં હતાં.

સતીએ જોયું કે, યજ્ઞમાં બધા દેવોનાં સ્થાપન હતાં પણ પોતાના પતિ શંકરનું ક્યાંય સ્થાન ન્હોતું એટલે પોતાને માન ન મળ્યું એના કરતાં પતિનું અપમાન થયું એનું ભારોભાર દુઃખ લાગ્યું અને તેઓ યજ્ઞકુંડમાં કૂદી પડ્યાં. બાદમાં શંકરે સતીનું શબ પોતાના ખભે મુકીને 'તાંડવ' કર્યું અને ત્રિલોકને ધ્રૂજાવ્યા.

માઈક્રો ફિક્શનના આ યુગમાં લોકોને મોટા મોટા ગ્રંથો વાંચવાની ફુરસદ નથી અને ટેવ પણ છૂટી ગઈ છે ત્યારે આવાં લોકગીતો શાસ્ત્રોનું ગોરસ આપણને પીરસી રહ્યાં છે.

હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ જો

હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી રે ઉજાગરો ક્યાં રે કીધો?

હે... આજ અમે ગ્યાતાં મણિયારાને હાટ જો,
ચૂડલિયું રે મૂલવતાં વાણલા વાયી ગિયા
હો રંગ રસિયા....

હે... આજ અમે ગ્યાતાં દોશીડાને હાટ જો,
ચૂંદડિયું રે મૂલવતાં વાણલા વાયી ગિયા
હો રંગ રસિયા...

હે... આજ અમે ગ્યાતાં સોનીડાને હાટ જો,
ઝૂમણલાં રે મૂલવતાં વાણલા વાયી ગિયા.
હો રંગ રસિયા...

હે... આજ અમે ગ્યાતાં માળીડાને હાટ જો,
વેણિયું રે મૂલવતાં વાણલા વાયી ગિયા
હો રંગ રસિયા...

હે... આજ અમે ગ્યાતાં મોચીડાને હાટ જો,
મોજડિયું રે મૂલવતાં વાણલાં વાયી ગિયા
હો રંગ રસિયા...

કેટલાંય લોકગીતો ગુજરાતી ભાષાના પર્યાય સમાં છે. અમુક એવાં લોકગીતો છે જેનાથી ગુજરાતીઓ ભાગ્યે જ અજાણ હોય. વિશ્વના કોઈપણ ખૂણે રાસ ગરબા ગવાતા હોય ને 'હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા રાસ...' ન ગવાય ત્યાં સુધી રાસ અધૂરા ગણાય. લોકગાયકો-ગાયિકાઓ આ લોકગીત લલકાર્યા વિના રહે જ નહીં અને જો ન ગાય તો ખેલૈયાઓને પણ કશુંક ખૂટતું હોવાનો રંજ રહી જાય એવું આ સવાયું લોકગીત છે.

વિરહ, વિષાદ, વ્યથાનાં લોકગીતોના બાહુલ્ય વચ્ચે ગુજરાતીમાં અનેક લોકગીતો હર્ષ, હાસ્ય, હળવાશથી છલોછલ મળે છે. સ્ત્રી મનના ભાવો જ લોકગીતોનો મુખ્ય પીંડ છે. બધી માનુનીઓ મૂંઝવણમાં નથી હોતી એટલે કે સુખિયારી સ્ત્રી પોતે અથવા લોકકવિ કોઈ સુખિયારીના જીવનની કોઈ ક્ષણને શબ્દ-ઢાળ-કંઠદેહ આપે તો એ લોકગીત સુખદ બની જાય એ સ્વાભાવિક છે.

પરિણીત પુરૂષને પત્નીના વેધક સવાલોના જવાબ આપવા તૈયાર રહેવું પડતું હોય છે.સવાલો સીધાસાદા જ હોય છે પણ ઘણાનાં કરતૂતો અઘરાં અને આડાઅવળાં હોય એટલે પ્રશ્નો પારાવાર મુશ્કેલીમાં મુકી દે. આ લોકગીતની નાયિકાએ પોતાના રંગરસિયાને એમ ન પૂછ્યું કે ઘેર આવતાં કેમ મોડું થયું? ક્યાં રોકાયા હતા? આંખો કેમ લાલ થઈ ગઈ છે? એને બદલે જે સવાલ ઉઠાવ્યો એમાં કટાક્ષ, નારાજગી, સત્ય સામે લાવવાની ઉત્કંઠા, પુરૂષની બહાનાંબાજીને પકડી પાડવાની ચેષ્ટા વર્તાય છે. નિજ કે નિજજન માટે જે નિસ્વાર્થ જાગે એણે 'જાગરણ' કર્યું કહેવાય પણ અહીં પૂછનાર નિજ છે એ

જ પૂછે છે કે ક્યાં રમી આવ્યા રાસ? એટલે અહિ 'ઉજાગરો' બરાબર 'અંજાયો' છે!

એક્સ-રે, સોનોગ્રાફી, એમઆરઆઈ જેવી બધી જ ટેકનોલોજી સ્ત્રીની આંખોમાં હોય છે! એ પુરૂષની સામે જુએ ત્યાં કહી દે કે આ કઈ માટીનો માનવી છે! છતાં આરોપી બનીને કહેડામાં ખડો થઈ ગયેલો લોકગીતનો નાયક બચાવ કરતાં કહે છે કે હું મણિયારાની દુકાને ગયો હતો તારા માટે ચૂડલી લેવા, ચુંદડી લેવા દોશીને ત્યાં ગયો, મઘમઘતી વેણી લેવા માળીને હાટ અને મોજડી લેવા મોચીને ત્યાં ગયો એટલે બહુ વાર લાગી ગઈ.

રંગરસિયાની આંખો અને હાવભાવ પરથી એની કર્મકુંડલી જાણી જનારી નારીઓ અને પત્નીને આજીવન ઉઠાં ભણાવનારા બહાનાંબાજો ગત યુગમાં હતા,આજેય છે ને આવતા યુગમાં પણ કદાચ હશે એટલે આવાં લોકગીતો આપણને કાયમ ગમતાં રહેશે...!

મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે?

મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે?
મોર કાં બોલે? મોર કાં બોલે?

મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે?
મારે કમખે બેઠો રે મોર કાં બોલે?
મારી ચૂંદડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે
મોર કાં બોલે? મારે ટોડલે બેઠો રે...

મારે કડલે બેઠો રે મોર કાં બોલે?

મારી કાંબિયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે
મોર કાં બોલે? મારે ટોડલે બેઠો રે...

મારે ટીલીએ બેઠો રે મોર કાં બોલે?
મારી નથડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે
મોર કાં બોલે? મારે ટોડલે બેઠો રે...

મારે હારલે બેઠો રે મોર કાં બોલે?
મારી હાંસડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે
મોર કાં બોલે? મારે ટોડલે બેઠો રે...

આપણી પાસે સેંકડો લોકગીતો છે પણ એમાંથી જાણીતાં અમુક જ હોય. એક વિસ્તારમાં અમુક લોકગીતો ગવાતાં-સંભળાતાં હોય તો બીજા વિસ્તારમાં અમુક, પણ કેટલાંક લોકગીતોની જન્મકુંડળીમાં 'મહાપ્રસિદ્ધિ યોગ' હોય છે એટલે યુગયુગાંતર સુધી એ લોકપ્રિય બની રહે છે. કયું લોકગીત ક્યા કારણે લોકહૈયે વસી જાય એના કોઈ માપદંડ નથી, છતાં પાતળી શક્યતા એ છે કે જે લોકગીતના ઢાળ ગીરની કેસર કેરી, ઉના-કોડીનાર અને સુરત-વલસાડ પંથકની શેરડીના રસ જેવા મધુરા હોય અને આવાં ગીતો વારંવાર લોકવચાળે ગવાતાં રહે તો લોકપ્રિયતાનાં શિખરે જઈ બેસે!

'મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે...?' આવું જ સુપ્રસિદ્ધ લોકગીત છે. ભાગ્યે જ કોઈ ગુજરાતી એવા હશે જેના કાને આ લોકગીત ના પડ્યું હોય! લોકગાયકો-ગાયિકાઓની અને સુજ્ઞ શ્રોતાઓની પેઢીઓ બદલાતી રહી છતાં આ લોકગીતના 'પ્રસિદ્ધિસાગર'માં કાયમ ભરતી જ આવતી રહી, ઓટ ક્યારેય ન આવી. આજના 'ઓનલાઈન' યુગની યંગ જનરેશને યુ-ટ્યુબમાં, લોકસંગીતના કાર્યક્રમોમાં, નવરાત્રિ કે અન્ય અવસરે રાસ-ગરબામાં આ લોકગીત સાંભળ્યું જ હશે.

લોકપ્રિયતામાં ગિરનાર કે અરવલ્લીના પર્વતની ટોચે બિરાજતા આ લોકગીત સાથે એવું બન્યું કે, આપણામાંથી કેટલાયે થોડા શબ્દો બદલીને તે ગાયું હોય એમ લાગે છે એટલે એનો મર્મ તારવવો મુશ્કેલ બન્યો. હા, મોટેભાગે આપણા સાંભળવામાં આવ્યું એ કાંઈક આવું છે-

"મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે?"

'કાં'ની જગ્યાએ 'ક્યાં' લગાડવાથી ગડમથલ થવાની જ કેમકે મુખડાના ઉપાડમાં 'મારે ટોડલે બેઠો' એવું સ્પષ્ટ કહી દીધું છે એટલે ક્યાં બોલે એ સવાલ જ નથી રહેતો.

લોકજીવનમાં રૂપાળા-મધમીઠી બોલીવાળા મોરલાનું અનેરું મહાત્મ્ય છે. મોરલો ઘરને ટોડલે તો બેઠો જ છે, બીજે ક્યાં ક્યાં બેઠો છે? તો અંતરામાં ગવાયું છે કે મારે કમખે બેઠો, મારે કડલે બેઠો, મારી ટીલીએ બેઠો, મારે હારલે બેઠો.... મહિલાઓનાં વસ્ત્રો અને આભૂષણોમાં ચિતરેલા, આળખેલા, કંડારેલા મોર જાણે કે ગહેકી ઉઠ્યા છે, ટોડલે બેઠેલા મોરની જેમ જ... એટલે તો ચૂંદડી, કાંબિયું, નથડી, હાંસડી લેરાલેર થઈ રહી છે, ઝૂમી ઉઠી છે.

મોરલાના ગુણગાન ગાતા આ લોકગીતમાં 'જનાવર જીવતાં ઝાલ્યાં' જેવો શબ્દસમૂહ આવ્યો-આનો અર્થ શું? ગુજરાતમાં સાપ માટે 'જનાવર' શબ્દનો વ્યાપક પ્રયોગ થાય છે. કોઈના ઘરમાં સાપ આવી ચડે તો જનાવર નીકળ્યું એમ કહે. એમ તો ગીર પંથકમાં સિંહને પણ સ્થાનિકો જનાવર કહે છે પણ એ શબ્દપ્રયોગ ગીર પંથક પૂરતો સીમિત છે. પર્યાવરણવિદોના મતાનુસાર મોર અને સાપને ખાનદાની દુશ્મની હોય છે. સાપના બચ્ચાને જુએ એટલે ચાંચમાં પકડી લે ને પછી મારી ખાય એ મોરની પ્રકૃતિ છે. એ વાતનો અહીં 'જનાવર જીવતાં ઝાલ્યાં રે..' તરીકે ઉલ્લેખ કરાયો છે.

લોકગીતોમાં મોર અવારનવાર 'ટહુકતો' રહ્યો છે. આપણાં લગ્નગીતોમાં તો વરને મોરની ઉપમા અપાઈ છે.

આજ રે સ્વપનામાં મેં તો
ડોલતો ડુંગર દીઠો જો

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહીં દૂધના વાટકા રે સાહેલી મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,
ઢીંગલા ને પોતિયાં રે સાહેલી મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે સહેલી મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે સહેલી મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોર્યું રે સાહેલી મારા સ્વપનામાં રે.

ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના'તા'તાં રે.

ઘમ્મર વલોણું ઈ તો અમારો જેઠ જો,
દહીં દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે.

લવિંગ લાકડી ઈ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે.

જટાળો જોગી ઈ તો અમારો નણદોઈ જો,
સોનાની થાળીએ રે નણદી મારાં ખાતાં'તાં રે.
પારસપીપળો ઈ તો અમારો ગોર જો,
તુળસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં'તાં રે.

ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયાંની ફોર્યું સાહેલી મારી ચૂંદડીમાં રે.

આજે 'નાનું કુટુંબ સુખી કુટુંબ' અને 'ઘરમાં અમે બે, હું અને મારા એ' એવી વિભક્ત પરિવારની મનોવૃત્તિથી પરિવારો 'ન્યુક્લીયર' થઈ ગયા છે પણ અગાઉ કુટુંબ એટલે ડઝન-દોઢ ડઝન સ્વજનોનો સમૂહ. ત્રણ-ચાર પેઢી સાથે રહેતી હોય છતાં કોઈને મનદુઃખ ન હોય, સૌ સુખી હોય, શિશુઓ ક્યારે મોટાં થઈ જાય, ભણી-ગણી લે, પરણી જાય એ ખબર પણ ન પડતી કેમકે કામકાજ અને સુખદુઃખની સરખા ભાગે વહેંચણી થઈ જતી. કોઈને એકલાપણું ન લાગતું, ઘર જાણે કે મેળો ! જીવનના પથ પર સ્વજનો જ સાચા સંગાથી બને તો મંઝીલ ક્યારે આવી જાય એ ખબર ન પડે-એવું જ જીવ્યા હતા આપણા પૂર્વજો.

'આજ રે સ્વપનામાં મેં તો...' એવી મુગ્ધાનું લોકગીત છે જેનું સગપણ થયું, લગ્નની તિથિ નજીક આવી, લગ્ન લખાયું, મંગળ ગીતો ગવાવાં લાગ્યાં ને હંસલી જેવી આ ભોળુડીએ સ્વપ્નસૃષ્ટિમાં રાચવાનું શરૂ કર્યું. સપનામાં એને ડોલતો ડુંગર દેખાયો, એમાંથી અસ્ખલિત વહેતી નદી જોઈ; એ કુંવારિકા કહે છે કે ડોલતો ડુંગર બીજું કોઈ નહીં પણ મારા સસરાજી હતા ને ખળખળ વહેતી નદી એટલે સાસુમા ! ડુંગર તો સ્થિર હોય છતાં અહીં સસરાને 'ડોલતો ડુંગર' કેમ કહ્યા? કારણ કે ઘરના વડીલ જડ નહીં, સ્થિતિસ્થાપક હોવા જોઈએ તો જ એ પરિવારના દરેક સભ્યની દેખભાળ રાખી શકે, સૌને ન્યાય આપી શકે. સાસુ એટલે વહુનું પ્રેરણાસ્રોત, એના હૈયેથી હેત ખળખળ વહેતું હોય તો ઘર બને સ્વર્ગ.

પરિવારનો મોટો પુત્ર એટલે કે જેઠ ઘરનો આધાર સ્તંભ, પરિવારનું પાલન પોષણ કરનાર, એને વલોણાની ઉપમા દીધી તો જેઠાણીને દૂધ-દહીંવાળું ભાણું જમતાં બતાવાયાં છે. ભાભીની મશ્કરી કરનાર, ખીજવનાર દિયરને લવિંગ જેવો તીખો અને દેરાણીને ઢીંગલે પોતિયે રમતી બાલિકા ગણાવી. જે તે સમયે થતાં બાળલગ્નો તરફ અહીં ઈશારો થયો હોવાનું સમજાય છે.

પરિવારના જમાઈની મશ્કરી કરવાનો વણલખ્યો રિવાજ છે. અહીં પણ નણદોયાને 'જટાળો જોગી' કહ્યો છે, એ મસ્ત ફકિર અહીં તહીં ફર્યા કરે છે, દેશાટન કરે છે તો નણંદના અનન્ય સુખની કલ્પના કરી છે, એ સોનાની થાળીમાં ભોજન લે એટલી સાહ્યબી ધરાવે છે.

ગામડાંમાં પરિવાર એટલે માત્ર પોતાના ઘરના માણસો જ નહીં, ગાય, ભેંસ, બળદ જેવાં પશુઓ, આડોશી-પાડોશી, જેની સાથે વ્યવહાર હોય એવાં કુટુંબો ઉપરાંત ગામના પંડિતજી, રામમંદિરના પૂજારી-સાધુ મહારાજ, સુથાર, લુહાર, કુંભાર, વાળંદ, ઘંટીવાળા-જેની રોજીંદા જીવનમાં જરૂર પડે એ બધાય! આ લોકગીતમાં ગામના બ્રાહ્મણને-કૂળગોરને પારસ પીપળા જેવા કહ્યા છે. યજમાનોનું કાયમ હિત ઈચ્છતા ગોરબાપાની અને ગોરાણીમાની પવિત્રતાને મુગ્ધાએ પીપળા અને તુલસીની ઉપમા આપી છે.

છેલ્લે, મનમોહક સુવાસિત ગુલાબનું ફુલ સંભારી ને તેને પોતાના પતિ સાથે સરખાવે છે. જેની સાથે જિંદગી જીવવી છે એ પુરૂષ રંગેરૂપે સોહામણો હોય એ પુરતું નથી, સ્વભાવે પણ મઘમઘતો હોય એ જરૂરી છે તો જ પોતાની 'જીવનચૂંદડી' ફૂલોની ફોરમથી આજીવન સુવાસિત રહે.

મસ્ત ઢાળને લીધે તરત જ યાદ રહી જાય એવા આ લોકપ્રિય લોકગીતને ગુજરાતીઓએ દિલથી ચાહ્યું છે. આવાં લોકગીતો આપણા લોકસંગીતની અમીરાત છે.

ઓત્તર જાજો, દખ્ખણ જાજો

ઓત્તર જાજો, દખ્ખણ જાજો,
જાજો દરિયાપાર;
મોતીહરને મેળે જાજો,
લાવજો ઝીણી ઝેર,
ઝીણા મારુજી હો ઝીણા મારુજી.

ફેરાં શાં કડલાં રે પે'રી શું કરું?
ભારે ઘડાવો મારા પગે ઝોલાં ખાય
ઝીણા મારુજી હો ઝીણા મારુજી
ઓત્તર જાજો...

ફેરો શો ચૂડલો રે પે'રી શું કરું?
ભારે ઘડાવો મારા હાથે ઝોલાં ખાય
ઝીણા મારુજી હો ઝીણા મારુજી
ઓત્તર જાજો...

ફેરી શી હાંસડી રે પે'રી શું કરું?
ભારે ઘડાવો મારી કોટે ઝોલાં ખાય
ઝીણા મારુજી હો ઝીણા મારુજી
ઓત્તર જાજો...

ફેરી શી નથણી રે પે'રી શું કરું?
ભારે ઘડાવો મારા નાકે ઝોલાં ખાય
ઝીણા મારુજી હો ઝીણા મારુજી
ઓત્તર જાજો...

સોના-ચાંદી, હીરા-માણેકનાં આભૂષણો વનિતાઓને બહુ વ્હાલાં હોય. ઘરેણાં પ્રત્યેનો લગાવ સ્ત્રીઓમાં વંશપરંપરાગત હોય છે. દાગીના ઓછા હોય તો વધુ ઘડાવવા, ઝાઝા હોય તોય નવા નવા જોઈએ ને ફોરા કે હલકા હોય તો ભારે જોઈએ...! પતિ-પત્ની વચ્ચેના કોઈપણ મનદુઃખ, નારાજગી, અબોલાંનું સમાધાન સાવ સરળ હતું - દાગીના! પુરુષ અલંકાર લઈ આવે એટલે અર્ધાંગિની રાજી...રાજી...જો કે ત્યારે પતિ-પત્ની વચ્ચે કજિયાનાં કારણો અલગ હતાં. આજની જેમ ફેસબૂકિયાં, વ્હોટ્સએપિયાં કારણો ન્હોતાં!

'ઓત્તર જાજો, દખ્ખણ જાજો...' ગુજરાતી લોકગીતોના ગજરાનું એવું ફૂલ છે જે અહર્નિશ મઘમઘતું હોય. એનો ઢાળ અફલાતૂન છે. માત્ર મુખડું સંભાળીએ ત્યાં જ મન અને મુખેથી વાહવાહી નીકળી જાય; અંતરાનું કમ્પોઝિશન પણ કમાલનું છે. સંગીતનો 'સ' ન જાણનારા લોકોએ કેવા ઢાળ રચ્યા છે, જાણે ગાંડી ગીરના જંગલમાં જામેલા મધપૂડામાંથી નીચોવેલાં મધમાં લોકગીતને ઝબોળીને લોક વચાળે-ચોક વચાળે મુક્યું હોય!

સમજવામાં સાવ સહેલું આ લોકગીત નાયિકાપ્રધાન છે. કામિની કહે છે કે, હે ઝીણા મારુ, અર્થાત્ મારા પાતળિયા પ્રિયતમ! તમે ઉત્તર દિશામાં જાવ કે દક્ષિણમાં, દેશમાં ન મળે તો દરિયાપાર જાવ, ત્યાં પણ ન મળે તો અંતે મોતીહરના મેળામાં આંટો મારી આવજો પણ મારા માટે 'ઝીણી ઝેર' એટલે કે નાજુક ઝાંઝર જરૂર લેતા આવજો.

ગમ્મતે ચડેલી વામાની અન્ય માગણી એ પણ છે કે મારાં કડલાં, ચૂડલો, હાંસડી, નથણી જેવાં આભૂષણો સાવ ફોરાં-હલકાં છે, આવાં ઘરેણાં પહેરવાની મજા નથી આવતી, તમે આ બધાં ઘરેણાં નવેસરથી ઘડાવીદો ને એ પણ ભારે - વધુ સોનાવાળાં! અલંકારો ભારે હોય તો અંગો પર ઓપે, ઝોલે ચડે, કાંઈક પહેર્યાનો અહેસાસ થાય.

શૃંગાર રસથી ભરપુર આ લોકગીતનું પણ પાઠાંતર થયાનું માલુમ પડે છે કેમકે કેટલાક લોકગાયકો-ગાયિકાઓ વધારાનો એક અંતરો આ મુજબ પણ ગાતા-

સાકરિયાં દૂધડાં રે ભગરી ભેંસ્યુંના
દૂધ પીશે રે મારો માડીજાયો વીર
ઝીણા મારુજી હો ઝીણા મારુજી.

લોકગીતમાં આ અંતરો યથાર્થ લાગતો નથી કારણ કે ચાર અંતરામાં ઘરેણાંની વાત છે પછી અચાનક જ ભગરી ભેંસ અને માડીજાયો વીર વચ્ચે આવી ગયા એ બહુ જામતું નથી, ગળે ઉતરતું નથી, રસભંગ થતો હોવાની અનુભૂતિ થાય છે જોકે આપણે ત્યાં બાર ગાઉએ બોલી બદલાતી હોય તો આ તો લોકગીત છે...!

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
કે ઝીણા ઝરમર વરસે મેઘ
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !
ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે,
કે ભીંજાય હાથીનો બેસતાલ સૂબો
ગુલાબી ! કેમ જાશો ચાકરી રે !
આભમાં...
ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે
કે ભીંજાય મેડીની બેસતલ રાણી
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !
આભમાં...
તમને વા'લી દરબારી ચાકરી રે
કે અમને વા'લો તમારો જીવ
ગુલાબી ! નહી જાવા દઉં ચાકરી રે !
આભમાં...

ચાકરીએ જનારા પુરૂષની પત્ની બારેય મહિના ચિંતા કરતી રહે પણ ચોમાસાના ચાર માસ એ વધુ ચિંતિત બને છે કેમકે ટાઢ-તડકા કરતાં વરસાદમાં વધુ સલામતી રાખવી પડે. અષાઢે હેલી જામે, અંબર અનરાધાર વરસ્યા કરે, વીજળી નભથી ધરાની સફર કરતી હોય, હજારો ઐરાવત ગર્જના કરતા હોય એમ વાદળાં ગાજે ત્યારે દરેક પત્ની એમ જ ઈચ્છતી હોય કે પોતાનો પતિ ઘેર હોય, પોતાની સન્મુખ હોય.

દેખીતી રીતે આ ઋતુગીત છે પણ એમાં સંભવિત વિરહની વેદના વ્યક્ત થઇ છે. આવી ઋતુમાં પતિ ચાકરીએ જાય એ પત્ની માટે અસહ્ય બની જાય છે. પુરુષને ચાકરીએ જવું પડે એમાં થોડું ચાલે? પત્ની પણ જાણતી હોય કે પતિને જવું પડે એમ છે છતાં એનું મન નથી માનતું. ઝીણો ઝરમર વરસાદ વરસતો હોય, ઝીણી ઝીણી વીજળી થતી હોય ત્યારે પતિનું દિવસો સુધી ઘર બહાર રહેવું પત્ની માટે ચિંતાનો વિષય હોય છે એટલે જ એ પતિના ગમન અંગે રાજી નથી.

લોકગીતોમાં સ્ત્રી પુરુષના મનોભાવો પ્રતિબિંબિત થાય છે. જે તે વખતનું લોકજીવન, લોકવ્યવહાર, સભ્યતા, સંસ્કારિતા, અસ્મિતા વગેરે લોકગીતોમાં છલકાતાં જોવા મળે છે. પતિ આવી ઋતુમાં જાય એમાં પત્ની રાજી નથી છતાં પતિને આગ્રહ કે આદેશની ભાષામાં તે ના પાડી શકતી નથી એટલે પોતાની નારાજગી 'કેમ કરી જાશો ચાકરી?' એવા પ્રશ્ન સાથે વ્યક્ત કરે છે.

લોકગીતનો અંતિમ અંતરો કમાલનો છે. નાયિકા અત્યાર સુધી આવા વાતાવરણમાં તમે કેમ જઈ શકશો? એવો સવાલ ઉઠાવી રહી છે પણ છેલ્લે સાફ સાફ બોલી જાય છે કે તમે મને કેટલા વ્હાલા છો એ તમને કેમ સમજાવું? તમને ચાકરી વહાલી છે પણ મને તમારો જીવ...

'આભમાં ઝીણી ઝબુકે વીજળી રે...' વર્ષોથી ગુજરાતીઓના કાનમાં ગૂંજતું રહ્યું છે અને યુગપર્યંત ગૂંજતું રહેશે. દરેક પેઢીના લોકગાયકો-ગાયિકાઓએ આ ગીતને ચાહ્યું છે અને ગરવા ગુજરાતીઓએ તેને હૈયા સરસું ચાંપ્યું છે...!

ઊની ઊની દાળ મારી ચડતી ગલાલી

ઊની ઊની દાળ મારી ચડતી ગલાલી,
શોકડીએ સાયબાને ઘેર્યો ગલાલી !

મારા તે સાયબાની મોજડી ગલાલી,
તારી ઓસરીએ ક્યાંથી ગલાલી !

મારા તે સાયબાનો રેંટો ગલાલી,
તારે તે ઢોલીએ ક્યાંથી ગલાલી !

મારા તે સાયબાની વીંટી ગલાલી,
તારી આંગળીએ ક્યાંથી ગલાલી !

મારા તે સાયબાની પોંચી ગલાલી,
તારા તે હાથમાં ક્યાંથી ગલાલી !

પતિના રંગીનમિજાજીપણા અને ચારિત્ર્યશિથિલતાની આડપેદાશ એટલે શોક્ય કે સૌતન! આ સમસ્યા નવી નથી, આગેસે ચલી આતી હે... આજે એની ટકાવારી વધી હોય એવું બનવાજોગ છે. કેટલાંય ગુજરાતી લોકગીતોમાં શોક્યનો નિર્દેશ છે.

'ઉની ઉની દાળ મારી ચડતી ગલાલી...' લોકગીતમાં એક પત્નીની વિચિત્ર વેદના વ્યક્ત થઈ છે. પત્ની અચાનક જ અન્ય સ્ત્રીને ઘેર જઈ ચડી તો ત્યાં પોતાના પતિની મોજડી જુએ છે. પેલી સ્ત્રીને પૂછે છે કે મારા પતિની મોજડી તારી ઓસરીએ કેમ પડી છે? રેટો અર્થાત નાની પાઘડી તારા ઢોલિયે ક્યાંથી? ઉપરાંત પતિની વીંટી, પોંચી જેવા સુવર્ણ અલંકારો એ સ્ત્રીએ ધારણ કર્યા છે એટલે પત્નીની શંકા દ્રઢ થઈ ગઈ કે આ સ્ત્રી પોતાની 'શોકડી' છે અને એણે જ પતિને વશ કરી લીધો છે.

આજના યુગમાં લીવ ઈન રીલેશનશિપની બોલબાલા છે. પતિના રંગીલાપણાથી વ્યથિત નારીની અવદશા એ કાળમાં અને આજના સમયમાં સરખી રહી જ છે. સમય બદલાયો, સંબંધોનાં નામ બદલાયાં, સ્ત્રીઓ સામેના પડકારો બદલાતા રહ્યા. પત્ની તો એ જમાનામાંય પિસાતી હતી અને આજેય ક્યાંક પિસાય છે. આવા કિસ્સામાં એક સ્ત્રીની મનોવ્યથા માટે બીજી સ્ત્રી જવાબદાર બનતી હોય છે. પત્નીઓની મનોવૃત્તિ પણ એવી કે એ પોતાના પતિને દોષિત ગણવાને બદલે શૌક્યને ભાંડે છે!

આવાં ઉપદેશક લોકગીતો દ્વારા સમાજને સંદેશો આપી કુટુંબોને વેરવિખેર થતાં બચાવી શકાય અથવા તૂટેલા પરિવારોને પુનઃ જોડી શકાય પણ કમનસીબે આવાં લોકગીતો ભાગ્યે જ ગવાય છે. ગાનારને ડર છે કે નવાં ગીતોનો પ્રયોગ કરીએ અને શ્રોતાઓ ન સ્વીકારે તો? એટલે ગણ્યાં ગાંઠ્યાં હીટ લીકગીતો જ ગવાતાં - સંભાળાતાં રહે છે. અપ્રચલિત છતાં ઉપકારક લોકગીતો ગવાતાં થાય અને શ્રોતાઓ નવું નવું સ્વીકારતા થાય તો આપણા અખૂટ, અતળ લોકગીત વૈભવનો આપણને ખરા અર્થમાં પરિચય થશે.

હે ઓલ્યા કાના રે!
આવો તે કાળો કેમ થયો?

હે ઓલ્યા કાના રે! આવો તે કાળો કેમ થયો?
હે ગોરી રાધા રે! રૂપનાં અભિમાન શું રે કરો!

અમે નાના હતા, ગાય ચારવા જાતા,
હે ગોરી રાધા રે! સૂરજના તાપે અમે કાળા થયા...

હે ઓલ્યા કાના રે! આવો તે કાળો કેમ થયો?

હે ગોરી રાધા રે! રૂપનાં અભિમાન શું રે કરો!
અમે નાના હતા, નાગ નાથવા ગ્યા'તા,
ગોરી રાધા રે! નાગના ફૂંફાડે અમે કાળા થયા...
હે ઓલ્યા કાના રે! આવો તે કાળો કેમ થયો?

હે ગોરી રાધા રે! રૂપનાં અભિમાન શું રે કરો!
અમે નાના હતા, ગાય દો'વા ગ્યા'તા,
હે ગોરી રાધા રે! દૂધની વરાળે અમે કાળા થયા.

‘હે ઓલ્યા કાના રે! આવો તે કાળો કેમ થયો...?’ અપ્રચલિત પણ સાકર જેવું મધુરું, દાદીમાની વાર્તા જેવું-સાંભળ્યા જ કરવાની તમન્ના થાય એવું કૃષ્ણગીત છે.

કૃષ્ણપ્રીતિમાં આકંઠ ડૂબેલાં રાધાજી સીધું જ પૂછી બેઠાં કે હે ગિરિરાજધરણ! તમે શ્યામવર્ણના કેમ છો? આ પ્રશ્ન એવો છે કે એનો કોઈ નક્કર ઉત્તર જ ન હોય, કેમકે દરેક વ્યક્તિ આનુવાંશિક કારણોસર કાળી-ધોળી, ઉંચી-નીચી, જાડી-પાતળી હોય છે. પોતાના કૂળ અને મોસાળનાં મૂળ મુજબ આપણો બાંધો-વાન નિર્ધારિત થાય છે; ટૂંકમાં આ આખો ડીએનએનો વિષય છે.

જે જગતનો મહાન રાજનીતિજ્ઞ છે, અતુલ્ય તત્વચિંતક છે, સર્વ ક્રિયાઓનો કર્તા છતાં અકર્તા ભાવ પ્રગટ કરે એવો કુનેહબાજ છે એ કનૈયો રાધાના સવાલનો જવાબ આપ્યા વિના રહે ખરો? એણે રંગભીની રાધિકાને કહ્યું કે હે ગોરી રાધા! મારા જીવનમાં ત્રણ ઘટના એવી બની કે હું કાળો થયો, નહીંતર તમારા કરતાંય ગોરો હોત!

એક તો હું રોજ ગાયો ચરાવવા જતો એટલે તડકો બહુ વેઠ્યો એમાં ચામડી કાળી પડી ગઈ. બીજું, નાનો હતો ત્યારે કાલીન્દ્રીને કાંઠે ગેડી દડે રમતાં મારાથી દડો નદીમાં ગયો ને ત્યાં કાળી નાગને નાથવો પડ્યો. એના ઝેરી ફૂંફાડાને લીધે મારો ગોરો રંગ કાળાશમાં ફેરવાઈ ગયો અને ત્રીજું, મારી પ્રિય ધેનુઓને સવાર-સાંજ હું જ દોહતો એટલે દૂધની વરાળથી મારો વર્ણ શ્યામ થઇ ગયો...! આવાં ત્રણ કારણો આપીને કૃષ્ણએ રાધાને અનુત્તર કરી દીધાં!

પુરૂષોત્તમ કે શ્રાવણ માસ દરમિયાન સૌરાષ્ટ્રનાં ગામડાંની બહેનો પૂજન કરતી વેળા કે રાસગરબામાં આ લોકગીત ગાતી.

હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ!

હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ!
શેઠ કાસમ તારી વીજળી રે સમદરિયે વેરણ થઈ!
ભુજ અંજારથી જાનું રે જૂતી, જાય છે મુંબઈ શે'ર,
દેશ પરદેશી માનવી આવ્યા, જાય છે મુંબઈ શે'ર
...કાસમ તારી૦

દસ બજે તો ટિકટું લીધી, જાય છે મુંબઈ શે'ર,
તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર
...કાસમ તારી૦

ચૌદ વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંનો નૈં પાર,
અગિયાર બજે આગબોટ હાંકી, જાય છે મુંબઈ શે'ર
...કાસમ તારી૦

બાર બજે તો બરોબર ચડિયાં, જાય છે મુંબઈ શે'ર,
ઓતર દખણના વાયરા વાયા, દરિયે ડોલ્યાં વા'ણ
...કાસમ તારી૦

મોટા સાહેબની આગબોટું મળીઉં, વીજને પાછી વાળ્ય,
જહાજ તું તારું પાછું વાળ્યે, રોગ તડાકો થાય
...કાસમ તારી૦

પાછી વાળું મારી ભોમકા લાજે !, અલ્લા માથે એમાન,
આગ ઓલાણીને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય
...કાસમ તારી૦

મધ દરિયામાં મામલા મચે, વીજળી વેરણ થાય,
ચહમાં માંડીને માલમી જોવે, પાણીનો ના'વે પાર
...કાસમ તારી૦

કાચને કુંપે કાગદ લખે,મોકલે મુંબઈ શે'ર,
હિન્દુ મુસલમીન માનતા માને, પાંચમે ભાગે રાજ
...કાસમ તારી૦

પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર,
ફટ ભૂંડી તું વીજળી ! મારાં, તેરસો માણસ જાય
...કાસમ તારી૦

વીજળી કે' મારો વાંક નૈ વીરા, લખિયલ છઠ્ઠીના લેખ
તેરસો માણસ સામટા બૂડ્યાં, બૂડ્યા કેસરિયા વર
...કાસમ તારી૦.

ચૂડીએ કોઠે દીવા જલે ને, જુએ જાનું કેરી વાટ,
મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેંચાય ખાંડ
...કાસમ તારી૦.

ઢોલ ત્રંબાળુ ધ્રૂસકે વાગે, જુએ જાનુંની વાટ,
સોળસેં કન્યા ડુંગરે ચડી, જુએ જાનુંની વાટ
...કાસમ તારી૦.

દેશદેશથી તાર વછૂટ્યા, વીજળી બૂડી જાય,
વાણિયા વાંચે ને ભાટિયા વાંચે, ઘર ઘર રોણાં થાય
...કાસમ તારી૦.

પીઠી ભરી તો લાડડી રુએ, માંડવે ઊઠી આગ,
સગું રુએ એનું સાગવી રુએ, બેની રુએ બાર માસ
...કાસમ તારી૦.

મોટા સાહેબે આગબોટું હાંકી, પાણીનો ના'વે પાર,
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર
...કાસમ તારી૦.

સા'બ મઢયમ બે દરિયો ડોળે, પાણીનો ના'વે તાગ
...કાસમ તારી૦.

'હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ...' કચ્છથી મુંબઈ જતા મુસાફર જહાજની જળસમાધીની સત્ય ઘટના બયાન કરતું લોકગીત છે. મુંબઈમાં તેર-તેર કન્યાઓ વાટ જુએ છે મીંઢળબંધા વરરાજાઓની... માંડવા રોપાઈ-શણગારાઈ ગયા... લગ્નગીતો ગૂંજી રહ્યાં છે...ઢોલ-શરણાઈના તાલ-સૂરની સંગતથી વાતાવરણ સુરિલું બન્યું છે... રસોડાં ધમધમી ઉઠ્યાં.... જાન આવી કે આવશેના પડઘમ વાગે છે ત્યાં જ માઠા વાવડ આવ્યા કે કચ્છથી ૧૩ જાન લઈને મુંબઈ આવતી આગબોટ સૌરાષ્ટ્રના દરિયામાં ગરક થઈ ગઈ!

પછી તો પાનેતર પહેરેલી કન્યાઓએ કર્યો કાળો કલ્પાંત... એને માંડવા લાગ્યા મસાણ....ઢોલના શુકનવંતા 'ઢીમ...ઢીમ' ના સ્થાને છાતી કૂટવાનું અપશુકનિયાળ 'પબ...પબ' શરૂ થયું. મંગળિયાંને બદલે ગવાયાં મરશિયાં ને ૧૩૦૦ મુસાફરોના પરિજનો, સગાં-સ્નેહીઓની આંખોમાં ઉભરાયો સૌરાષ્ટ્રનો દરિયો....!

એ દિવસ હતો ૮, નવેમ્બર ૧૮૮૮ નો. એક કથાનુસાર કચ્છના માંડવી બંદરથી એક મુસાફર જહાજ ઉપડ્યું મુંબઈ ભણી, પોતાની ૧૧મી દરિયાઈ સફર ખેડવા. એનું મૂળ નામ એસ. એસ. વૈટરણા પણ ઉપનામ હતું 'વીજળી'. મુંબઈ સ્થિત એ.જે.શેફર્ડ એન્ડ કંપનીની માલિકીનું આ જહાજ સવારે ૭-૩૦ વાગ્યે ૧૩ કેસરિયા વરરાજા, ચહેરા પર સ્મિત છલકાવતા જાનૈયા, ગીતો ગાતી જાનડિયું, કેટલાક શેઠિયા-શાહુકારો, અમુક અંગ્રેજો અને મુંબઈ પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને બેસાડીને ઉપડ્યું. આ સ્ટીમ શિપ એટલે કે વરાળથી ચાલતા વહાણમાં ૭૪૦થી વધુ મુસાફરો માંડવીથી બેઠા હતા.

સ્થાનિક એજન્ટ હાજી કાસમનું 'વીજળી' માંડવીથી દ્વારકા, પોરબંદર, માંગરોળ, વેરાવળ, મહુવા, ભાવનગરના જળમાર્ગે સફર કરનારું હતું ત્યારે દરિયામાં તોફાન સર્જાયું. રસ્તામાં મુસાફરો ભરતાં ભરતાં 'વીજળી' સાંજે ૫-૩૦ વાગ્યે પોરબંદર પહોંચ્યું જ્યાંથી ૧૦૦ મુસાફરો લીધા ત્યારે હાજી કાસમે મુસાફરો બેસાડવા સામે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, દરિયો તોફાની છે ને વીજળી બારામાં આવી શકે તેમ નથી. પોરબંદરના તત્કાલીન એડમિનિસ્ટ્રેટર લેલીએ પણ દરિયાઈ તોફાનને પગલે 'વીજળી' પાછી વાળવા ભલામણ કરી હતી.

૧.૭૧ ફૂટ લાંબું, ૨૬.૫ મીટર પહોળું અને ૯.૯ ફૂટ ઉંડું 'વીજળી' રાત્રે દોઢેક વાગ્યે માંગરોળ નજીક દેખાયું હતું એ પછી એણે દરિયાના ઉંચા ઉંચા લોઢની થપાટો ખાઈને જળસમાધિ લઈ લીધી હોવાનું અનુમાન છે. 'વીજળી' સાથે ૧૩૦૦ મુસાફરો દરિયાદેવની ગોદમાં સમાઈ ગયા.આજ સુધી 'વીજળી'નો એક પણ અવશેષ મળ્યો નથી અર્થાત્ 'વીજળી' માત્ર કથા અને કથાગીત બની ગઈ!

'વીજળી' ની વિદાય પછી ૨૪ વર્ષે 'ટાઈટનિકે' જળસમાધિ લીધી. ૧૫ એપ્રિલ, ૧૯૧૨ના રોજ સાઉથમ્પ્ટનથી ન્યૂયોર્ક ૨૨૨૪ મુસાફરોને લઈ જતું ટાઈટેનિક નોર્થ એટલાંટિક સમુદ્રમાં ડૂબી જતાં ૧૫૦૦થી વધુ લોકો મોતને ભેટ્યા હતા તો ૭૦૦ જેટલા સદ્નસીબના જીવ બચી ગયા હતા. ટાઈટેનિક વિશે ખૂબ લખાયું, ચર્ચાયું, ફિલ્માવાયું-એટલે એ ઘટના વિશ્વપ્રસિદ્ધ થઈ ચૂકી છે, જ્યારે 'વીજળી'ની જેમ એના વિશેની વાતો પણ અરબી સમુદ્રમાં ગરક થઈ ગઈ એટલે આપણે એના વિશે ખાસ કાંઈ જાણતા નથી.

ગુજરાતી લોકગીતોમાં કરુણરસનાં અનેક ગીતો મળે છે. આ લોકગીત ગાનાર અને સાંભળનારને હિબકે ચડાવી દે એવું છે.

મારગ મેલીને પરમારગે નો જાયેં વાલા !

મારગ મેલીને પરમારગે નો જાયેં વાલા !
ઊભાં ગડગોચડાં ખાયેં પરાણિયા !
દીઠડે મારગ જાયેં...

ઊંડાં ઊંડાં જળની આળ્યું નો કરીએ વાલા !
કાંઠે બેસીને નાયેં રે પરાણિયા !
દીઠડે મારગ જાયેં...

પર રે અસતરીની આળ્યું નો કરીએ વાલા !
આળ્યું કરીએ તો ગાળ્યું ખાયેં રે પરાણિયા !
દીઠડે મારગ જાયેં...

ઊંચાં ઊંચાં ઝાડની આળ્યું નો કરીએ વાલા !
નીચાં પડ્યાં ફળ ખાયેં પરાણિયા !
દીઠડે મારગ જાયેં...

માનવનું મન ક્યારેય જંપતું નથી. હરદમ નવી નવી લાલસા કરતું જાય. જગતની તમામ સુખ-સુવિધાની કામના કરતું રહે પણ બધા ભોગ વિલાસથી થાકે ત્યારે આત્મકલ્યાણ બાજુ વળે, અર્થાત્ અર્થ અને કામથી અળગા થઈ ધર્મના માર્ગે મોક્ષ માટે પ્રયાસ કરે. ઘણીવાર એક ધર્મગ્રંથ બોધ ન આપી શકે એ એક કાવ્ય કે ગીત આપી જતું હોય, સહસ્ર પાનાંની નવલકથા ન શીખવી શકે એવી કોઈ વાત કોઈ હાઈકુ કે મુકતક શીખવી જાય અને કોઈ સંત, પ્રબુદ્ધજન કે મોટીવેશનલ સ્પીકર આપે એનાથી વધુ જ્ઞાન એક દુહા કે છંદમાંથી મળી જાય એવું બનવા જોગ છે. તરસ લાગી હોય ત્યારે દરિયો નકામો થઈ પડે, બે-ત્રણ ખોબા મીઠું પાણી જ ખપ લાગે. આપણાં અમુક લોકગીતો એટલે તરસ છિપાવતું મીઠું જળ!

'મારગ મેલીને પરમારગે નો જાયેં વાલા...' નાનકડું લોકગીત છે. ત્રણ અંતરાનું આ જ્ઞાનગીત જીવનમાં ઉતારનાર સામાન્યજનને સંતની હરોળમાં મુકી દેવાની ક્ષમતા ધરાવે છે. 'પરાણિયા' એટલે કે હે પ્રાણિયા! હે જીવ! જો તું મૂળ રસ્તો છોડીને, તારે જે દિશામાં જવાનું છે એ સાચો માર્ગ મુકી ને પરમારગે, અવળે પાટે ચડીશ તો મંઝીલ તો દૂરની વાત છે, ઉલટું ગોથાં ખાવાનો વારો આવશે, માટે જે પથ તારા માટે યોગ્ય છે એના પર જ ચાલ એવી શીખામણ આપે છે.

સ્નાન કરવા માટે ઉંડા ઘૂનામાં ધૂબાકો દેવાની જરૂર નથી, કાંઠે બેસીને પણ નાહી શકાય. બહુ ઉંડે સુધી જનારને રત્નો મળશે કે શંખલા-છિપલાં એ પણ નક્કી નથી રહેતું માટે સંતોષમાં જ પરમસુખ છે એ વાત અહીં સહજરીતે સમજાવી છે.

ભારતીય સભ્યતા અને સંસ્કૃતિમાં ચારિત્ર્યને અવ્વલ સ્થાન અપાયું છે. જે શીલવિહીન છે એને સમાજ નથી સ્વીકારતો માટે પરસ્ત્રી ત્યાગ કરવો એવી મહામૂલી શીખ અહીં 'આપ્યું કરીએ તો ગાપ્યું ખાઈએં' જેવી પ્રચલિત લોકઢબે આપી છે.

છેલ્લે, ફળ માટે ઉંચા ઝાડે ચડવાને બદલે જમીન પર પડ્યાં હોય, સહજ પ્રાપ્ય હોય એવાં ફળ ખાવાની ભલામણ કરવામાં આવી છે. તાડ કરતાં તરબૂચનો વેલો વધુ ઉપયોગી બને છે.

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા,
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં વાલમિયા.

પગ પરમાણે રે કડલાં સોઈ વાલમિયા,
કાંબીઉંની બબ્બે તારે જોડય, રંગમાં રોળ્યાં વાલમિયા.

હાથ પરમાણે રે ચૂડલા સોઈ વાલમિયા,
ગૂજરીની બબ્બે તારે જોડય, રંગમાં રોળ્યાં વાલમિયા.

ડોક પરમાણે રે ઝરમર સોઈ વાલમિયા,
તુળસીની બબ્બે તારે જોડય, રંગમાં રોળ્યાં વાલમિયા.

કાન પરમાણે રે ઠોળિયાં સોઈ વાલમિયા,
વેળિયાંની બબ્બે તારે જોડય, રંગમાં રોળ્યાં વાલમિયા.

નાક પરમાણે રે નથડી સોઈ વાલમિયા,
ટીલડીની બબ્બે તારે જોડય, રંગમાં રોળ્યાં વાલમિયા.

ગરવી ગુજરાતી ભાષા પાસે એકએકથી વધે એવાં લોકગીતો છે. આટલાં ગીતો કોણે રચ્યાં? ક્યારે રચાયાં? એનો સાવ સાચો ઉત્તર આપણી પાસે નથી પણ એટલું નક્કી કે કોઈ એકલદોકલ વ્યક્તિઓએ રચ્યાં હોય પણ પછી એ જનસમૂહનાં બની ગયાં હોય. કોઈની વૈયક્તિક બાબત જયારે જનસર્વની બની જાય ત્યારે એ લોકસાહિત્ય-લોકસંગીતમાં રૂપાંતરિત થઇ જાય છે. સદીઓ જૂનાં લોકગીતો આજેય એટલાં જ પ્રસ્તુત છે એનું ખરું કારણ એ જ છે કે એ આપણું સહિયારું ગાણું છે, એમાં કોઈ ત્રાહિતની નહીં, આપણી જ વાત હોય એવું લાગ્યા કરે છે એ જ એની સિદ્ધિ છે.

'સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા...' શૃંગાર રસનું ઉત્તમોત્તમ અતિ લોકપ્રિય લોકગીત છે. આહા! રંગોનું સૌંદર્ય કેવું કલ્પ્યું છે...! સોનાની વાટકડીમાં મહામૂલું મઘમઘતું કેસર ઘૂંટતાં કેવો રંગ સર્જાય ...! એમાંય પ્રકૃતિના લીલાછમ્મ રંગ સાથે એનું મિશ્રણ કરીએ તો જાણે મેઘધનુષના રંગો રેલાય...!

નાયિકા માગણી મુકે છે કે, મને હાથ, પગ, ડોક, કાન, નાકનાં ઘરેણાં ઘડાવી દો પણ મસ્તીએ ચડેલો નાયક કહે છે કે તું માગે છે એના કરતાંય વધુ ઘરેણાં તારી પાસે છે જ. આમ, કોઈ કાળમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે ઘરેણાં મુદ્દે થયેલી મીઠી વડછડ સર્વકાલીન, સહિયારી બની ગઈ એટલે એ લોકગીતરૂપે અમર બની ગઈ. વળી, આ વડછડમાં એકેયપક્ષે ધિક્કાર કે નારાજગી નથી, બસ પ્રેમ જ પ્રેમ છલકે છે.

આપણાં દાદીમા-નાનીમા આ લોકગીતો ગાતાં, એનાં દાદીમા-નાનીમાની આ ગીતોનાં સર્જનમાં ક્યાંક ભૂમિકા હશે એટલે આ લોકગીતો આપણા ડીએનએમાં છે, નહીંતર આજે રોક, પોપ, જાઝ, ફ્યુઝન મ્યુઝિકના જમાનામાં સૈકાઓ જૂનાં આ ગીતડાં કોણ ગાય? કોણ સાંભળે?

આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ

આવડા મદિરમાં હું તો એકલી રે લોલ
કેમ કરી મારા દખના દા'ડા જાય રે
પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ

તમારે પરમાર્ય સૈયર સામટી રે લોલ
રે'જો તમે રાજ કેરી રીત જો
પંડડા રે'શે તો પાછા પૂગશું રે લોલ
આવડા મંદિરમાં ......

તમારે પરમાર્ય સૈયર સામટી રે લોલ
રે'જો તમે વહુવારૂની રીત જો
પંડડા રે'શે તો પાછા પૂગશું રે લોલ
આવડા મંદિરમાં ...

ભાયાત પરિવારને સંદેશો મળે છે કે યુધ્ધ થવાનું છે એટલે કુટુંબમાંથી એક પુરુષને ચાકરી માટે મોકલવો. પિતા-પુત્રો વચ્ચે ચર્ચા થયા પછી વચલો દીકરો ચાકરીએ જાય એવું નક્કી થયું એટલે એ પુરુષ પોતાના ઓરડામાં ગયો અને પત્નીને જાણ કરી કે પોતે અત્યારે જ ચાકરીએ જઈ રહ્યો છે. પતિ દિવસો કે મહિનાઓ સુધી પોતાનાથી દૂર રહેવાનો હોય એ વાત કઇ પત્નીને ગમે? આ તો યુધ્ધે ચડવાનું હતું, ભલે યુદ્ધની બીક ન હોય પણ વિરહની વેદના કેમ સહેવી? એટલે જ કદાચ એ પતિની ફરજ સમી ચાકરીને 'વેરણ' માને છે.

લોકગીતનો ઉપાડ નાયિકા દ્વારા થયો છે. પ્રારંભે જ 'આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ' એમ ગાયું ત્યારે સવાલ એ છે કે નાયિકાએ પોતાના ઘર માટે 'મંદિર' શબ્દ કેમ પ્રયોજ્યો હશે? એક અર્થ એવો કરી શકાય કે વહુ માટે સાસરિયું મંદિર સમાન હોય છે. બીજો અર્થ એમ પણ થાય કે જ્યાં સ્ત્રીનો વાસ હોય એ ઘર નથી રહેતું પણ મંદિર બની જાય છે!

પતિ ચાકરીએ જાય છે એનો અહીં બિલકુલ વિરોધ નથી. પત્નીને ખબર છે કે પતિની કર્મશીલતામાં જ પરિવારનું શ્રેય છે.પતિ ભલે જાય પણ પોતે એકલી થઈ જશે એનું શું? એવી ચિંતા એને કોરી ખાવા લાગી છે ત્યારે ફરી પાછો એ મુદ્દો આવ્યો કે આ બાઈ 'એકલી' ક્યાં છે? ઘરમાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી, નણંદ, ભૂલકાં-બપાં જ છે પછી એકલી હોવાનો સવાલ જ ક્યાં આવ્યો? એની વાત સાવ સાચી છે, જેનો પતિ દૂર વસતો હોય એવી પત્ની મેળા વચ્ચે પણ એકલતાનો અહેસાસ કરે છે.

લોકગીતનો નાયક એટલે કે ચાકરીએ જતો પુરુષ પોતાની પત્નીને હૈયાધારણ આપે છે કે હે પરમાર પરિવારનાં વહુવારુ, તમારે તો સામટી સખીઓ છે; તમારો સમય તેમની સાથે પસાર થઈ જશે પણ તમે રાજ પરિવારની રીતભાતથી અને વહુવારને છાજે એવી રીતે રહેજો કેમકે હું તો યુધ્ધે ચડવાનો છું પાછો આવું તો આવું, શહીદ પણ થઈ જાઉં!

પતિ-પત્ની વચ્ચેના સંવાદરૂપે મળેલું આ મધુરું લોકગીત આપણા સંસ્કાર વારસાને ઉજાગર કરે છે.

સાંભળ રે મારી સજની નાર

સાંભળ રે મારી સજની નાર
વ્રજમાં ક્યાં રમી આવ્યાં જી રે;

હમણાં ચીર પે'ર્યા'તાં ઈ ચીર ક્યાં ચોળાણાં જી રે !
વનરાવનને મારગ જાતાં સૈયરું સામી માળિયું જી રે,
સૈયરું હારે હમચી ખૂંદી, ચીર ન્યાં ચોળાણાં જી રે !
સાંભળ રે મારી...

હમણાં આંજણ આંજ્યાં'તાં ઈ આંજણ ક્યાં ભૂંસાણા જી રે !
વનરાવનને મારગ જાતાં મા-બાપ સામા માળિયાં જી રે,
મા-બાપ દેખી આંસું આવ્યાં, આંજણ ન્યાં ભૂંસાણા જી રે !
સાંભળ રે મારી...

હમણા વેણી વાળી'તી ઈ વેણી ક્યાં વીખાણી જી રે !
વનરાવનને મારગ જાતાં ભમરો સામો મળિયો જી રે,
ભમરો મારી વેણીએ બેઠો, વેણી ન્યાં વીખાણી જી રે !
સાંભળ રે મારી...

હમણા ટીલડી ચોડી'તી ઈ ટીલડી ક્યાં ખોવાણી જી રે !
વનરાવનને મારગ જાતાં, મા'દેવ સામા માળિયા જી રે,
મા'દેવ દેખી પગમાં પડ્યા, ટીલડી ન્યાં ખોવાણી જી રે !
સાંભળ રે મારી...

ગુજરાતનું લોકસંગીત એટલે કુબેરનો ખજાનો! સેંકડો લોકગીતો, ભજનો, દુહા-છંદ, લગ્નગીતો, ધોળ-લોકોના કંઠમાં હેમખેમ છે. આપણું લોકસંગીત કંઠોપકંઠ પરંપરાથી નદીના પ્રવાહની જેમ વહેતું રહ્યું છે. એમાં સુધારા વધારા થતા રહ્યા પણ લોકધારા અસ્ખલિત વહેતી રહી છે. આપણું કેટલુંક સાહિત્ય જ ગ્રંથસ્થ છે, બાકી તો બધું કંઠસ્થ જ રહ્યું છે. આજના ડિજિટલ યુગમાં આપણું લોકસંગીત સતત લાઈક, શેર અને સબસ્ક્રાઈબ થઈને પોંખાતું રહ્યું છે એ હરખાવા જેવી બાબત છે.

આપણી પાસે સેંકડોની સંખ્યામાં લોકગીતો હોવા છતાં ગણ્યાંગાંઠ્યાં લોકગીતો જ ગવાતાં રહ્યાં છે એ ચિંતા સહ મંથનનો વિષય છે. ગુજરાતી લોકગીતો માનાં દૂધ જેવાં પવિત્ર, નિર્ભેળ છે; એના ઢાળ મધમીઠા છે. સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખાયેલા નવેય રસ ગુજરાતી લોકગીતોમાં છે.

'સાંભળ રે મારી સજની નાર...' 'અપ્રચલિત'ની કક્ષામાં મુકી શકાય એવું વ્હાલુડું લોકગીત છે. વાત જાણે એમ છે કે એક ગોપી કૃષ્ણની રાસલીલામાં રમવા જાય છે, ઘેર આવતાં મોડું થયું એટલે એનો પતિ-ગોપગોવાળ પૂછે છે કે 'ક્યાં ગ્યા'તાં? આટલું મોડું કેમ થયું?'

ગોપી કાંઈ જવાબ વાળે એ પહેલા તો નવા-નવા સવાલો ઉઠાવ્યા કે, હમણા નવાં વસ્ત્રો પહેર્યાં હતાં એ કેમ ચોળાઈ ગયાં? આંખે આંજેલું આંજણ કેમ ભૂંસાયું? મઘમઘતાં ફૂલોની વેણી વાળી હતી એ કેમ વીખાઈ ગઈ? ભાલમાં શોભતો ટીલડી ક્યાં?

ગોપગોવાળના તમામ વેધક પ્રશ્નોના ગોપી પાસે તર્કબધ્ધ જવાબો હતા એટલે અટપટા સવાલોના ચટપટા ઉત્તરોવાળું આ લોકગીત બેનમૂન છે. મનમોહક ઢાળવાળું આ ગીત ઉલાળિયા અને કેરવા એમ બન્ને તાલમાં ગાઈ શકાય છે. યુગલ ગીત છે એટલે સુમધુર લાગે છે.

ગુજરાતી લોકસંગીતના શ્રોતાઓએ જાણીતાં પાંચ-પંદર ગીતોના વળગણમાંથી મુક્ત થઈ આવું 'નવતર પ્રાચીન' સાંભળવાની આદત કેળવવી પડશે, નહીંતર આવાં કેટલાંય લોકગીતો પાંખો ફફડાવતાં રહેશે, અજાણ્યાં પણ અપ્રતિમ લોકગીતોને પ્રચલિત કરવા આપણે આકાશ નહિ આપીએ તો કોણ આપશે?

હાં હાં રે કોયલડી રિસાણી

હાં હાં રે કોયલડી રિસાણી
મારા વીરની કોયલડી રિસાણી

એને કોણ મનાવવા જાય!
કોયલડી રિસાણી...
હાં હાં રે કોયલડી રિસાણી...

રથ જોડી નણદીબા નીસર્યાં
વખો વખો ભાભલડી ઘેર!
કોયલડી રિસાણી...
હાં હાં રે કોયલડી રિસાણી...

નણદી તમારી વાળી નૈં વખું
કાંઈ આવે તમારો વીર!
કોયલડી રિસાણી...
હાં હાં રે કોયલડી રિસાણી...

મારી દોઢ બદામની ભાભલડી
કાંઈ લાખુંનો મારો વીર!
કોયલડી રિસાણી...
હાં હાં રે કોયલડી રિસાણી...

જેઠ, અષાઢ, શ્રાવણ એટલે બહેનો માટે વ્રતોના મહિના. શક્તિ ખુદ ભક્તિ કરે ત્યારે કંઇક અલગ જ માહોલ સર્જાય. મોળાંવ્રત, જયાપાર્વતી, ફૂલકાજળી, એવરત-જીવરત, દિવાસો જેવાં બાલિકાઓ, યુવતીઓ અને આધેડ મહિલાઓનાં વ્રતોમાં ભક્તિ સાથે લોકસંગીતનું સાયુજ્ય થાય. બહેનો પ્રાત:કાળે પૂજન અર્ચન કરી એકટાણું-ઉપવાસ રાખી રાત્રે જાગરણ કરે. આજે તો જાગરણ એટલે પિકનિક કે સિનેમાગૃહની મુલાકાત પણ જયારે મનોરંજનનાં કોઈ સાધનો ન્હોતાં ત્યારે ખાસ કરીને ગામડાંમાં બહેનોનું જાગરણ કેવું રહેતું એ જાણવું રસપ્રદ થઇ પડશે. રાત્રે ૯-૧૦ વાગ્યે પુરુષવર્ગ ઘરમાં આવી જાય એટલે બધી બહેનો બજારમાં નીકળી પડે. ગામના પાદર કે ચોરાના ચોકમાં એકત્ર થઈ, કૂંડાળું વળી, કોઈ વડિલ મહિલાના સંચાલન તળે રાસડા શરૂ કરે. એક બહેન ગવડાવે, બાકીની બધી ઝીલે, એમ વારો બદલાતો રહે ને સૂર્યોદય સુધી લોકગીતોની સંગાથે રાસની રંગત જામે.

રાસમાં રમમાણ રમણીઓ ઘણીવાર બે જૂથમાં વિભાજિત થઇ જાય. એક જૂથ ગીતની એક પંક્તિ ગાય ને બીજું જૂથ એનો જવાબ વાળે એટલે કે વડછડ કરે. આમ સવાર સુધીમાં અનેક લોકગીતોનું ગાયન-શ્રવણ અને રાસરમણ થઇ જતું. નવી વહુવારુઓ પોતપોતાનાં પિયરથી જે ગીતો શીખી આવી હોય તે સાસરિયાનાં ગામમાં જાગરણની રાતે ગાય. અરે, ગામની વહુઓ અને જમાઈઓની ઠેકડી ઉડાવતાં ગીતો પણ એમાં આવે છતાં કોઈને માઠું ન લાગે.

'હાં હાં રે કોયલડી રિસાણી..' આવું જ એક નણંદે પોતાની ભાભી માટે જાગરણ જેવા પ્રસંગે ગાયેલું લોકગીત છે. એમાં વાત એવી છે કે ભાભી રિસાયાં, એને મનાવવા નણંદ પોતે ગઈ પણ ભાભીની જીદ કાંઈ ઓછી નહોતી, એનું સ્પષ્ટ મંતવ્ય એ હતું કે જેની સાથે વાંધો પડ્યો છે એ એટલે કે પોતાનો પતિ મનાવવા આવે તો જ માનું! નણંદ પણ વટે ચડી કે મારો વીર તો અણમોલ છે તને, 'દોઢ બદામ'ની કિંમતવાળીને શું કામે મનાવવા આવે?

આ તો જાગરણની રાતે ગવાતું નણંદ-ભોજાઇ વચ્ચેની હસી મજાકનું લોકગીત છે, બાકી સમાજના દરેક વર્ગની મહિલાઓને, સ્ત્રી માત્રને સન્માન આપવું જોઈએ. એ માતૃરૂપા છે, માતૃશક્તિ છે. હરકોઈ સ્ત્રી શિક્ષિત, સલામત અને સન્માનિત હોય એ સમાજ માટે હિતકારક છે.

જોડે રહેજો હો રાજ

જોડે રહેજો હો રાજ,
તમે કિયા તે ભાઈની ગોરી કેવી વહુ
જોડે રહેજો રાજ!

જોડે નહિ રહું રાજ,
શિયાળાની ટાઢ પડે ને!
જોડે કેમ રહું હો રાજ!

જોડે રહેજો રાજ,
ફૂલની પછેડી સાથે રે હો લાડવઈ
જોડે રહેજો રાજ!

જોડે નહિ રહું રાજ,
ઉનાળાના તાપ પડે ને
જોડે કેમ રહું હો રાજ!

જોડે રહેજો રાજ,
ફૂલના પંખા સાથે રે હો લાડવઈ
જોડે રહેજો રાજ!

જોડે નહિ રહું રાજ,
ચોમાસાની ઝડીઓ પડે ને
જોડે કેમ રહું હો રાજ!

જોડે રહેજો રાજ,
મોતીના મોડિયા સાથે રે હો લાડવઈ
જોડે રહેજો રાજ!

ગુજરાતી લોકસંગીતને પ્રાદેશિક દૃષ્ટિએ વિભાજિત કરીએ તો સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતનાં લોકગીતો મહદ્અંશે જાણીતાં છે. આદિવાસીઓનાં લોકગીતોની પણ અનોખી વિજ્જત છે. આ બધામાં સૌરાષ્ટ્રના લોકસંગીતનું એકચક્રી શાસન હતું, આજેય છે પણ હવે ઉત્તર ગુજરાતનાં લોકગીતોને પણ લોકો વધાવે છે. કચ્છી બોલી જેને આવડે છે એવા લોકો કચ્છી લોકગીતો સાંભળે છે પણ એ વર્ગ પ્રમાણમાં નાનો છે.

'જોડે રહેજો હો રાજ...'માં મધુરજની વખતની પતિ પત્નીની હળવી રકઝક છલકે છે. પુરુષ કહે છે કે હવે આપણે બેમાંથી એક થઈ ગયા છીએ માટે તમે મારાથી અળગાં ન થતાં, કાયમ મારી સાથે જ રહેજો. સ્ત્રીની દલીલ એવી છે કે શિયાળે કેવી ઠંડી પડે, ઉનાળે ભયાનક તાપ પડે, ચોમાસામાં વરસાદની ઝડીઓ વરસે એમાં હું સતત તમારી સાથે કેમ રહું?

જોકે સંભાવિત દરેક પરિસ્થિતિમાં પત્નીએ કેવી રીતે સાથે રહેવું એનું નિરાકરણ પતિએ બતાવી દીધું છે. શિયાળે ફૂલની પછેડી સાથે, ઉનાળે ફૂલના પંખા તો ચોમાસે મોતીના મોડિયા સાથે રહેવાની ભલામણ કરવામાં આવી છે.

લોકગીતમાં 'જોડે રહેજો' જેવા શબ્દો આવે છે એ સૂચવે છે કે આ લોકગીત મૂલતઃ સૌરાષ્ટ્રનું નથી પણ ગુજરાતનું છે, જો કે શ્રેષ્ઠતાને કોઈ સીમાડા નથી હોતા.

હાલી રે હાલીને મારા પાવલિયા તરવાણા જો

હાલી રે હાલીને મારા પાવલિયા તરવાણા જો
તોયે રે ના આવ્યો તારો દેશ રે
વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...

આઘેરાં હાલો તો તમને, ચૂંદડિયું લઇ આલું જો

તારી ચુંદડિયુંની ઓઢનારી હું નૈં રે
વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...

આઘેરાં હાલો તો તમને, કડલાં લઇ આલું જો
તારાં કડલાંની પે'રનારી હું નૈં રે
વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...

આઘેરાં હાલો તો તમને, હારલો લઇ આલું જો
તારા હારલાની પે'રનારી હું નૈં રે
વણજારા વાલમ છેતરીને લાવ્યો જો...

માસ અને સોશિયલ મીડિયાના યુગમાં આજે વિશ્વના કોઈપણ ખૂણે ઘટતી નાની-મોટી કોઈપણ ઘટના માધ્યમોમાં ચમકીને જાહેર થઈ જાય છે. અખબારો, રેડિયો, ટી.વી., વ્હોટસ એપ, ફેસબૂક જેવાં કોઈ માધ્યમો ન્હોતાં ત્યારે બનતી ઘટનાઓ લોકગીતો, લોકવાર્તા, ભવાઈ જેવાં લોકમાધ્યમો (ફોક મીડિયા) દ્વારા જાહેર થતી. એ પ્રાચીન માધ્યમો આજનાં અર્વાચીન માધ્યમો કરતાં વધુ શક્તિશાળી છે એટલે જ તે આજે પણ ઉપયુક્ત છે.

પુરુષોનો એક વર્ગ પેહલેથી જ સ્ત્રીઓને ઠાલાં વચનો દઈ છેતરતો આવ્યો છે. આજે શિક્ષિત યુવતીઓને નોકરી અપાવવાનાં, અશિક્ષિતને કામ અપાવવાનાં, કોઈને લગ્નની તો સાહિત્ય, કલાક્ષેત્રે પ્રવૃત્ત મહિલાઓને વિખ્યાત કરાવી દેવાનાં વચનો આપી તેનું શોષણ કરનારા આપણી વચ્ચે જ, આજુબાજુમાં જ વસતા હોય છે. ક્યારેક મજબૂરી, ક્યારેક લાલચ તો ક્યારેક અણસમજણથી સ્ત્રીઓ છેતરાતી હોવાના કિસ્સા અવારનવાર બને છે.

‘હાલી રે હાલી મારા પાવલિયા તરવાણા જો...’ લોકગીતમાં એવી મહિલાની વાત છે જેને એક પુરુષ લાલચ આપે છે કે, મારી સાથે આવો, મારા મલકમાં હું તમને લઇ જઉં, ત્યાં આપણે લગ્ન કરશું, તમને વસ્ત્રો, ઘરેણાં વગેરે લઇ દઈશ! સ્ત્રી દૂર સુધી પગપાળા જાય છે પણ પુરુષનો દેશ આવતો જ નથી... અંતે પોતે છેતરાઈ હોવાનો અહેસાસ થયો એટલે આગળ જવાની ના પડતાં કહે છે કે હું પદયાત્રા કરીને થાકી ગઈ છું, મારા પગ દુઃખી ગયા, તારો દેશ તો હજુ આવ્યો નથી, તું મને છેતરીને અહીં સુધી લાવ્યો હોય એવું લાગે છે! પુરુષ વધુ ને વધુ લાલચ આપતો જાય છે કે હજુ થોડે દૂર સુધી આવો તો તમને ચૂંદડી, કડલાં, હારલો વગેરે લઇ દઉં પણ સ્ત્રી બધું સમજી ગઈ.

આપણે જેને ‘સારો સમય’ માનીએ છીએ એ કાળમાં પણ મહિલાઓ સાથે આવી છેતરપીંડીની પ્રવૃત્તિ થતી હતી તો આજે આ પ્રવૃત્તિમાં કેટલો ઉછાળો આવ્યો હશે એ સમજી શકાય એવું છે માટે સાવચેતી એ જ સલામતી...

ગોપી વનમાં પૂછે છે ઝાડો ઝાડને રે

ગોપી વનમાં પૂછે છે ઝાડો ઝાડને રે
ઝાડને રે કાંટાની વાડને રે
ગોપી વનમાં...

પોપટ રે મારા પ્રભુજીને દીઠા જો,
તારા જેવી પ્રભુજી બોલી બોલે છે
ગોપી વનમાં...

કોયલ રે મારા કૃષ્ણજીને દીઠા જો,
તારા જેવો પ્રભુજી રંગ ધરે છે
ગોપી વનમાં...

મોરલિયા રે મારા મોહનજીને દીઠા જો,
તારાં પીંછાંનો પ્રભુ મુગટ ધરે છે
ગોપી વનમાં...

'ગોપી વનમાં પૂછે છે ઝાડો ઝાડને રે...' લોકગીત એટલે ગોપીઓની પુરુષોત્તમને પામવાની લગનીની પરાકાષ્ઠા! નંદલાલની અનેક લીલાઓ માંહેની એક એટલે અંતરધ્યાન થઈ જવું. કનૈયો રાસલીલા રચાવે ત્યારે ગોપીઓ રમમાણ બને પણ બે-પાંચ દિવસ શ્યામસુંદરનાં દર્શન ન થાય તો ગોપીઓની શી વલે થાય? દસેય દિશામાં કૃષ્ણને શોધવાની તાલાવેલી ચરમસીમાએ પહોંચે ત્યારે ગોપીઓ કેવી ભાન-સાન ભૂલી જતી એ આ લોકગીતમાં ગવાયું છે.

બાલમુકુંદને શોધવા નીકળેલી ગોપી વૃંદાવન ઘૂમી વળી પણ ક્યાંય ભેટો થયો નહિ. અત્ર, તત્ર, સર્વત્ર પૂછી લીધું, કોઈએ ભાળ આપી નહીં પછી બેબાકળી બનીને વૃક્ષોને પૂછવા લાગી. કે તમે કાનને જોયો છે? ગોવાળિયા સાથે દાંડીફેંક જેવી રમત રમતાં રમતાં દોડીને ઝાડ પર ચડી જનારો માધવ ક્યાં છે? વૃક્ષોનું મૌન ગોપીને અકળાવે છે. નિરુત્તર વૃક્ષોથી થાકેલી ગોપીનો વિરહ સાતમા આસમાને પહોંચ્યો ને એણે કાંટાની વાડને પણ પૂછી નાખ્યું કે તમે ભગવાનને ક્યાંય જોયા છે ?

વનમાં કલરવતા પોપટને સાંભળીને ગોપીએ દોટ મૂકી ને પૂછ્યું કે તેં મારા પ્રભુજીને જોયા? તારા જેવી મીઠુડી બોલીવાળો મારો નાથ મને ક્યાં મળશે? કોયલે કૂજન કર્યું તો એને પણ પ્રશ્ન કર્યો કે તારા જેવા રંગવાળો કાળિયો ઠાકર ક્યાં છે? ટહુકતા મોરલા સામે જઈને એ જ સવાલ ઉઠાવ્યો કે તારાં પીંછાંનો મુગટ ધારણ કરનારો નટવર તને ક્યાંય નજરે ચડ્યો?

આપણે ત્યાં વર્ષોથી કૃષ્ણલીલા એટલે કે કાનગોપી રમાય છે. સમય બદલાતાં એનું મહાત્મ્ય ઘટ્યું છે છતાં એ પરંપરા સાવ લુપ્ત થઈ નથી. ઊલટાનું ક્યાંક ક્યાંક તો કાનગોપીનું 'હાઈટેક' સ્વરૂપ જોવા મળે છે. આવાં કૃષ્ણગીતો કાનગોપીને લોકપ્રિય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવતાં રહ્યાં છે.

આ લોકગીતની મીઠપ એના ઢાળમાં તો છે જ, સાથોસાથ ભાગ્યે જ બનતું હોય એવું મુખડા અને અંતરમાં તાલવૈવિધ્ય આ લોકગીતમાં છે. ગુણકું હિંચમાં તો અંતરા દીપચંદીમાં ગવાય છે એથી આ કૃષ્ણગીત ઓર મધુરું લાગે છે.

આજ રે જોધાણા ગઢને મારગે

આજ રે જોધાણા ગઢને મારગે
ધોડી જાઉં, ઉડે રે કાંઈ ઝીણો રે ગુલાલ
મણિયારડો રે જી હો ગોરલજો સાયબો રે
અણિયાળી અખિયાંવાળો મણિયાર...

ઓત્તર રે દિશાથી મણિયારો આવશે
બાયું મારો સાયબો આવે રે મારે ઘેર
મણિયારડો રે જી હો ગોરલજો સાયબો રે
વાંકડિયાં મૂંછાવાળો મણિયાર...

જનમ રે દીધો રે ધન્ય તારી માવડી !
વારી જાઉં, રૂપ રે દીધું રે દીનાનાથ
મણિયારડો રે જી હો ગોરલજો સાયબો રે
મીઠુડી બોલીવાળો મણિયાર...

ઉંચી રે ચડું ને નીચી ઉતરું
બાયું હું તો જોઉં રે મણિયારા તારી વાટ
મણિયારડો રે જી હો ગોરલજો સાયબો રે
ભમરિયા ભાલાવાળો મણિયાર...

ઉંચે રે ચડતાં રે ફાટ્યો મારો કંચવો
બાયું બેની નીચે રે ઉતરતાં નવસર હાર
મણિયારડો રે જી હો ગોરલજો સાયબો રે
નીમાણાં નેણાંવાળો મણિયાર...

'આજ રે જોધાણા ગઢને મારગે...' લોકગીત 'મણિયારા' તરીકે વિખ્યાત છે. વાત એવી છે કે રાજસ્થાનનો એક યુવાન મણિયારો અર્થાત્ રંગબેરંગી ચૂડી અને ચૂડલા ઘડનારો માણસ, ઉત્તર ગુજરાત થઈ કચ્છનાં ગામડાંમાં વ્યવસાય અર્થે આવે છે. જે ગામમાં જાય ત્યાં તરુણીઓ, યૌવનાઓ અને મહિલાઓનાં ટોળાં જામે છે કેમકે ચૂડલી હંમેશા માનુનીઓનો મનપસંદ અને શુકનવંતો શણગાર રહ્યો છે.

વાગડ પંથકના એક ગામની ભલી ભોળી કન્યાનું મણિયારા સાથે તારામૈત્રક રચાઈ ગયું,બન્નેએ ઉતાવળે લગ્ન કરી લીધાં. કન્યાએ ન તો પોતાના ઘરમાં કોઈને કહ્યું કે ન તો સાહેલીઓને ખબર પડવા દીધી. લગ્ન પછી મણિયારો કહે, 'હું મારે ગામ જતો આવું, મારા પરિવારને આપણા લગ્ન વિશે વાકેફ કરતો આવું, અત્યારે તું અહીં રહે કેમ કે મારા પરિજનો આપણા આ સાહસને સ્વીકારશે નહીં, માટે એમને મનાવવા પડશે. હું પખવાડિયે પાછો આવીને તને તેડી જઈશ.'

પંદર દિવસ થઈ ગયા, આજે મણિયારો આવશે, મને પોતાની સાથે લઈ જશે એવા નક્કર આશાવાદ સહ સૂર્યોદય પૂર્વે જ કન્યાનું સવાર પડી ગયું હતું. આવ્યો કે આવશે... આવ્યો કે આવશે... એવા ભણકારા વાગવા માંડ્યા. આખો દિવસ પસાર થઈ ગયો... ને એમ બે-પાંચ દિવસ બીજા વીતી ગયા પણ મણિયારો ન આવ્યો.

મણિયારો ન આવે તો? હું એને ક્યાં શોધું? મને એનું ગામ, ઠામ-ઠેકાણું કાંઈ ખબર નથી! એના પરિવારમાં કોણ છે? કેવા લોકો છે- એ વિશે હું કાંઈ જાણતી નથી, માત્ર મણિયારાને મનનો માણીગર માનીને મનમેળાપ કરી લીધો છે, હવે આવે જ નહીં તો? આવા નબળા વિચારોની ભરતીથી ભોળુડી યુવતીનું હૈયું હચમચી ગયું.

વધુ બે-ત્રણ દિવસ વાટ જોઈ ને અંતે એણે પોતાની સહિયરોને બોલાવીને સત્ય કહી દીધું. સખીઓ ખૂબ નારાજ થઈ, ઠપકો દીધો કે સાવ અજાણ્યા યુવક સાથે કોઈ યુવતી લાંબી વાત પણ ન માંડે ને તેં અજાણ માણસ સાથે ઘર માંડી દીધું? જે થયું તે, અમે તારી સાથે જ છીએ, તારો પતિ મણિયારો જરૂર આવશે, નહીં આવે તો આપણે એને બ્રહ્માંડના કોઈપણ ખૂણેથી ગોતી લાવશું !

ચિંતા અને વિરહવ્યાકુળ આ કન્યા બધી સાહેલીઓ સાથે સવારથી ગામની બહાર ઉત્તર ગુજરાત અને રાજસ્થાન તરફ જતા રસ્તે નજર માંડીને બેસી જાય છે. દૂર ધૂળ ઉડતી દેખાય કે કોઈ આવતું દેખાય તો સૌને આશા બંધાય કે નક્કી મણિયારો આવી રહ્યો છે. રાજસ્થાન તરફના રસ્તાની ધૂળ એને ઝીણો ગુલાલ લાગે છે. એને શ્રદ્ધા છે કે ઉત્તર દિશાથી મણિયારો આવશે. બધી કન્યાઓ ગામની ભાગોળે આવેલી ટેકરી પર દોડમદોડ ચડી જાય, સાંજ સુધી રાહ જુએ ને આંખોમાં નિરાશા આંજી ને પાછી ફરે... આવો ક્રમ કેટલાયે દિવસ ચાલ્યો ને આમ ટેકરી ચડતાં ઉતરતાં પોતાનાં વસ્ત્રો ફાટ્યાં, નવસર હાર તૂટ્યો પણ જેની જોતાં'તાં વાટ ઈ માનવી ન આવ્યો...!

લોકગીતોમાં પાઠાંતર સ્વાભાવિક છે કેમ કે એક પંથકમાં રચાયેલું લોકગીત અન્ય પંથકમાં વર્ષો પછી ગવાતું હોય તો એના શબ્દો, ઢાળ, મૂડ, અર્થ વગેરેમાં બદલાવ આવે. કચ્છી બોલીની છાંટવાળું શ્રોતાઓના મન-હૃદય પર કબજો કરી લેતું આ લોકગીત પણ બહુ પાઠાંતરિત થયું છે.

વિલંબિત હેંચમાં વિરહના આવા કેટલાક મણિયારા ગુજરાતી લોકગાયકો-ગાયિકાઓના કંઠે સચવાયા છે.

વાલો મારો વનમાં ચારે ધેન રે
વગાડે રૂડી વાંસળી રે લોલ

વાલો મારો વનમાં ચારે ધેન રે વગાડે રૂડી વાંસળી રે લોલ !
રાધા ગોરી ભાતડિયાં લઈ આવ્યાં, ચલાણે ચોખ્યાં ચૂરમાં રે લોલ !

પ્રભુજી ક્યાં રે ઉતારું ભાત, કે ક્યાં બેસી જમશો રે લોલ !
રાધા ગોરી આસોપાલવને ઝાડ, કે ફરતી છાંયડી રે લોલ !

રાધા ગોરી ત્યાં ઉતારો ભાત,કે ત્યાં બેસી જમશું રે લોલ !
રાધા ગોરી ડુંગર ચડિયેલ ધેન, કે ધેન પાછી વાળજો રે લોલ !

પ્રભુજી તમારી ચારેલ ધેન, કે અમ થકી નહિ વળે રે લોલ !
પ્રભુજીને ચટકે ચડિયલ રીસ, કે જમતા ઊઠિયા રે લોલ !

મારી મારી અવળા સવળી ઠોંટ, કે ડાબા પગની મોજડી રે લોલ !
રાધાજીને ચટકે ચડિયલ રીસ, કે ભોગળ ભીડિયાં રે લોલ !

ઝીણા ઝરમર વરસે મેઘ,પ્રભુ ભીંજાય બારણે રે લોલ !
રાધા ગોરી ઉઘાડો જોડ કમાડ, પ્રભુ ભીંજાય બારણે રે લોલ !

જાવ જાવ માનેતીને મો'લ, કે અહીં શીદ આવિયા રે લોલ !
જાશું જાશું માનેતીને મો'લ, કે પછી થાશે ઓરતાં રે લોલ !

પ્રભુજીને આંગણ ઊંડી કૂઈ, કે કંકર નાખિયા રે લોલ !
ધબકે ઊઘાડ્યાં જોડ કમાડ, પ્રભુની ગોતે નીસર્યા રે લોલ !

કોઈ મને દેખાડો દીનાનાથ કે આપું વધામણી રે લોલ !
આપું આપું હૈડા કેરો હાર કે માથા કેરી દામણી રે લોલ !

નારી નાજૂક અને લજામણીના છોડ જેવી હોય, નાની નાની વાતમાં એનું દિલડું દુભાઈ જાય, મનડું મૂંઝાઈ જાય પણ પુરુષ વિશે આવું કોઈ દિવસ સાંભળ્યું નથી. નર તો પહાડદિલ, મક્કમતાનો મિનારો, એને વાતે વાતે વાંકું પડે? અર્જુનને યુદ્ધ માટે હથિયાર હાથ ધરવા સમજાવનાર, કંસના કાળ, જગતના મહાન તત્વજ્ઞાની એવા કૃષ્ણને રાધાની નાનકડી વાતમાં વાંકું પડી ગયું હતું એવું એક લોકગીત કહે છે...!

'વાલો મારો વનમાં ચારે ધેન રે વગાડે રૂડી વાંસળી રે લોલ...' ગાવું અને સાંભળવું ગમે એવું મીઠડું લોકગીત છે. વનમાં ગાયો ચરાવતા ભગવાન શ્રીકૃષ્ણ માટે ચૂરમું લઈને આવેલાં રાધાજીને ક્યાં ખબર હતી કે પ્રભુને સાવ નાનકડી વાતમાં મોટી રિસ ચડી જશે... જમતાં જમતાં પ્રભુએ કહ્યું કે એક ગાય ડુંગર પર ચડી રહી છે એને પછી વાળો પણ રાધાજીથી અમસ્તું જ બોલાઈ ગયું કે તમારી ચરાવેલી ધેનુ મારાથી ના વળે. બસ, ખલાસ... કાનજી કોપ્યા...ઉઠીને રાધાજીને થપ્પડો મારી લીધી અને બાકી હતું તો મોજડીથી પણ માર માર્યો!

રાધા રિસાઈને ઘેર જતાં રહ્યાં ને બારણાં વાસી દીધાં. ઝરમર વરસાદ શરૂ થયો, કૃષ્ણ ભીંજાતા ઘેર આવ્યા પણ બારણાં ન ખૂલ્યાં. ખૂબ વિનંતી કરી પણ પરિણામ શૂન્ય... રાધા કહે અમે તો તમારાં અણમાનિતાં છીએ, માનેતીને મોલ જાઓ, અહિ શું છે ? અંતે ભગવાને યુક્તિ કરી, આંગણાના કૂવામાં એક પથ્થર નાખ્યો એનો ધબાકો થયો એટલે રાધાને લાગ્યું કે કૃષ્ણએ કૂવો પૂર્યો...! એ ભગવાનને શોધવા નીકળ્યાં અને કોઈ 'મારા કાનુડાને દેખાડે તો આભૂષણો અને વધામણી આપું' એવી ઘોષણા પણ કરી દીધી.

લોકગીતો પરોક્ષ ઉપદેશક છે. આ વાત આપણા રિસામણાં-મનામણાંની છે, કૃષ્ણ-રાધા તો અહિ ઉદાહરણ છે. વળી, કાન રાધાને માર મારે એવું લોકગીતમાં છે પણ એનો સંદેશો એ છે કે, આપણે આવી ઘરેલુ હિંસાથી બચવું.

વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં...

વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં...
મારા પગ કેરાં કડલાં રે
વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વેલો આવજે રે
આણલિયા મારે ઘેરે બેઠા...
વાદલડી વરસી રે...
મારા હાથ કેરો ચુડલો રે
વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વેલો આવજે રે
આણલિયા મારે ઘેરે બેઠા...
વાદલડી વરસી રે...
મારી ડોક કેરો હારલો રે
વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વેલો આવજે રે
આણલિયા મારે ઘેરે બેઠા...
વાદલડી વરસી રે...
મારા નાક કેરી નથણી રે
વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વેલો આવજે રે
આણલિયા મારે ઘેરે બેઠા..
વાદલડી વરસી રે...

ચોમાસે વાદળો વરસે એથી નદી, નાળાં, સરોવર છલકાઈ જાય એમાં કાંઈ જ વિસ્મયજનક નથી. જો કશું કારણ ન હોય તો આ લોકગીતનું સર્જન શા માટે થયું હશે? એવો સવાલ થાય. 'વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં...' લોકગીતના ઉદ્‌ભવ પાછળ કેવી કથા હશે? વરસાદના વરસવાને આણાં સાથે, અલંકારો સાથે શી નિસ્બત?

આપણે ત્યાં વાદળીના વરસવા સાથે અર્થકારણ અને સમાજકારણ જોડાયેલાં હોય છે. વાદલડી વરસે એટલે આભમાંથી જાણે રૂપિયાનો વરસાદ થાય છે! ગરીબના ઝૂંપડાથી લઇ અમીરના આલીશાન મહેલ સુધી એ વાદલડીએ વરસાવેલું વ્હાલ પહોંચે છે. વરસાદ થાય તો ધંધા ચાલે, બજારમાં રૂપિયો ફરવા લાગે, ધાન્ય અને ચારો પાકે, માનવ અને પશુઓ માટે અન્નજળની ચિંતા દૂર થાય, ચહેરા પર રોનક આવી જાય.

સમાજકારણ પર પણ નજર કરવા જેવી છે. ખેડૂતો, ખેતમજૂરો અને એની સાથે વ્યાવસાયિકરીતે સંબદ્ધ એવો બહુ મોટો વર્ગ દીકરા-દીકરીની સગાઇ, લગ્ન, આણું જેવા પ્રસંગો માટે ચાતક બનીને સારા વરસાદની રાહ જોતો હોય છે. વાદલડી વરસી પડે, ગામની નદી, ઝરણાં, તલાવડી છલકે, ખેતરો લીલાંછમ્મ થાય, ખૂબ ધાન્ય પાકે તો એમના પ્રસંગો ઉકલી જાય નહિતર વળી પાછી એક વરસ રાહ જોવી પડે.

ખૂબ જ પ્રચલિત એવા આ લોકગીતની નાયિકા કહે છે કે, વાદલડી ધોધમાર વરસી પડી, સરોવર છલી વળ્યાં છે. સસરા પક્ષેથી આણું તેડવા આવેલા 'આણલિયા' પોતાને લઈને વિદાય થવા અધીરા થઇ રહ્યા છે પણ પોતાનો ભાઈ હજુ બજારમાં અલંકારો લેવા જઈ રહ્યો છે એટલે વીરને આગ્રહભરી વિનંતી કરે છે કે મારા વીરા! તું ઝટ આવી જજે, મોડું કરતો નહિ.

કારતકે કૃષ્ણ સિધાવિયા ને રુકમણી સજે શણગાર

કારતકે કૃષ્ણ સિધાવિયા ને રુકમણી સજે શણગાર
માગશર મહિને મેલી ગિયા મને એકલડી નિરાધાર
આણાં મોકલને મોરાર...

પોષ મહિનાની પૂનમડી ને આકાશે રાંધ્યાં અન્ન
મહા મહિનાનાં માયરાં ને કાંઈ પરણે જાદવરાય
આણાં મોકલને મોરાર...

ફાગણ ફૂલ્યો ફૂલડે ને કોળ્યાં પીપળ પાન
ચૈતરે વન કોળિયાં ને કોળી આંબા ડાળ
આણાં મોકલને મોરાર...

વૈશાખે વન વેડિયાં ને વેડી આંબા ડાળ
જેઠ મહિનાનાં જૂગટાં ને જૂગટે રમવા જાય
આણાં મોકલને મોરાર...

અષાઢે ઘન ઘોરિયાં ને નદીએ બોળાં નીર
શ્રાવણ વરસે સરવડે ને ગોપિયું ના'વા જાય
આણાં મોકલને મોરાર...

ભાદરવો ભલે રંગમાં ને ગાજ્યા વરસે મેહ
આસો મહિનાનાં અજવાળિયાં ને સૈયરું ગરબા ગાય
આણાં મોકલને મોરાર...

આપણાં બાળકોને અંગ્રેજી મહિનાનાં નામ કંઠસ્થ હોય છે પણ કારતક, માગશર-પૂછીએ તો? એ નથી આવડતાં...! ગુજરાતીઓને ગુજરાતી મહિનાનાં નામ જ ન આવડે તે કેમ ચાલે? લોકગીત રચયિતાઓએ આ બાબતે ચિંતા કરી, તેમણે લોકગીતોમાં જ બાર મહિનાનાં નામ ગોઠવી દીધાં એટલે યાદ રાખવાં સરળ પડે. આવાં ગીતો 'બારમાસી ગીતો' તરીકે ઓળખાય છે.

આ લોકગીત 'આણાં ગીત' તરીકે પણ જાણીતું છે. સૌરાષ્ટ્રમાં કૃષ્ણલીલા અર્થાત્ કાનગોપી ખૂબ જ લોકપ્રિય છે. ગામેગામ સેવાભાવી મંડળો ચાલતાં જે શુભ-અશુભ પ્રસંગે કાનગોપી ભજવતાં, આજે પણ અનેક મંડળો કાનગોપી ભજવે છે પણ સમય સાથે હવે કાનગોપી બદલાઈ ગઈ છે.

આ લોકગીતનો ભાવ એવો છે કે રૂક્ષ્મણીજી પિયર ગયાં છે, આણે ગયાં છે. એક પછી એક મહિના વીતી રહ્યા છે પણ શ્વસુર પક્ષેથી કોઈ તેડવા નથી આવતું એટલે તેમની વિરહવ્યાકુળતા વધી રહી છે. કારતક, માગશર, પોષ-એમ દરેક મહિનાની વિશેષતા દર્શાવીને રૂક્ષ્મણી વિનવે છે કે હે મોરાર! હવે તો આણાં મોકલો.

આહા...! લોકગીતના રચયિતાએ બધા જ ગુજરાતી મહિનાની કેવી સરસ વિશેષતા બતાવી છે. પોષ મહિનાની પૂનમ એટલે કે પોષી પૂનમનું વ્રત ગુજરાતમાં બાલિકાઓ આજેય કરે છે. મહા એટલે લગ્નસરાનો માસ, ફાગણ-ચૈત્રમાં વસંતઋતુ પુરબહારમાં ખીલી હોય, વૈશાખ તો કેરી ખાવાનો અને જેઠ જુગારના પાટલા માંડવાનો...જો કે જૂગટું રમવું ગેરકાયદે છે પણ લોકકવિએ તો પોતાની આજુબાજુમાં જે જોયું તે લોકગીતમાં ઉતાર્યું! અષાઢમાં સાંબેલાંધાર વરસાદ તો શ્રાવણમાં સરવડાં. ભાદરવે મહિને આકાશ રંગ કાઢે તો આસો મહિનાનાં નોરતાં ને શરદપૂનમના રાસ-ગરબા તો ગુજરાતીઓના પ્રીતિપાત્ર!

મીઠા ઢાળવાળું, મનભાવન આ લોકગીત આજે કાનગોપી સિવાય ભાગ્યે જ ક્યાંક સાંભળવા મળે છે. જો આવાં લોકગીતોને લોક સુધી પહોંચાડી શકાય તો તે જરૂર લોકપ્રિય થઈ જાય.

રામ લખમણ બે બાંધવા રામૈયા રામ

રામ લખમણ બે બાંધવા રામૈયા રામ
બેય ભાઈ હાલ્યા શિકાર રે રામૈયા રામ

રામને તરસ્યું લાગિયું રામૈયા રામ
લખમણ વીર પાણીડાં લાવ રે રામૈયા રામ

ઝાડે ચડી જળ જોઈ વળ્યા રામૈયા રામ
ક્યાંય ન દીઠું અમૃત નીર રે રામૈયા રામ

ખેતર વચ્ચે ખરખરડી રામૈયા રામ
છેટેથી તબક્યાં છે નીર રે રામૈયા રામ

વનરા તે વનમાં વાવલડી રામૈયા રામ
પાણી ભારે બાળ કુંવાર રે રામૈયા રામ

કોરી ગાગર જળે ભરી રામૈયા રામ
સીતા નાર પાણીડાંની હાર્ય રે રામૈયા રામ

ભર્યો ઘડો રામ પી વળ્યા રામૈયા રામ
પાણી પીને પૂછિયાં- ઘરબાર રે રામૈયા રામ

જનક કેરી બેટડી રામૈયા રામ
હજી હું છું બાળ કુંવાર રે રામૈયા રામ

વનની ચોરી ચીતરી રામૈયા રામ
ધરતીના કીધા બાજોઠ રે રામૈયા રામ

આભનો નાખ્યો માંડવો રામૈયા રામ
વીજળીની કીધી વરમાળ રામૈયા રામ

નવલખ તારા જોઈ રિયા રામૈયા રામ
પરણે પરણે સીતા ને શ્રીરામ રે રામૈયા રામ

સંત કવિ તુલસીદાસે 'રામચરિત માનસ'માં અને વાલ્મિકીએ 'રામાયણ'માં સીતાનો સ્વયંવર રચાવી, દશરથનંદન શ્રીરામ પાસે ધનુષ્યભંગ કરાવી રામ-સીતાને પરણાવ્યા છે. 'શ્લોક' કહે તે શાસ્ત્રોમાં હોય પણ 'લોક' કહે તે લોકસાહિત્ય, લોકસંગીતમાં હોય! અહીં લોકચક્ષુએ કંઇક જુદું જ દશ્ય જોયું. રામ અને લક્ષ્મણ શિકાર કરવા જાય, રામને તરસ લાગે, ખેતર વચ્ચે પાણીની ખરખરડી દેખાય, ત્યાં એક નવયૌવના પાણી ભરવા આવે, રામ એના ઘડાનું પાણી પીએ, પછી હેતુસહ પૂછપરછ કરે. એ મિથિલા નગરીના રાજા જનકની પુત્રી સીતા હોય અને એની સાથે ત્યાં જંગલમાં જ લગ્નસંસ્કાર ઉજવે... આવું તો માત્ર લોક જ કલ્પી શકે...!

ભગવાન શ્રીરામચંદ્રજીનાં લગ્ન થતાં હોય ને બાજોઠ, મંડપ, વરમાળા, સાજન-માજન ન હોય એવું ક્યાંથી ચાલે? જંગલમાં આ બધું લાવવું ક્યાંથી? અરે! લોક પાસે બધી જ તૈયારી હોય. પ્રકૃતિનાં તત્વોને મેળવીને એણે રામનાં ઘડિયાં લગ્ન કરાવી નાખ્યાં. વનની ચોરી, ધરતીનો બાજોઠ, આકાશનો મંડપ, વીજળીની વરમાળા બનાવી, લાખો તારલાને જાનૈયા બનાવી દીધા, આવું સાજન-માજન તો તુલસીદાસ અને વાલ્મિકીએ પણ પોતાના ગ્રંથોમાં નથી આલેખ્યું!

લોક જે જીવે છે, જે માને છે એ બધું લોકગીતમાં લાવે છે એટલે જ લોકસંગીત ચિરંજીવી છે, લોકોના દિલની નજીક છે, ગાવું અને સાંભળવું ગમે છે. સદીઓથી ગવાતાં આ લોકગીતો તાજાં લાગે છે, એને કાળનો કાટ નથી લાગતો, એ અબખે નથી પડતાં.

તારા દેશમાં આંબા આંબલી રે

તારા દેશમાં આંબા આંબલી રે
વણઝારા વાલ્યમ લોલ,
મારા દેશમાં ધોળી ધ્રાખ છે રે
નાનકડા નાયક લોલ.

તારે ખાવા ઘઉં બાજરો રે
વણઝારા વાલ્યમ લોલ,
મારે ખાવા ટાઢા ટૂકડા રે
નાનકડા નાયક લોલ
તારા દેશમાં...

તારે રે'વા મંદર માળિયાં રે
વણઝારા વાલ્યમ લોલ,
મારે રે'વા તૂટેલ છાપરાં રે
નાનકડા નાયક લોલ
તારા દેશમાં...

તારે સૂવા છે ઢોલિયા રે
વણઝારા વાલ્યમ લોલ,
મારે છે તૂટેલ ખાટલી રે
નાનકડા નાયક લોલ
તારા દેશમાં...

તારી પાસે છે નાણલાં રે
વણઝારા વાલ્યમ લોલ,
મને નિર્ધન નોતી રાખવી રે
નાનકડા નાયક લોલ
તારા દેશમાં...

પોઠ્ય હાલી ગુજરાતમાં રે
વણઝારા વાલ્યમ લોલ,
અમને મેલ્યાં એકલાં રે
નાનકડા નાયક લોલ
તારા દેશમાં...

આપણું લાગે એમાં એકરસ થઈ જવું, પોતિકું લાગે એને પામી લેવું ને સારું લાગે એમાં સમાઈ જવું એ સ્ત્રીના જ સહજ ગુણ છે.એ જેને ચાહે એને સવાયા સન્માનના હકકદાર માને, પોતે પામર થઈને અવરને ઉજળા કરે. પુરુષ હંમેશા પોતાના પ્રીતિપાત્ર પાસેથી પ્રેમ પામવા મથે છે તો નારી ન્યોચ્છાવર થવા...!

'તારા દેશમાં આંબા આંબલી રે...' 'મણિયારા' ઢબનું લોકગીત છે. પોતાનો પ્રિયતમ ખૂબ સમર્થ છે, એનું સર્વસ્વ સુંદર છે, સઘળી સુવિધાઓથી સંપન્ન છે પણ પોતે નિર્ધન, નિ:સહાય, નિરાધાર હોવાનું અનુભવે છે. વાલમનો દેશ અતિ સુંદર છે કેમકે ત્યાં આંબા-આંબલીનાં ઝાડ છે. વાલમને બધાય ટાણાં ઘઉં-બાજરાની વાનગી ખાવા મળે છે, પોતાને તો ટાઢા ટૂકડાથી ચલાવી લેવું પડે છે. મંદિર-મહેલ જેવાં મકાનોમાં સાયબો વસે છે પણ પોતે તો તૂટેલ છાપરામાં વસવાટ કર્યો છે. સાજન ઢોલિયે સૂનારો છે, સજનીને તો તૂટી ફૂટી ખાટલીએ જ નિદ્રા કરવી પડે છે, તું ધનવાન, હું નિર્ધન છું એવી કબૂલાત એ આપે છે.

વાલમને મનથી જ નહીં, રૂદિયાથી, રોમરોમથી ચાહ્યો પણ એ તો વણઝાર લઈને ચાલી નીકળ્યો... હવે શું ? વિરહ... વ્યાકુળતા... વ્યગ્રતા... તમે મને મૂકીને જતા રહેશો, હું સાવ એકલી થઈ જઈશ. હું ટાઢા ટૂકડા ખાઈને ચલાવી લઈશ, મને અસુવિધા, નિર્ધનતા મંજૂર છે પણ તમે મારી સન્મુખ રહો, તમે પોઠ લઈને ચાલી નીકળ્યા, હું વિજોગણ બની જઈશ, તમે મને એકલી મુકી દીધી... જેવા નારીના ઉદ્‌ગારોમાં કાકલૂદી, આજીજી અનુભવાઈ રહી છે.

ગુજરાતના બધા જ પ્રાંતોમાં અલગ અલગ મણિયારા ગવાય છે. એમાંથી કેટલાક લોકપ્રિય છે, ઘણાના પાઠાંતર થયા છે અને કેટલાક મણિયારા સાંપ્રતકાલીન ગીતકારોએ રચ્યા છે. ઢોલના વિલંબિત તાલે મણિયારો મનભાવન લાગે પણ તે ગાવો ઘણો અઘરો છે. મણિયારો ગવાય અને શ્રોતાઓ ન ડોલે એવું ભાગ્યે જ બને...

વેલ્યું છૂટીઉં વીરા વાડીના વડ હેઠ

વેલ્યું છૂટીઉં વીરા વાડીના વડ હેઠ
ધોરીડા બાંધ્યા રે વડને વાંકીએ માણારાજ...

ચાર-પાંચ સૈયરું વીરા પાણીડાંની હાર્ય
વચલી પાણિયારીએ વીરને ઓળખ્યો માણારાજ...

ઓળખ્યો ઓળખ્યો માની આંખ્યુંને અણસાર
બાપની બોલાશે વીરને ઓળખ્યો માણારાજ...

હાલો વીરા તમે દખણી બેનીને ઘેર,
ઉતારા દેશું રે ઊંચા ઓરડા માણારાજ...

કરજો કરજો બેની સખદ:ખની વાત
ઘેરે રે જાશું તો માડી અમને પૂછશે માણારાજ...

બાર બાર વરસે વીરા માથડિયાં ઓળ્યાં
તેરમે વરસે રે તેલ નાખિયાં માણારાજ...

મેલો મેલો બેની તમારો દેશ,
મેલો રે બેની તમારાં સાસરાં માણારાજ...

વીરા તારે ઘેર બેની માસ-છમાસ,
આખર રે જાવું અમારે સાસરે માણારાજ...

ભરવાં ભરવાં વીરા ભાદરુંનાં નીર
ભાદરની રેલે રે બેની તણાઈ ગિયાં માણારાજ...

જૂના જમાનામાં સાસરિયું એટલે સંતાપનો પર્યાય, વેદનાનો રાફડો, મેણાં અને મારનો નિત્યક્રમ ગણાતું. સાસરિયે દીકરી સુખી હોય એવા નસીબવંતા માતા-પિતાની સંખ્યા બહુ જૂજ હતી. દુ:ખિયારી દીકરીઓએ પોતાનાં અસહ્ય દુ:ખનાં ગાણાં ઢોલના તાલે ગાઈને એને સાર્વજનિકતા બક્ષી દીધી એ બની ગયાં આપણાં લોકગીતો!

'વેલ્યું છૂટીઉં વીરા વાડીના વડ હેઠ...' ભાદર કાંઠાના કોઈ ગામની કારમી કથા આલેખતું અતિ કરૂણ લોકગીત છે. દીકરીને બાર-ચૌદ વર્ષ પહેલા સાસરે વળાવી છે જ્યાં તેને અસહ્ય ત્રાસ અપાય છે, ક્યારેય પિયર નથી જવા દીધી એટલે દુ:ખિયારી દીકરીની માતાએ દીકરાને તૈયાર કર્યો બેનના ખબર-અંતર પૂછવા. નાનો ભાઈ બેનના ગામને સીમાડે પહોંચ્યો, ત્યાં બહેન એની સહિયરો સાથે પાણી ભરવા આવી રહી છે.વર્ષોથી ભાઈને જોયો ન્હોતો, પોતે સાસરે આવી ત્યારે ભાઈ નાનો હતો. માતા જેવી આંખો અને પિતા જેવી બોલીવાળા ભાઈને બહેન ન ઓળખે એવું બને?

ભાઈએ ખબર પૂછ્યા કે બહેન, તું સુખી તો છે ને? તારાં સુખ-દુ:ખની વાત કર, ઘેર જઈશ ત્યારે મા સૌથી પહેલા એ જ પૂછશે! બહેને પોતાના પર થતા જુલમની માંડીને વાત કહી. જગતનો ક્યો ભાઈ બહેનનું દુ:ખ સાંભળી શકે? ભાઈ કહે, બહેન ચાલ આપણે ઘેર, તારું સાસરિયું છોડી દે...! બહેન કહે છે કે મારા વીર! સાસરિયામાં આમ જ હોય! હું તારે ઘેર કેટલા દિવસ રહી શકું? એક દિવસ તો મારે સાસરે જ જવું પડે, વિધાતાએ અમારા સ્ત્રીઓના લેખ આવા જ લખ્યા હોય છે. ભાઈને પોતાનું દુ:ખ વર્ણવી બહેને ભાદર નદીમાં ઝંપલાવી દીધું...!

આ લોકગીત સમજાવીને ગાઈએ ત્યારે શ્રોતાઓનાં ચક્ષુઓમાં ચોમાસુ, અંતરમાં ઉનાળો અને શરીરે શિયાળો બેસી જાય છે!

શેરી વચાળે ઊભી 'તી ને નરમળ નરમળ જોતી 'તી

શેરી વચાળે ઊભી'તી ને નરમળ નરમળ જોતી'તી,
વાટલડી જોતી'તી દીનાનાથની.

દીનોનાથ ઘેરે આવિયા ને ચંપો મરવો લાવિયા,
લાવીને રોપ્યો છે રાધા-આંગણે.

નહીં રાંધું ને નહીં પીરસું જી, નહીં વલોણું તાણું જી,
રિસાઈ પોઢ્યાં રે રાણી રુખમણી.

જેઠ બેઠા આંગણીએ ને સાસુ બેઠાં રાંધણીએ;
પીરસો તો જમીએ રે રાણી રુખમણી.

બાર દી'ના ભૂખ્યાં છે, ને તેર દી'ના તરસ્યાં છે,
પીરસો તો જમીએ રે રાણી રુખમણી.

બાર જણીઉં રાંધે છે, ને તેરમી વલોવે છે,
વાંસો વાળી ઊભાં રાણી રુખમણી.

અમ્મારા ને મૈયરિયાં, અમ્મારા ને પિયરિયાં;
તિયાં ને મેલો રે દીનાનાથજી.

અઢાર ગજ વડ ઊંચો છે,ને પંદર ગજ વડ પો'ળો છે,
તિયાં ને વિરામો રાણી રુખમણી.

માને ધીડી મળે છે, માને આંસુ ઝરે છે,
માતાને આંસુડે સરવર છલી વળ્યાં.

માને ધીડી મળે છે, ધીડી ધ્રાક મેલે છે,
ધીડીને ધ્રૂસકડે ડુંગર ડોલિયા.

કાચી માટીનાં માતા અમે ઘડ્યા,તાતા તેલમાં અમને તળ્યા,
મૂરખડો ભરથાર રે માતા અમે વર્યા.

ગંગા માટીનાં ધીડી તમે ઘડ્યાં, ગંગાજમના તમે વર્યાં,
શ્રીકૃષ્ણ ભરથાર રે ધીડી તમે વર્યાં.

શ્રીકૃષ્ણના પત્ની અનાસક્તભાવે ભગવાનની રાહ જોઈ રહ્યાં હતાં, પ્રભુ ચંપો અને મરવો જેવા સૌરભસભર છોડ લઈ આવ્યા પણ વાવ્યા રાધાજીને આંગણે! કઈ પત્ની આવું ચલાવી લે? પતિ પોતાના આંગણાની શોભા વધારવાને બદલે પોતાની માનીતીના ઘરને શોભાયમાન કરે એ રુક્ષ્મણીથી સહન ન થયું અને એ જ રિસનું મહાકારણ બની ગયું. રુક્ષ્મણીજીએ ઘરમાં હડતાલ ઘોષિત કરી દીધી. રસોઈ કરવી, પીરસવું, વલોણું તાણવું-બધું બંધ કરી રાણીએ ભગવાનને કહી દીધું કે, મને મારે પિયર જવા દો!

રુક્ષ્મણીને રિસામણે આવેલાં જોઇને માતા ખૂબ વ્યથિત થયાં. માનાં આંસુથી સરોવર છલકાઈ ગયું! દીકરી પાસેથી હકીકત જાણ્યા પછી કહ્યું કે તું મૂર્ખને નથી વરી, તારા ભરથાર તો જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ છે!

કૃષ્ણ-રુક્ષ્મણીના ઉદાહરણ દ્વારા લોકગીતના રચયિતાએ સમાજના આમ દંપતીનાં રિસામણાં-મનામણાં પર પ્રકાશ ફેંક્યો છે. પતિના વલણથી નારાજ અનેક પત્નીઓ પિયર જતી રહેતી હોય પણ પિયરમાં માતા, પિતા અને પરિજનોની તેને કેવી સલાહ મળે છે એના પર ઘણો આધાર હોય છે. રુક્ષ્મણીની માતાએ કૃષ્ણની મહાનતા દર્શાવી સાસરે પાછા જવાની સલાહ આપી એ ધડો લેવા જેવી છે. લોકગીતો આમ લોકશિક્ષણ આપતાં રહે છે.

કૃષ્ણ-રુક્ષ્મણીનાં રિસામણાં-મનામણાંનાં આવાં અન્ય લોકગીતો પણ મળે છે.

ફૂલ ઉતર્યાં ફૂલ વાડીએ રે લોલ

ફૂલ ઉતર્યાં ફૂલ વાડીએ રે લોલ
ફૂલ તમે ઉતારા કરતા જાવ
ડોલરિયા ફૂલ ઘણાં રે લોલ
ઉતારા કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

પોઢણ કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

દાતણ કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

નાવણ કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

ભોજન કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

મુખવાસ કરશું બે ઘડી રે લોલ
માડી ! મારે માથે પઠાણુંનાં વેર
કે લશ્કર વિયાં ગિયાં રે લોલ
ફૂલ ઉતર્યાં....

ગુર્જરી ગિરા પાસે કેટલાં બધાં લોકગીતો! કેવું વિષય વૈવિધ્ય! કેટલું બધું ટકાઉપણું! કેવા મસ્ત ઢાળ! કેટલી બધી લોકપ્રિયતા!

ફૂલવાડીમાં ફૂલ ઊતરે કે ખીલે એમાં નવાઈ શી છે? ફૂલને કોઈ ઉતારા કરવાનું કહે એ વિસ્મયકારક છે. ફૂલને વાચા ફૂટે ને એ પાછાં એમ કહે કે અમે ઉતારા, પોઢણ, દાતણ, નાવણ, ભોજન, મુખવાસ-બે ઘડી માટે જ કરશું કેમ કે વેરી અમારી વાટ જુએ છે, અમારું લશ્કર આગળ જતું રહ્યું છે. આખું લોકગીત સાંભળ્યા કે વાંચ્યા પછી દુર્બોધ લાગે, કંઇ સમજાય નહિ કે એકેય તાર મળતા ન હોય એવું લાગે.

લોકગીતો સુબોધ હોય; સાદગી જ એનો વૈભવ છે. લોકને પ્રિય છે એટલે જ એ 'લોકગીત' છે. સરળ છે એટલે જ એ સફળ છે નહીંતર તો અનેક કવિતાઓની જેમ લોકગીતો પણ દિવસો કે મહિનાઓમાં વિસ્મૃતિનો ભોગ બની જાત. એ સૈકાઓ સુધી જીવે છે એનો અર્થ જ એ થાય કે લોકગીતો ભાદરવાના ભીંડા નથી પણ કબીરવડ છે, એ શિવના મસ્તકે ઝીલાયેલી ભાગીરથીનું વહેણ છે, નહિ કે શ્રાવણી સરવડે વહેતી થયેલી ખરખરડી!

'ફૂલ ઊતર્યાં ફૂલવાડીએ રે લોલ...'માં ફૂલ સંજ્ઞા છે, પ્રતીક છે. અહિ 'ફૂલ' એટલે પોતાનો પ્રિયતમ. ત્રણ-ચાર પેઢી એક ઘરમાં રહેતી હોય એવી સ્ત્રીનો પતિ રાજના લશ્કરમાં રહીને મા ભોમની રક્ષા કરે છે. એ વટેમાર્ગુ બનીને ફોજ સાથે નીકળ્યો છે. પોતાનું ગામ આવ્યું એટલે થોડીવાર માટે વાડીએ રોકાઈ ગયો, સ્વાભાવિકપણે જ પત્નીને મળવાની તાલાવેલી હોય. સામાપક્ષે પત્નીને પણ જાણ થઇ. હવે સવાલ એ આવ્યો કે વાડીએ જવા માટે કારણ શું બતાવવું? એણે યુક્તિ કરી પોતાની સહેલીઓને એકઠી કરી ફૂલવાડીએ નવાં નવાં, રંગબેરંગી, ખુશ્બોદાર ફૂલો ઉતર્યાં છે-ખીલ્યાં છે એવું કહ્યું ને એ બહાને સૌ સખીઓ ફૂલવાડીએ પહોંચી.

ફૂલવાડીએ નાયિકાના દિલનો ડોલરિયો સોળેય કળાએ ખીલીને પમરાટ પ્રસરાવતો હતો, બન્ને મળ્યાં જાણે કે ડોલર પાસે પતંગિયું ઉડી આવ્યું! મુલાકાતનું મેઘધનુષ્ય થોડીવાર જ નિખરવાનું હતું એ બન્નેને ખબર હતી એટલે સ્ત્રીએ કહ્યું કે, તમે ઉતારા કરતા જાવ પણ ફરજનિષ્ઠ પુરુષ કહે છે કે હું બે ઘડી જ રોકાઈ શકીશ કેમ કે અમારે પઠાણો સાથે વેર છે. અમે લડવા તત્પર છીએ. અમારું લશ્કર આગળ નીકળી ગયું છે. હું વહેલીતકે એની સાથે જોડાઈ જાઉં.

ગુજરાતના ઈતિહાસ પર નજર કરીએ તો જૂનાગઢ, પાલનપુર, બાલાસિનોર અને રાધનપુરમાં મૂળ અફઘાનિસ્તાની પશ્તૂન એટલે કે પઠાણોનું રાજ હતું. ઈ.સ.૧૭૩૦થી ઈ.સ. ૧૯૪૮ સુધી તેમણે આ દેશી રજવાડાંમાં શાસન કર્યું. આ સુગંધી લોકગીત પઠાણોના રાજકાજ વખતે રચાયું હશે એવું અનુમાન કરી શકાય.

હો રાજ રે ! વાવડીનાં પાણી ભરવા ગ્યા'તાં

હો રાજ રે! વાવડીનાં પાણી ભરવા ગ્યા'તાં
મને કેર કાંટો વાગ્યો
હો રાજ રે! વડોદરાના વૈદડા તેડાવો !
મારા કાંટડિયા કઢાવો! મને પાટડિયા બંધાવો!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! ધોરાજીના ઢોલિયા મંગાવો!
માંહીં પાથરણાં પથરાવો! આડા પડદલડા બંધાવો!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! ઘરમાંથી રાંધણિયાંને કાઢો!
મારી ધૂમાડે આંખ્યું દુઃખે!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! ઓશરિયેથી ખારણિયાને કાઢો!
મારા ધબકે ખંભા દુઃખે!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! આંગણિયેથી ગાવલડીને કાઢો!
એનાં વલોણાંને સોતી!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! સસરાજીને ચોવટ કરવા મેલો!
મને ઘૂંઘટડા કઢાવે!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! નણંદડીને સાસરિયે વળાવો!
એના છોરુડાંને સોતી!
મને કેર કાંટો વાગ્યો...

હો રાજ રે! ફળિયામાંથી પાડોશણને કાઢો!
એના રેંટિયાને સોતી!
મને કેર કાંટો વાગ્યો...

ઘરનું ઘર હોવું જોઈએ પણ ઘરમાં ઝાઝા સભ્યો ન હોવા જોઈએ, મૂરતિયાને ભાઈ-બહેન ન હોય તો ઉત્તમ, સાસુ-સસરા હોય તો બહુ વાંધો નથી પણ પંચાત ન કરે એવા હોવા જોઈએ, દાદા-દાદી હયાત હોય તો અલગ રહેતા હોવા જોઈએ-આવી શરતો હવે સગપણ વખતે થવા લાગી છે ત્યારે આપણે નિસાસો નાખીને 'કળિયુગ આવી ગયા'નો કક્કો ઘૂંટીએ છીએ પણ આ માનસિકતા નવી નથી, આ લોકગીતમાં આવી જ કાંઈક વાત છે.

સંયુક્ત કુટુંબમાં રહેતી વહુવારુને કૂવા-વાવે પાણી ભરવા જવું પડે, અનાજ-મસાલા ખાંડવા પડે, ગાય દોહવી પડે, દહીં વલોવવું પડે...કેટલાં કામ કરવાં પડે! વળી સાસુ-સસરાની હાજરીમાં લાંબો ઘૂંઘટ તાણવો પડે, નણંદ પિયર આવે ત્યારે બાળકો સમેત સહુને સાચવવાં પડે. વહુને આ બધી 'ઝંઝટ' લાગે છે અને આ ઝંઝટમાંથી તે મુક્ત થઈ જવા માગે છે. યુગ પરિવર્તન સાથે વિભક્ત પરિવારની વિભાવના બળવત્તર બની એની સીધી જ અસર આપણી લોકસંસ્કૃતિને થઈ છે એ વાત આ લોકગીતથી સમજાય છે.

ગુજરાતી લોકગીતોમાં ગામનાં નામ આવતાં રહે છે જેમકે ચિત્તલની ચુંદડી, ઘોઘાના ઘોડલા વગેરે... અહિ પણ પ્રાસ મેળવવા વડોદરાના વૈદડા, ધોરાજીના ઢોલિયા વગેરે ગવાયું છે. ગોંડલ, તરણેતર, દ્વારકા, જામનગર, પાટણ, સુરત, શામળાજી, જેવાં ગુજરાતનાં ગામોનો કેટલાંય લોકગીતોમાં ઉલ્લેખ છે.

કેટલાક લોકો 'કેર કાંટો'ને બદલે 'કેડ કાંટો' ગાય છે અને લોકગીતનું ખોટું અર્થઘટન કરે છે, વાસ્તવમાં લોકગીતની નાયિકાએ અહિ કેરડા (અથાણું કરવાનું ચણી બોર જેવું એક ફળ)નો કાંટો દર્શાવ્યો છે. કેરડાનો કાંટો ખૂબ બારિક અને વાગે તો ખૂબ વેદના થાય એવો હોય છે.

હાલોને બાયું તરણેતરને મેળે જો

હાલોને બાયું તરણેતરને મેળે જો,
તરણેતરિયો મેળો જોવાની જુગતી.

આજના ઉતારા જઈ તરણેતર કરશું જો,
તરણેતરિયો મેળો જોવાની જુગતી.

આજના દાતણિયાં જઈ તરણેતર કરશું જો,
તરણેતરિયો મેળો જોવાની જુગતી.

આજના નાવણિયાં જઈ તરણેતર કરશું જો,
તરણેતરિયો મેળો જોવાની જુગતી.

આજના ભોજનિયાં જઈ તરણેતર કરશું જો,
તરણેતરિયો મેળો જોવાની જુગતી.

વિશ્વના કેટલાક દેશોની વસતી કરતાં ગુજરાતના લોકમેળાઓમાં મહાલવા આવતા સહેલાણીઓની સંખ્યા વધુ હશે! જૂનાગઢ ગિરિ તળેટીમાં ભવનાથનો મેળો, પરબ, માધવપુર, તરણેતર, રણુંજા, અંબાજી, શામળાજીના મેળા ગુજરાતીઓના દિલની નજીક છે. લોકમેળામાં જે વસ્તુઓ વેંચાય, જે ખાણી-પીણી મળે એ આડે દિવસે બજારમાં મળે જ છે છતાં મેળામાંથી કશુંક ખરીદવું, મેળામાં નાસ્તા-પાણીનો આસ્વાદ લેવાના આપણે શોખીન હોઈએ છીએ એટલે એમ કહીએ કે લોકમેળામાં લટાર મારવાની આદત આપણા લોહીમાં ભળેલી છે!

કદાચ એટલા માટે જ લોકમેળા આપણા લોકગીતોનો વિષય બન્યા છે. આ લોકગીત તરણેતરના લોકમેળે જવાની તાલાવેલી વ્યક્ત કરતી એક યૌવનાના કંઠેથી વહ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના થાન નજીક, પાંડવકાલીન ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં જે ગામ વસ્યું તેનું નામ અપભ્રંશ થઈને તરણેતર થયું. ભાદ્રપદ માસમાં શુક્લ પક્ષની ત્રીજ, ચોથ, પાંચમના તરણેતરનો મેળો ભરાય છે.આ મેળો પારંપરિક પહેરવેશ, દેશી રમતો, હૂડો જેવા લોકનૃત્ય માટે જગવિખ્યાત છે.

નાયિકાને તરણેતરિયે મેળે જવાની લગની લાગી છે એટલે એ આડોશ-પાડોશની મહિલાઓને નોતરે છે. મેળાની અસલ મજા તો સમૂહમાં જઈએ તો આવે, એકલ-દોકલને તો આંટાફેરા થાય! તરણેતરનો મેળો અહર્નિશનો મેળો છે, ત્યાં સમયની કોઈ પાબંદી નથી એટલે મેળામાં ઉતારા, દાતણિયાં, ગંગાજીનું અવતરણ થતું હોવાનું મનાય છે એટલે એ પાવનકુંડમાં નાવણિયાં અને ભોજનિયાં- બધું જ મેળામાં કરવાની તેની નેમ છે.

પાંચાળ પંથકના લોકો હૂડો લેતાં લેતાં આવાં લોકગીતો ગાય ત્યારે ત્યાં હાજર લોકસમૂહના કાન કાંઇક રૂડું સાંભળ્યાનો અને આંખો અસલ લોકનૃત્ય જોયાનો સંતોષ અનુભવે છે.

મારી જવની વાડીમાં સૂડો પડ્યો

મારી જવની વાડીમાં સૂડો પડ્યો,
નાહોલીઓ નાનું બાળ,
સૂડલો મેં ટોયો રે
મારી જવની...
મારે પગ પરમાણે કડલાં
મારી કાંબીએ રતન જડાવ્ય,
સૂડલો મેં ટોયો રે
મારી જવની...
મારે ડોક પરમાણે દાણિયું
મારી તુળસીએ રતન જડાવ્ય,
સૂડલો મેં ટોયો રે
મારી જવની...
મારે હાથ પરમાણે ચૂડલિયું
મારી ગૂજરીએ રતન જડાવ્ય,
સૂડલો મેં ટોયો રે
મારી જવની...
મારે નાક પરમાણે નથણી
મારી ટીલડીએ રતન જડાવ્ય,
સૂડલો મેં ટોયો રે
મારી જવની...

આપણા ઘણા ખરા વિદ્યાર્થીઓ ઈંગ્લીશ મીડિયમમાં અભ્યાસ કરે છે. ગુજરાતી માધ્યમમાં ભણતા હોય તોય વ્હોટ્સએપના મેસેજ જેવી 'ગુજલીશ'(ગુજરાતી + ઈંગ્લીશ) ભાષા બોલે છે અને લખે છે એટલે ગુજરાતી લોકગીતો એને કદાચ ભારેખમ લાગે, એમાં પ્રયોજાતા લોકબોલીના મીઠા શબ્દો સમજ બહારના, આઉટ ઓફ ડેટ લાગે એ સ્વાભાવિક છે, એથી જ કોલેજો, યુનિવર્સિટીઓમાં અને ઉચ્ચશિક્ષિત વર્ગ સમક્ષ લોકગીતો સમજાવીને ગાઈએ તો એને સમજાય અને ગમે. હા, આપણું લોકસંગીત ગમી જાય એવું તો છે જ !

'મારી જવની વાડીમાં સૂડો પડ્યો...' લોકગીતનું મુખડું થોડું અઘરું છે. જવ એટલે શું એ તો કદાચ સૌને ખબર હોય કે એક ધાન્ય છે પણ સૂડો એટલે? આપણે એટલું જાણીએ છીએ કે પોપટનો પર્યાયવાચી શબ્દ છે. વાસ્તવમાં ડોકે કાળો કાંઠલો ન હોય એવો પોપટ જેને કોઈ 'ટપોરી પોપટ' તો અમુક લોકો 'થર્ડ જેન્ડર' માને છે! આજે હસબન્ડ અને મિસ્ટર જેવા શબ્દો જીભે ચડેલા છે એટલે 'નહોલીઆ'નું પણ 'ઉપજણ' નથી! નાહોલીઓ એટલે પતિ અને 'ટોયો' એટલે કે બૂમો પાડીને ઉડાડી મુક્યો.

લોકગીતની જોબનવંતી નાયિકા કહે છે કે, મારી લીલીછમ જવની વાડીમાં એક સૂડો ક્યાંકથી અચાનક આવી ચડ્યો. મારો પતિ તો સાવ નાનું બાળ છે એટલે સૂડાને મેં ઉડાડી મુક્યો. અહીં બાળલગ્નના કુરિવાજ સાથે સ્ત્રી સશક્તિકરણનો મુદ્દો ઉજાગર થયો છે. યુવતીઓને નાનકડા વર સાથે પરણાવી દેવાની પરંપરાની આડઅસર અહીં દેખાય છે. બાળપતિ વાડીએ કેમ જાય? જાય તોય શું કરે? પત્નીએ જ મોલાતનું ધ્યાન રાખવા સહિતનાં કામ કરવાં પડે.

આ લોકગીતનો બીજો અર્થ એમ પણ થાય કે જે પુરુષ નિર્બળ, નાસમજ, મોભાહીન હોય એની લીલ્લેરી 'જવની વાડી' બાજુ 'સૂડા' ઉડતા આવે પણ એ ફાવે નહીં કેમકે વાડીની માલકણ ગુર્જરભૂમિની ગૌરવશાળી ગોરાંદે છે!

નાયિકા પોતાના પતિને કહે છે કે મને હાથ, પગ, ડોક, નાકનાં ઘરેણાં ઘડાવી એમાં રતન જડાવી દે, હું એની હક્કદાર છું. મેં તારી લીલી વાડી સાચવી રાખી છે!

હેરી હેરી મોરલિયું વાગે છે

હેરી હેરી મોરલિયું વાગે છે
મોરલીનો સરવો સાદ, સરવો સાદ, મોરલિયું વાગે છે.
હેરી હેરી...

અમે ચૂંદડી હોય તો ઓઢીએ
ડોલરિયો દરિયાપાર, દરિયાપાર, મોરલિયું વાગે છે.
હેરી હેરી...

અમે હારલો હોય તો પે'રીએ
ડોલરિયો દરિયાપાર, દરિયાપાર, મોરલિયું વાગે છે.
હેરી હેરી...

અમે ચૂડલો હોય તો પે'રીએ
ડોલરિયો દરિયાપાર, દરિયાપાર, મોરલિયું વાગે છે.
હેરી હેરી...

અમે કાંબિયું હોય તો પે'રીએ
ડોલરિયો દરિયાપાર, દરિયાપાર, મોરલિયું વાગે છે.
હેરી હેરી...

લોકગીતો એટલે સમાજજીવનની કલર ઝેરોક્ષ. વિરહિણી વનિતા પોતાની વેદનાને વાચા આપે તો એ વિરહનું લોકગીત બની જાય. આપણી પાસે અઢળક વિરહગીતો છે.

નવપરણીતાઓ ઉપર વિરહનું સંકટ સતત ઝળુંબતું રહેતું. ખેતી, શ્રમ કે હુન્નરમાં આખા પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ હતું એટલે પરિવારના જુવાનજોધ દીકરાઓને ઘરથી દૂર કમાવા જવું પડતું. જ્યારે આજના જેવા માર્ગો નહોતા, વાહનવ્યવહાર ઓછો હતો, સંદેશાવહનનાં સાધનો નહોતાં ત્યારે તો ઘરથી પાંચસો, સાતસો કિલોમીટર દૂર વસતો પુરુષ પરદેશી લાગતો... અરે, આજથી ૪૦-૫૦ વર્ષ પહેલા સુરત કે મુંબઈ હીરા ઘસવા ગયેલા સૌરાષ્ટ્રના યુવકો પરદેશમાં હોય એવા અહેસાસો થતો. આ દિવાળીએ વતન આવ્યા હોય પછી છેક સામી દિવાળીએ ઘરનાં દર્શન થતાં. હજુ સુરતમાં વસનારા સૌરાષ્ટ્રના રત્ન કલાકારો પોતાના ગામડે જવું હોય તો 'દેશમાં જવું છે' એમ બોલે છે. જો આજેય સુરત 'પરદેશ' લાગતું હોય તો એક બે સદી પૂર્વેની તો વાત જ ન્યારી. એ સમયે પણ અનેક ગુજરાતી યુવકો બર્મા, મલેશિયા, આફ્રિકન દેશોમાં રોજીરોટી માટે જતા. બહાર વસતો યુવક લગ્ન કરી પાંચ-પંદર દિવસ સહજીવન માણી, વ્યવસાયના સ્થળે એકલો જ જાય કેમ કે એવી કોઈ મોટી આવક નહોતી કે ત્યાં તરત જ ઘર વસાવી શકે એટલે પોતે ત્યાં અને પત્ની વતનમાં.

'હેરી હેરી મોરલિયું વાગે છે...' વિરહગીત છે. મોરલીનો નાદ રેલાતો હોય ત્યાં વિરહાગ્નિ કેમ પ્રગટે? સંગીત તો અનહદ-અપાર આનંદની અનુભૂતિનો પર્યાય છે, છતાં અહીં ધીમી ધીમી છેડાયેલી મોરલી એક વિરહિણીની વ્યાકુળતા પ્રદિપ્ત કરી રહી છે. દ્રશ્ય કંઇક એવું છે કે વૃન્દાવનમાં કદમ્બ જેવા ઝાડની ઓથે ઉભા રહીને વનમાળીએ બંસરી છેડી દીધી. મુરલીધરની વાંસળીનો સાદ કોયલના કંઠ જેવો 'સરવો' છે એટલે સીધો જ વિરહીવામાનાં હૈયા પર વાર કરે છે. મોરલીના નાદની દિશામાં દોડી જવા એ આતુર છે. ઘરની બહાર જવું હોય તો નવી ચૂંદડી ઓઢવી પડે, હાર, ચૂડલો, કાંબિયું, કડલાં, ટીલડી જેવા સુવર્ણ અલંકારો ધારણ કરવા પડે પણ આ બધું કેમ પહેરવું? પતિ તો દરિયાપાર છે, પરદેશ છે; કોના માટે સજવું-ધજવું? એવો વિચાર ઝબકતાં જ જીવનમાં પાનખરનો અહેસાસ થયો. ક્યારે પતિ આવે ને ફરી વસંતનાં વધામણાં થાય!

આ લોકગીતના ઢાળમાં મોરલીના નાદની મધુરતા તો વિરહમાં ડૂબેલી વનિતાની વેદનાનો સંગમ થયો છે.

કાંકરીના માર્યા કદી ન મરીએ

કાંકરીના માર્યા કદી ન મરીએ
મેણાંના માર્યા મરીએ વાલીડા
નેડો લગાડ્યો તમ સાથે રે

રસિયે વાડી રોપાવી એલચીની રે
એલચી વીણવા જઈએ વાલીડા
નેડો લગાડ્યો તમ સાથે રે.
કાંકરીના...

રસિયે વાડી રોપાવી લવિંગની રે
લવિંગ વીણવા જઈએ વાલીડા
નેડો લગાડ્યો તમ સાથે રે.
કાંકરીના...

રસિયે વાડી રોપાવી જમરૂખની રે
જમરૂખ વીણવા જઈએ વાલીડા
નેડો લગાડ્યો તમ સાથે રે.
કાંકરીના...

રસિયે વાડી રોપાવી દાડમની રે
દાડમ વીણવા જઈએ વાલીડા
નેડો લગાડ્યો તમ સાથે રે.
કાંકરીના...

અંતરના આભમાં પ્રણયનું મેઘધનુષ નિખરે ત્યારે મુગ્ધા નવપલ્લવિત થઈ જાય, એનું ચિત્ત ચાકડે ચડીને પ્રગટ કે અપ્રગટપણે કશુંક ગાવા લાગે, એ સહજ ગાયન એટલે શૃંગારરસનું લોકગીત. ગુર્જર વનિતાઓએ વરસાવેલાં સ્નેહનાં સરવડાંની સરવાણી હવે લોકસંગીતની અલકનંદા બની ગઈ છે. અનેકાનેક પ્રણય-શ્રૃંગારગીતો ગુજરાતી ગિરાને આંગણે ઉઝર્યાં છે.



'કાંકરીના માર્યા કદી ન મરીએ...' સાકર જેવું ગળ્યું શૃંગારગીત છે. લોકગીતની નાયિકા કહે છે કે કોઈનો વાંક હોય ત્યારે શારીરિક દંડ આપીએ તો એ સમય જતાં વિસારે પડી જાય પણ કોઈને કટુવચન કહીએ, મેણાં મારીએ, ઠેકડી ઉડાવીએ તો એ છેલ્લા શ્વાસ સુધી ભૂલાતું નથી. ટૂંકમાં હાથ-પગના વાર કરતાં જીભનો વાર વધુ ઘાતક છે. તે પોતાના પ્રિયપાત્રને કહે છે કે મેં તો તારી સાથે નેડો લગાડ્યો છે, તારી સાથે સ્નેહાનુબંધથી જોડાઈ છું. રસીલી રમણી કહે છે, મારા રસિયાએ પોતાની વાડીમાં એલચી, લવિંગ, જમરૂખ, દાડમ ઉગાડ્યાં છે, હું એ વીણવા જઈશ કેમકે જેની સાથે નેડો લાગ્યો છે એને મળવાનું અતિ ઉત્તમ સ્થળ એની વાડી જ છે!

આ તો થયો લોકગીતનો એક અર્થ પણ ગૂઢાર્થ એવો થાય કે અહીં જે 'એલચીની વાડી'નો ઉલ્લેખ છે તે પ્રિયતમના સદ્‌ગુણોની સુવાસ હોઈ શકે. પોતે જેને ચાહ્યો છે, જેની પ્રીતના પ્રાગવડની શીળી છાંયડી પામવા મળી, એ પિયુ એલચી જેવો શિતળ, સુવાસિત છે, એની ફોરમ દૂર-સુદૂર સુધી ફેલાયેલી છે. વળી, એ લવિંગ જેવો સહજ પ્રાપ્ય, જમરૂખ અને દાડમ જેવો ગુણી છે !

નાયિકાની વાત પરથી એટલું શીખીએ કે ગુણવાન, ચારિત્ર્યવાન, શુધ્ધ મનોભાવવાળા અને સહજ જન સાથે માયા રાખવી બાકી જે આંકડો ચડાવી ને ડંખવા તૈયાર હોય એવા વીંછી પણ આપણી આજુબાજુમાં જ વસતા હોય છે. હંસલા અને બગલા વચ્ચે જે ભેદ નથી જાણી શકતા એ આજીવન પસ્તાય છે.

બાઈજીને આંગણ આંબલો રે સંઘલાલ

બાઈજીને આંગણ આંબલો રે સંઘલાલ
મારે આવે રૂડી છાંય મોરી સંઘલાલ
વહુનો વીરો વણજારો રે સંઘલાલ

બાઈજીને મે'માન આવિયા રે સંઘલાલ
મારે આવે મારો વીર મોરી સંઘલાલ
વહુનો વીરો...

બાઈજીએ વોર્યો બાવટો રે સંઘલાલ
મેં રે વોરી ઝીણી શેવ મોરી સંઘલાલ
વહુનો વીરો...

બાઈજીને લાવ્યા કાપડું રે સંઘલાલ
મારે લાવ્યા ભગર ભેંસ મોરી સંઘલાલ
વહુનો વીરો...

હું ને મારી બાઈજી લાડિયાં રે સંઘલાલ
આવ્યાં અમે ઢીંકાઢીંક મોરી સંઘલાલ
વહુનો વીરો...

પારિવારિક કજિયા નવી વાત નથી, એમાંય સાસુ વહુ વચ્ચે ઝઘડા ન થાય તો જ નવાઈ! આદર્શ સ્થિતિ એ છે કે, બન્ને વચ્ચે માતા-પુત્રી જેવો સ્નેહસભર નાતો હોય પણ વાસ્તવિકતા અલગ જ હોય છે છતાં કેટલાંક કુટુંબો એમાં અપવાદરૂપ પણ છે. લોકજીવનમાં આવા કંકાસ સામાન્ય હતા. સાસુ વહુ વચ્ચે મતભેદ સર્જાય ને એમાંથી કજિયો થાય પણ એનું પરિણામ માત્ર એટલું આવતું કે પરિવાર જુદો થતો... આજની જેમ વાત આત્મહત્યા સુધી ન પહોંચતી એ સારું હતું.

'બાઈજીને આંગણ આંબલો...' લોકગીતમાં સાસુ વહુ વચ્ચે મીઠો ઝઘડો ગવાયો છે. સાસુથી જુદી થઈને એના જ ફળિયામાં રહેતી વહુ આખો દિવસ સાસુ સાથે સ્પર્ધા કરતી રહે છે, સાસુ કરતાં પોતાની જાતને ચડિયાતી સાબિત કરતી રહે છે. ફળિયામાં આંબો સાસુએ વાવ્યો પણ એની શીળી છાંયડી વહુને આવે છે. સાસુને ઘેર આવે એ સામાન્ય મહેમાન છે પણ પોતાને ઘેર આવેલા મહેમાન પોતાના ભાઈ છે. મહેમાન માટે સાસુજી બાવટા જેવું હલકું ધાન્ય લઈ આવે છે, જયારે પોતે ભાઈને જમાડવા ઝીણી શેવ ખરીદી લાવે છે. સાસુના મહેમાન સામાન્ય કાપડું લાવ્યા છે, જયારે પોતાના માટે વીરો ભગરી ભેંસ લઇ આવ્યો એવું વહુ કહે છે.

લોકગીતનો અંતિમ અંતરો અનુકરણિય નથી. વહુ કહે છે કે હું અને મારાં સાસુ લડ્યાં, અમે ઢીંકાઢીક આવી ગયાં. સાસુ-વહુ કોઈ એકબીજાને માર મારે એ બિલકુલ વાજબી ન ગણાય. આ હરકત આજે ડોમેસ્ટિક વાયોલન્સની વ્યાખ્યામાં આવે છે, એ ગુનો છે. પરિવારના મતભેદનું સમાધાન વાતચીતથી થવું જોઈએ.

મારા વાડામાં વાલોળિયા
ત્યાં બાંધી કવલી ગાય રે

મારા વાડામાં વાલોળિયા ત્યાં બાંધી કવલી ગાય રે,
ખડ ખાય ને પાણી પીએ એનાં દૂધ કચોળે જાય રે.

કોણે તે ખીલા ખોડિયા ને કોણે બાંધી ગાય રે,
રામે તે ખીલા ખોડિયા ને સીતાએ બાંધી ગાય રે.

કોણે તે વાછરું છોડિયા ને કોણે દોહી ગાય રે,
રામે તે વાછરું છોડિયા ને સીતાએ દોહી ગાય રે.

કોણે તે દૂધ કઢિયાં ને કોણે મેળવ્યાં મહી રે,
રામે તે દૂધ કઢિયાં ને સીતાએ મેળવ્યાં મહી રે.

કોણે તે ગોરસ રેડિયાં ને કોણે ઘૂમ્યાં મહી રે,
રામે તે ગોરસ રેડિયાં ને સીતાએ ઘૂમ્યાં મહી રે.

કોણે તે માખણ તાવિયાં ને કોણે ભરિયાં ઘી રે,
રામે તે માખણ તાવિયાં ને સીતાએ ભરિયાં ઘી રે.

ગુજરાતી લોકગીતોમાં કેટલાંય ગૌ ગીતો મળે છે. ગાય સાથે ભગવાન શ્રીકૃષ્ણનો ઉલ્લેખ હોય, આ લોકગીતમાં કૃષ્ણ નહિ પણ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ અને સીતાનો નામોલ્લેખ છે. કદાચ એટલા માટે કે રામચંદ્રજીનાં લગ્ન થયાં ત્યારે સસરા જનક રાજાએ જમાઈને ગૌદાનમાં અનેક ગાયો આપી હતી એ શાસ્ત્રોક્ત વાત અહિ રચયિતાએ લોકગીતમાં ગૂંથી લીધી છે. ગાયનું અત્યાર સુધી આપણે માત્ર આધ્યાત્મિક મૂલ્ય આંક્યું હતું પરંતુ એ આર્થિક અને આયુર્વેદિક મૂલ્ય પણ ધરાવે છે. ઋષિ અને કૃષિ સંસ્કૃતિમાં ગૌમાતાનું સ્થાન અવ્વલ છે.

આ લોકગીતમાં 'કવલી ગાય' જેવો શબ્દ વપરાયો છે, 'કવલી' એટલે એક વાર વિયાય પછી સતત દૂધ આપ્યા કરે, ક્યારેય વસૂકે નહિ એવી ગાય. જો ગાય રાખવી હોય તો આખા પરિવારે શ્રમ કરવો પડે, ઘરની મહિલાઓ જ માત્ર ગાયની દેખભાળ કરે કે કામ કરે એ વાજબી નથી, પુરુષોએ પણ સહભાગી થવું પડે એ વાત આ લોકગીત દ્વારા સમજાવવામાં આવી છે. લોકગીતમાં રામ અને સીતાનાં પાત્રો દ્વારા એ વાત પર ભાર મુકાયો છે કે રામ ગાયનો ખીલો ખોડે તો સીતા ગાય બાંધે, રામ વાછરું છોડે તો સીતા ગાય દોહે...આમ ગાયને લાગતાં બધાં જ કામમાં રામ-સીતાની જેમ સ્ત્રી પુરુષનો સમાન શ્રમયજ્ઞ જરૂરી છે.

ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું રે લોલ

ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું રે લોલ,
દીકરી કે'જો રાખદ:ખની વાત જો,
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

રાખના વારા તો માતા વહી ગયા રે લોલ,
દ:ખના ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો,
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

પછવાડે ઊભી નણદી સાંભળે રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

નણદીએ જઈ સાસુને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સાસુએ જઈ સસરાને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સસરે જઈ જેઠને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

જેઠે જઈ પરણ્યાને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો !
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પરણ્યે જઈ તેજી ઘોડો છોડિયો રે લોલ,
જઈ ઉભાડ્યો ગાંધીડાને હાટ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

અધશેર અમલિયાં તોળાવિયાં રે લોલ,
પાશેર તોળાવ્યો સુમલખાર જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા વાટકડે અમલ ઘોળિયાં રે લોલ,
પીઓ ગોરી નકર હું પી જાઉં જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,
ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

આટકાટનાં લાકડાં મંગાવિયાં રે લોલ,
ખોખરી હાંડીમાં લીધી આગ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પે'લો વિસામો ઘરને ઉંબરે રે લોલ,
બીજો વિસામો ઝાંપા બા'ર જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ત્રીજો વિસામો ગામને ગોંદરે રે લોલ,
ચોથો વિસામો સમશાન જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા સરખી વહુની ચે' બળે રે લોલ,
રૂપલા સરખી વહુની રાખ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

બાળી ઝાળીને ઘેર આવિયા રે લોલ,
હવે માડી મંદિરિયે મોકળાશ જો,
ભવનો ઓશિયાળો હવે હું રહ્યો રે લોલ.

વહુને મેણાં અને માર મારવો એ જૂના જમાનામાં કેટલાંક સાસરિયાંનું જાણે કે નિત્યકર્મ અને નિત્યક્રમ! પુત્રવધૂ પર પાંચ-દસ લીટર છાંટી દેવું હોય ત્યારે કેરોસીન મોંઘું ન લાગતું! વર્ષો સુધી સિતમ સહેનારી નારીઓ જીવનની છેલ્લી ખરીદી કરીને મોંઘું ઝેર ગટગટાવી જતી. રસોડામાં આંગળી દાઝે તો ઉંહકારો કરનારી અન્નપૂર્ણા અગનપછેડી ઓઢી લેતાં ન અચકાતી અને ઉંબરે ઠેસ વાગે તો મોઢેથી 'હાય મા' નીકળી જાય પણ નાનાં નાનાં બાલુડાંઓને અળગાં કરીને ફાંસો ખાઈ લેનારી વહુવારુઓ મૂક આક્રંદ કરતી પણ સમાજે કોઈ દિવસ એની વાત કાને ધરી છે? કાશ! યુગોથી કમોતે મરનારી કામિનીઓનું અરણ્યરૂદન આપણે સાંભળ્યું હોત!

'ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું રે લોલ....' આવી જ એક દુઃખિયારી પરિણીતાનું લોકગીત છે, જે પોતાનું દુઃખ હળવું કરવા આપવીતી વર્ણવે છે પણ ઘરની જાસૂસ નણંદ આ વાત સાંભળી જાય છે ને માતાને કહી દે છે કે, ભાભી તો આપણા ઘરની વાતો કરે છે. બસ ખલાસ, ઘરના સભ્યોએ એકમેકને આ ખબર આપી દીધા, છેલ્લે બાઈના પતિ સુધી વાત પહોંચી કે તારી વહુ તો ઘરની 'અંગત' વાતો બીજાને કહે છે, એણે આપણાં 'મોટાં ખોરડાં'ની આબરૂ ધૂળધાણી કરી નાખી છે!

થાકીને ઘરે આવેલો અને રોજની ખટપટ-માથાકૂટથી કંટાળેલો પતિ ગાંધીની દુકાને ગયો, અડધો શેર અફીણ અને તેને અતિ ઝેરી બનવવા પા શેર સુમલખાર ખરીદ્યો. સવાલ એ થાય કે અડધો શેર અફીણ ઓછું હતું તે એમાં ભેળવવા સુમલખાર લેવો પડ્યો? હા, પુરુષને અંદેશો હતો કે મારી પત્ની પરણીને આવી ત્યારથી મેણાં ને માર ખાતી આવી છે, એની કાયા થોડુંઘણું ઝેર તો પચાવી જશે એટલે ખાલી અફીણથી નહિ મરે!

સોનાના વાટકામાં દ્રાવણ કરી પત્નીને કહ્યું કે આ ઘરનો કજિયો એક જીવ માગે છે લે આ ઝેર, કાં તું પી જા નહીંતર હું પી જઉં! સ્ત્રીએ તરત જ વાટકો આંચકી લીધો. એણે વિચાર્યું હશે કે કે હું આ ઘરનો વંશવેલો વધારવા આવી છું, મારાથી આ પરિવારનો વંશજ કેમ છિનવી શકાય? વાટકો મોઢે માંડીને ઘટક....ઘટક.....ઝેર પી ગઈ!

લોકગીતમાં 'ઘટક દઈને ગોરાંદે પી ગયાં' જેવા શબ્દો વપરાયા છે. આ 'ઘટક' અવાજ શેનો હતો? એ કાંઈ કાચી કેરીનું શરબત પીતી હતી તે ઘટક....ઘટક...અવાજ આવે? ના, કોઈપણ કન્યા જયારે સાસરે સિધાવે ત્યારે એના મનમાં હજારો અરમાનો હોય, આ સ્ત્રી પણ અનેક ઓરતાં લઈને સાસરે આવી હતી પણ જે ઓરતા અધૂરાં રહ્યાં એ બધાં ઝેર સાથે જાણે કે ગળે ઉતારી ગઈ-એનો અવાજ આવ્યો હશે-'ઘટક'.

'મોટાં ખોરડાં વગોવનારી' વહુ મોટા ગામતરે ચાલી ગઈ હવે શું? કોઈ સાચું, કોઈ ખોટું રોયાં પણ એના પતિને મસાણ વૈરાગ્ય લાધ્યો ને એણે માતા સહિતના કુટુંબીજનોને કહ્યું કે, તમારે બધાને હવે નિરાંત થઈ ગઈ પણ હું જીવનભરનો આશિયાળો થઈ ગયો.

લોકગીતની પહેલી બે લીટી ગડમથલમાં મુકે છે. ગામમાં જ પિયર અને સાસરું હોય, દીકરી સાસરિયે ખૂબ જ દુઃખી હોય ને માતાને આટલાં વર્ષ ખબર ન પડે એવું કેમ બને? મા તો એવું પાત્ર છે જેણે દીકરીને પૂછવું પણ ન પડે કે તું સુખી છે કે દુઃખી; પુત્રીના ચહેરાની રેખાઓ જોઈને જ સમજી જાય!

આજે આઈએએસ-આઈપીએસ પદ પર કે કોઈ બહુરાષ્ટ્રીય કંપનીનું સંચાલન કરતી મહિલાઓને જોઈએ તો ગર્વ અને ગૌરવ થાય પણ હજુ સેંકડો સ્ત્રીઓ સાસરિયે ત્રસ્ત હશે ને 'અનિચ્છા મૃત્યુ' પામતી હશે. આ સામાજિક સમસ્યાનો હલ શોધવો પડશે.

તમે મારા દેવના દીધેલ છો

તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો,
આવ્યા ત્યારે અમર થઈને રો'!

મા'દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું ફૂલ;
માં'દેવજી પરસન થયા ત્યારે આવ્યા તમે અણમૂલ.
તમે મારું નગદ નાણું છો, તમે મારું ફૂલ વસાણું છો,
આવ્યા ત્યારે અમર થઈને રો'!

મા'દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું હાર;
પારવતી પરસન થયાં ત્યારે ઘોડિયા બાંધ્યાં ઘેર
તમે મારું નગદ...

હડમાન જાઉં ઉતાવળી ને જઈ ચડાવું તેલ;
હડમાનજી પરસન થયા ત્યારે ઘોડિયા બાંધ્યાં ઘેર
તમે મારું નગદ...

તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો,
આવ્યા ત્યારે અમર થઈને રો'!

ચીચણ પાસે પાલડી ને ત્યાં તમારી ફઈ;
પાન સોપારી ખાઈ ગઈ,કંકોતરીમાંથી રહી.
તમે મારા...

ભાવનગર ને વરતેજ વચ્ચે રે' બાળુડાની ફઈ;
બાળુડો જયારે જનમીઓ ત્યારે ઝબલાં ટોપીમાંથી ગઈ.
તમે મારા...

મા પોતાના શિશુને ઘોડિયામાં સુવડાવી હિંચકાવે અને ધીમું મીઠું ગાતી જાય. આ ગાન એટલે હાલરડું. બાળબોલીમાં 'હાલાં' કરવાં એટલે સૂઈ જવું. હાલાં કરાવતી વખતે ગવાતું ગીત એટલે હાલરડું. હાલરડાંમાં માતા બાલુડાની પ્રશંસા કરતી જાય, પ્રભુ પાસે એના કલ્યાણની મનોકામના કરતી જાય. હાલરડાંના શબ્દો એકદમ સરળ, ઢાળ કર્ણપ્રિય, તાલ વિલંબિત હોય કેમકે બાળકને મીઠી નિંદરડી આવે એ જ માતાનો આશય હોય છે.

આ હાલરડું લોકજીભે ચડેલું છે. એક એવી માતાએ તે ગાયું છે જેને અગાઉ શેર માટીની ખોટ હતી. મહાદેવજી, પાર્વતીજી, હનુમાનજીની અર્ચના-આરાધના કરી, દેવ-દેવી પ્રસન્ન થયા ને પુત્ર રત્ન પ્રાપ્ત પામી. આવી માતા જયારે પોતાના વહાલસોયા સંતાનને સુવડાવતી વેળાએ હાલરડું ગાય ત્યારે હાલરડું પ્રાર્થનાની કક્ષાએ પહોંચી જાય છે. જગતની દરેક માતા પોતાના બાળકનું દીર્ઘાયુષ્ય ઈચ્છતી હોય પણ આ માતા પોતાના છોરુ માટે અમરત્વ માગે છે. હાલરડાના અંતે માતા થોડી રમૂજ કરી લેવા પોતાની નણંદ એટલે કે બાળકની ફોઈ માટે ટીખળી ઉચ્ચારણો કરે છે.

આજે હાલરડાં ભાગ્યે જ કોઈને આવડે છે. કેટલીય માતાઓ માને છે કે બાળકને ઘોડિયામાં પોઢાડી મોબાઈલમાં ગીતો શરુ કરી દઈએ એટલે સૂઈ જાય...! હા, એમની વાત સાચી પણ જેમ માનું દૂધ અમૃત છે એમ એના કંઠેથી વહેતાં હાલરડાંય બાળક માટે સંજીવની છે એવું સંશોધન થશે ત્યારે એની કિંમત આપણને સમજાશે.

વા વાયા ને વાદળ ઊમટયાં

વા વાયા ને વાદળ ઊમટયાં
મધદરિયે ડૂલરાં વાણ, મોરલી વાગે છે.

એક હાલાર શે'રના હાથીડા,
કાંઈ આવ્યા અમારે દેશ, મોરલી વાગે છે.

છેલ છોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર, મોરલી વાગે છે.

એક ઘોઘા તે શે'રના ઘોડલા,
કાંઈ આવ્યા અમારે દેશ, મોરલી વાગે છે.

છેલ છોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર, મોરલી વાગે છે.

એક ચિત્તળ શે'રની ચુંદડી,
કાંઈ આવી અમારે દેશ, મોરલી વાગે છે.

છેલ છોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર, મોરલી વાગે છે.

એક મુંબઈ શે'રનાં મોતીડાં,
કાંઈ આવ્યાં અમારે દેશ, મોરલી વાગે છે.

છેલ છોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર, મોરલી વાગે છે.

લોકગીતોની રચના બહુ આયાસી નથી એટલે કે એના સર્જન માટે માથાફોડ કરવી પડતી નથી, પ્રયત્નપૂર્વક 'રદિફ-કાફિયા' મેળવવા પડતા નથી કેમકે લોકજીવનના સુખ, દુઃખ, વિરહ, મિલન, ખુશી જેવા ભાવો અનાયાસે લોકમુખેથી નીકળી જાય એ જ લોકગીત. હા, સમયાંતરે એમાં સુધારા-વધારા થતા રહે છે. અર્થાત્ લોકગીતનું ઝરણું વહેતાં વહેતાં લોકમાતા બની જાય છે.

લોકગીતોનું ગાયન પણ એટલું જ સાહજિક. કોઈ આલાપની જરૂર નહીં, અઘરા રાગ-રાગિણીનું અવલંબન નહીં કે, ગાયકે વિદ્વત્તા બતાવવાનો પ્રયાસ કરવાની પણ આવશ્યકતા નહીં. બસ ત્રણ, ચાર, પાંચ કે ક્યારેક સાત સ્વરોના આશરે ઉછરેલું લોકગીત ગાયકીની દષ્ટિએ પણ ગામડાંના કોઈ 'રૂડીકાકીની રસીલા' જેવું સાવ સીધું સાદું! છતાં લોકગીત ગાવાં ખૂબ અઘરાં છે કેમકે ગાનારે લોકગીત જીવવું પડે તો જ ગાયકીમાં ભાવ આવે અને ભાવ વગર ગવાય એ લોકગીત શ્રોતાઓનાં 'કર્ણક-ક્ષેપક'માં સ્થાન પામી શકતું નથી!

'વા વાયા ને વાદળ ઉમટ્યાં...' પ્રથમ દષ્ટીએ ઋતુગીત કે વર્ષાગીત લાગે પણ એમાં ભારોભાર વિરહ ભર્યો છે. વર્ષા ઋતુ જામી છે, વાયરો ફૂંકાતાં દરિયો તોફાની બન્યો છે. મધદરિયે વહાણો હાલક ડોલક થઈ રહ્યાં છે. આવા સમયે દરિયાપાર કમાવા ગયેલો સાયબો સંભારે જ! એવામાં હાલારના હાથી, ઘોઘાના ઘોડા, ચિત્તલની ચૂંદડી, મુંબઈનાં મોતી વેંચાવા આવે છે પણ પતિની ગેરહાજરીમાં આ મૂલ્યવાન વસ્તુઓ કોણ મૂલવે?

લોકગીતની નાયિકા એ પણ વિચારે છે કે ચૂંદડી-મોતીડાં જેવી શણગારની ચીજો લઈને શું કરવું? કેમકે પત્નીનો શણગાર તો પતિ માટે હોય છે, પતિ તો પરદેશ છે, શોભા કરીને કોને બતાવવી? અહીં વિરહ બહુ જ ઉદ્દીપક બની રહ્યો છે.

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી,
અમે શું કરીએ જઈ સાસરે અલબેલાજી.

વાલા સાસરિયાં સંતાપશે અલબેલાજી,
અમને અવળો ધંધો આપશે અલબેલાજી.

હું તો બીવરાવી બીતી નથી અલબેલાજી,
હું તો ઓશિયાળી કોઈની નથી અલબેલાજી.

હું તો ઓશિયાળી પ્રભુ તમ તણી અલબેલાજી,
મારે માથે છે તમ જેવો ધણી અલબેલાજી.

હીરો લાગ્યો અમારા હાથમાં અલબેલાજી,
તમે શોભો સૈયરના સાથમાં અલબેલાજી.

કાજળ દીસે છે તારી આંખમાં અલબેલાજી,
તું તો નેણુંની ચોટું નાખ્યમા અલબેલાજી.

આળ નો કરો કાન એવડી અલબેલાજી,
હું તો નથી તમારા જેવડી અલબેલાજી.

મને રોકી જમુના ઘાટમાં અલબેલાજી,
મારાં મહી છલકાશે વાટમાં અલબેલાજી.

પવિત્ર શ્રાવણ કે પુરુષોત્તમ માસમાં મહિલાઓ મંદિરે, પોળમાં, કોઈના ડેલા-ફળિયામાં કે અનુકૂળ સ્થળે ભગવાનનું સ્થાપન કરી સવાર-સાંજ એકત્ર થાય, વર્તુળાકારે ગોઠવાય, હાથની સાંકળ રચી, 'આંબુડાં, જાંબુડાં, કેરી ને કોઠીંબડાં, રાય દામોદર નોતર્યા, વાડી રાજા રામની, વાસુદેવ રખોલિયા, સુપડાં લેજો બાયું સરી રામનાં...' એવું ભાવથી ગાય, પછી વારાફરતી કૃષ્ણનાં લોકગીતો, ધોળ, ધૂનની રંગઝટ બોલાવે. છે.

મીરાંબાઈએ કૃષ્ણભક્તિમાં લીન થઈને ગાયું 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ...' મીરાંની ભાવવિભોર મનોદશાનું યથાતથ સ્કેનિંગ એટલે 'અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી...' લોકગીતની નાયિકા એટલે કે ગોપી અલબેલા કાનને સાવ સીધું ને સટ કહી દે છે કે હું તમારે આશરે આવી છું, હવે સાસરે જઈને શું કરું? જેણે પુરુષોત્તમથી પ્રીત બાંધી એને સાંસારિક શિષ્ટાચારની શી જરૂર? કદાચ સાસરે જાઉં તોય મારાં સાસરિયાં સંતાપ આપશે. મારી પાસે દુન્યવી અપેક્ષા રાખશે. હું ક્યાં કોઈની ઓશિયાળી છું? હું ક્યાં કોઈથી ડરું છું? કારણ કે મારા પર ધરણીધરની કૃપા છે.

દેવકી-વસુદેવને ઘેર જન્મેલું ને યશોદા-નંદને ત્યાં ઉછરેલું રત્ન, નામે કાન જાણે કે પોતાને હાથ લાગ્યું છે. ૧૬૦૦ પટરાણીઓ સંગાથે હોય ત્યારે કેવા શોભાયમાન, દૈદીપ્યમાન લાગે છે. ભાવવિભોર નાયિકાએ કૃષ્ણનાં દર્શન ખૂબ જ ઝીણી નજરે કર્યાં હોય એમ લાગે છે. એને કાનાની આંખોનું કાજળ નજરે પડ્યું ને કનૈયાની છેલછબિલી નજરને પણ પારખી લીધી એટલે જ કહી દીધું કે 'હું તો નથી તમારા જેવડી અલબેલાજી!'

આપણા લોકગીતો ઊંડાણવાળાં છે. જે અનુભૂતિ મેવાડનાં મીરાંનાં ગીતોમાં થતી હોય એવી જ આપણા અભણ કે અર્ધશિક્ષિત લોકોએ આપબળે રચેલાં લોકગીતોમાં થાય એ સૂચવે છે કે, આપણું લોકસંગીત ઉત્તમ કોટિનું છે. ગુજરાતી લોકગીતો શબ્દપ્રધાન નહિ પણ ભાવપ્રધાન છે. એ સ્વીમિંગપૂલ જેવા છિછરાં નહિ પણ દરિયા જેવા અતળ, અમાપ છે એટલે મરજીવા થયા વિના એનો પાર ન પામી શકાય.

નગર બજારજા માડુ ધૂતારા મુંકે

નગર બજારજા માડુ ધૂતારા મુંકે
મોંએ ચડી મેણલાં મારે હજાર,
આઉં રે હલીશ ભેણ નગર બજાર.

પગ કેરાં કડલાં લઈ ગ્યો વિઠ્ઠલો
પગે અડવી થઈ રે સુમાર
આઉં રે હલીશ ભેણ નગર બજાર. નગર બજારજા...

હાથ કેરી ચુડલી લઈ ગ્યો વિઠ્ઠલો
હાથે અડવી થઈ રે સુમાર
આઉં રે હલીશ ભેણ નગર બજાર. નગર બજારજા...

ડોક કેરો દાણિયો લઈ ગ્યો વિઠ્ઠલો
ડોકે અડવી થઈ રે સુમાર
આઉં રે હલીશ ભેણ નગર બજાર. નગર બજારજા...

નાક કેરી નથણી લઈ ગ્યો વિઠ્ઠલો
નાકે અડવી થઈ રે સુમાર
આઉં રે હલીશ ભેણ નગર બજાર. નગર બજારજા...

વર્ગખંડોમાં લોકગીતો વાંચીને ભણાવાય છે. સેમિનારોમાં લોકગીતો ગાવાને બદલે એના પર માત્ર ચર્ચા જ થયા કરતી હોય છે. વાસ્તવમાં લોકગીત વાંચવાનો કે ચર્ચવાનો નહિ પણ ગાવાનો વિષય છે. ગાયા વિનાનું લોકગીત કેવું લાગે? લોકગીતને કંઠના કેલીડોસ્કોપમાં મુકીએ તો એના અસલી રંગો ઉજાગર થાય. સૌરાષ્ટ્ર પાસે લોકગીતોના ભંડાર ભર્યા છે. ગુર્જર ગિરાના લોકગીત ખજાનામાં કચ્છ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં લોકગીતોનો હિસ્સો પણ નોંધનીય છે. આદિવાસીઓનું લોકસંગીત તો વળી જુદું!

સૌરાષ્ટ્રની બોલી, પરંપરા, સભ્યતાવાળાં લોકગીતો સાંભળતા જ ખબર પડી જાય કે આ સૌરાષ્ટ્રનું લોકસંગીત છે. સૌરાષ્ટ્રના લોકોની સરેરાશ બોલચાલ મધ્યમ લયની છે એટલે સૌરાષ્ટ્રનાં લોકગીતો મોટેભાગે હિંચ(આખી હિંચ)માં કમ્પોઝ થયાં છે. ઉત્તર ગુજરાતની બોલી ઉતાવળી અને ચોક્કસ લઢણની છે એટલે એ લોકગીતો ઉત્તરગુજરાતી બોલીથી પ્રચૂર અને મોટેભાગે અડધી હિંચનાં, ફાસ્ટ છે. રાજસ્થાન નજીક હોવાને કારણે ઉત્તર ગુજરાતનાં લોકગીતો પર રાજસ્થાની લોકસંગીતનો પ્રભાવ વર્તાય છે. દક્ષિણ ગુજરાતનું લોકસંગીત સૌરાષ્ટ્ર જેવું પણ તેમાં પ્રાદેશિકતા છલકાતી અનુભવાય છે. કચ્છનું લોકસંગીત તો સાવ નિરાળું, કચ્છી બોલીમાં ઝબોળેલું અને ત્યાંની જીવનરીતિ મુજબ નિરાંતવાળું, મોટેભાગે વિલંબિત તાલવાળું- 'મણિયારા' પ્રકારનું હોય છે, છતાં લોકસંગીત કે લોકસાહિત્યમાં 'આમ જ હોય' એવી જડતા ક્યારેય હોતી નથી એ વહેણ જેવું છે એટલે એને કોઈ એક ચોકઠામાં બાંધી શકાય નહીં.

'નગર બજારજા માડુ ધૂતારા મુંકે...' કચ્છનું બહુ જ જાણીતું લોકગીત છે. કચ્છી બોલીના મુખડાવાળું આ લોકગીત કચ્છી બોલી ન જાણનારા ગુજરાતીઓને બહુ સમજાતું નથી અથવા અધૂરું સમજાય છે. એક કચ્છી કામિની એની સખીને કહે છે કે બહેન! નગરના લોકો ધૂતારા છે.હું જયારે બજારમાં નીકળું છું ત્યારે મને મોઢામોઢ મેણાં મારે છે.

મેણાં મારવાનું કારણ શું? બહુ રસપ્રદ છે: વિઠ્ઠલો એટલે કે કૃષ્ણકનૈયો મારાં પગનાં કડલાં, હાથનો ચુડલો, ડોકનું દાણિયું, નાકની નથણી જેવાં આભૂષણો ઉતરાવી ગયો ને મને સાવ અડવી, આભૂષણ વિનાનાં અંગોવાળી, શોભાવિહોણી કરી નાખી, એ બજારમાં ફરતા 'માડુ'ઓના ધ્યાને તરત જ આવી ગયું ને મને મેણાં મારવા લાગ્યા છે! ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રનાં લોકગીતોમાં પણ આવું જ એક પ્રચલિત લોકગીત છે, 'ભલા ભાણેજડા સરોવર જાઉ ત્યાં ઢોલે રમે...' મુખડાને બાદ કરતા બન્ને લોકગીતો સરખાં જ લાગે છે.

ફરી અહીં એ જ વાત આવી છે કોઈ પ્રિયાની એના પ્રિયતમ દ્વારા આવી ગમતીલી હરકત થઈ હશે જેને સાર્વજનિકતા બક્ષવા 'વિઠ્ઠલા'ને વચ્ચે લાવવામાં આવ્યો ને એટલે જ આ લોકપ્રિય લોકગીત બની ગયું.

કચ્છ પાસે પોતાનો ન્યારો લોકસંગીત ખજાનો છે. કચ્છી લોકગીતોની મીઠપ અનોખી છે પણ જેને કચ્છી બોલી આવડે છે એ જ એનો સ્વાદ માણી શકે છે.

મોર બોલે ને ઢેલડ રિસાણી

મોર બોલે ને ઢેલડ રિસાણી,
તમે શાના લીધા છે વાદ !
એકવાર બોલોને ! ઢેલડ રિસાણી.

મારા નાક પરમાણે નથડી ,
મેં તો ટીલડીએ લીધેલ વાદ,
એકવાર બોલોને ! ઢેલડ રિસાણી. મોર બોલે ને...

મારા પગ પરમાણે કડલાં,
મેં તો કાંબીએ લીધેલ વાદ,
એકવાર બોલોને ! ઢેલડ રિસાણી. મોર બોલે ને...

મારા હાથ પરમાણે ચૂડલી ,
મેં તો ગુજરીએ લીધેલ વાદ,
એકવાર બોલોને ! ઢેલડ રિસાણી. મોર બોલે ને...

મારા ડોક પરમાણે હારલો,
મેં તો હાંસડીએ લીધેલ વાદ,
એકવાર બોલોને ! ઢેલડ રિસાણી. મોર બોલે ને...

ગુજરાતી લોકગીતોમાં શ્રુંગાર, કરૂણ, વીર, શાંત, હાસ્ય, રૌદ્ર, અદભુત, ભયાનક અને બિભત્સ એમ નવેય રસ ઘોળાયા છે. એ વાત અલગ છે કે અમુક રસનાં લોકગીતો ખૂબ ઓછાં મળે છે. લોકગીતોના દરિયામાં મરજીવા બની ને ધૂબાકો દઈએ તો એનો વૈભવ પામી શકીએ પણ કાંઠે બેસીને છબછબિયાં કરનારને એ શંખલાં-છીપલાં જેવાં લાગે.

લોકગીત એટલે એક વ્યક્તિ, વ્યક્તિઓ કે સમૂહની અનુભવવાણી. એનો જન્મ વર્ષો પહેલા થયો હોવા છતાં એને કાળનો કાટ નથી લાગતો કેમકે એ રોજ ખપમાં આવતાં સોના-ચાંદીનાં વાસણો જેવાં ચળકતાં છે! એ નદીનાં વહેતાં જળ જેવાં નિર્મળ છે, નહીં કે તલાવડીના બંધિયાર જળ જેવાં! વ્યક્તિગત સર્જન સમય જતાં અપ્રસ્તુત બની જાય એવું બને કેમકે એના જન્મ પછી એમાં બીજું કોઈ ફેરફાર કરી શકતું નથી જયારે લોકગીત તો સૌનું, સહિયારું. અરે! પેઢીઓ બદલાતી રહે પણ લોકગીતોનો પ્રવાહ તો અસ્ખલિત વહેતો જ રહે. હા,સમયાંતરે સ્થળ-કાળ મુજબ એના શબ્દ, ઢાળ, લય, મૂડ થોડા બદલી જાય એ સ્થિતિસ્થાપકતા જ લોકગીતોને અજર-અમર બનાવે છે.

'મોર બોલે ને ઢેલડ રિસાણી...' શ્રુંગારથી છલકતું લોકગીત છે. મોર ટહુકે છે પણ ઢેલ રિસાણી છે એટલે ટહુકા કરતી નથી-એવા કથાનકથી ગીતનો ઉપાડ થયો છે. વાસ્તવમાં અહિ મોર અને ઢેલ તો નવપરણિત યુગલને અપાયેલી ઉપમા છે. નવાં નવાં લગ્ન થયાં છે, સ્ત્રીને ઘરેણાંની હામ છે, પતિ સામેથી દાગીના ઘડાવી દેવાની વાત કરે તો મજા પડી જાય પણ પુરૂષને આવી ખબર ક્યાંથી પડે? જેમ કોઈપણ યુગની સ્ત્રીનો એક શોખ અલંકારો હોય છે એમ પુરૂષની દ્વિધા-અણસમજણ અર્ધાંગિની માટે શું વ્હોરવું - એ હોય છે. એટલે અલંકારો સ્ત્રી-પુરૂષો માટે કાયમ રિસામણાં-મનામણાંનાં નિમિત્ત બન્યાં છે.

પૂરૂષ ગહેકી ઉઠ્યો કે તમે શા માટે રિસાવાં છો? કઈ વસ્તુ માટે જીદ લીધી છે? તમે કહો તે લાવી દઉં પણ તમે એકવાર ટહુકો કરો. રિસાયેલી ઢેલ જેવી નારી કહે છે કે મારી પાસે નથડી, કડલાં, ચૂડલી, હારલો છે પણ મને ટીલડી, કાંબિયું, ગુજરી અને હાંસડીની હોંશ છે-આટલું ઘડાવી દો પછી જ હું બોલું.

પતિ-પત્ની વચ્ચે આવી ખાટીમીઠી રકઝક થતી રહે એ સામાન્ય છે પણ આવી ઝીણોઝીણી વાતોને લોકગીતનો વિષય બનાવવામાં આવી છે એટલે જ લોકગીતો આટલાં લોકભોગ્ય બની શક્યાં છે.

મારે ઘેર આવજો માવા રે

મારે ઘેર આવજો માવા રે
સવારે ઢેબરું ખાવા.

સવારે ઊઠીને જાવું નંદ તણે દરબાર;
માતા જશોદા કાન જગાડો, મંદર મારે આવ. - મારે...

પિત્તળ લોટા જળભર્યા ને દાતણ દાડમી દૈશ;
કાનજી રે તારું મુખ લૂવાને રેશમી રૂમાલ દૈશ. - મારે...

ત્રાંબાકુંડી જલભરી ને અંઘોળ વેળા થઇ;
કાનજી રે તારું ડિલ લૂવા હું રેશમી પાંભર દૈશ. - મારે...

બાજરા કેરાં ઢેબરાં કરું ને તળવા મેલું તેલ;
આથણું, પાપડ, કાચરી, ઉપર દહીંનું દડબું મેલ. - મારે...

હરિ બંધાવું હીંચકો ને હીરલા દોરી હાથ;
હળવે હળવે હીંચકો નાખું,પોઢો દીનાનાથ. - મારે...

મારે આંગણ વાડિયું માવા,ચોખલિયાળી ભાત;
ઊનો ઊનો પોંક પાડું ને ખોબલે પીરસું ખાંડ. - મારે...

સવારના નાસ્તા એટલે કે શિરામણમાં આપણે બ્રેડબટર, ગાંઠિયા-જલેબી, બિસ્કીટ, ખારી, બટેટાપૌઆ, દાલપકવાન જેવી વાનગી લઈએ છીએ. કિશોર અને યુવા વર્ગને સ્વાદ સાથે વધુ ઘરોબો છે, સત્વ સાથે ઓછો! આ લોકગીતમાં શ્રીકૃષ્ણનું શિરામણ અને જમાડનારનો ભાવ ગવાયા છે.



દેવકીનંદન કાનને એક ગોપીએ એક સવારે પોતાને ઘેર શિરામણ માટે નોતર્યા. ગોપિકાએ કાનને કહ્યું કે મારે ઘેર આવો, હું તમને ઢેબરું ખવડાવીશ; કારણ કે અરિસૂદન શ્રીકૃષ્ણનું શિરામણ એ જ છે. પાસ્તાના યુગમાં આજે ઢેબરું વિસરાઈ ગયું છે. બાજરીના લોટમાં નિમક, હળદર, લસણ ભેળવીને, તેલની છાંટ દઈ લોઢીમાં શેકીને બનાવાતી વિશિષ્ટ વાનગી એટલે ઢેબરું! જંકફૂડ જેને પ્રીતિપાત્ર બન્યો છે એવા લોકોને ઢેબરું તો ભલા ક્યાંથી ભાવે?!

જો કૃષ્ણ પ્રાત:કાળે પોતાને ઘેર આવે તો પોતે દાડમીનું દાતણ, મુખ લૂછવા રેશમી રૂમાલ, સ્નાન માટે તાંબાના પાત્રમાં જળ, શરીર સાફ કરવા રેશમી વસ્ત્ર આપશે. શિરામણમાં ઢેબરાં સાથે અથાણું, પાપડ, કાચરી એટલે કે ચીભડાં કે કોઠીંબડાંને મીઠામાં આથીને કરેલી સૂકવણી અને એની સાથે વળી દહીંનું દેકું...! વાહ, સાવ સાદી, ઘરમેળે તૈયાર થતી વાનગીઓ કાનજીને પીરસવામા આવશે. વળી હીરની દોરીથી બાલકૃષ્ણને હીંચોળશે અને પોઢીને ઉઠયા પછી પ્રભુને ઉના ઉના પોંકમાં ખાંડ નાખીને ખવડાવશે.

'મારે ઘેર આવજો માવા રે...' લોકગીતમાં કાનુડાની શિરામણની સામગ્રી પર નજર કરીએ તો એવી શીખ મળે છે આપણાં બાળુડાંઓને આવી સાત્વિક, ઘરમાં રંધાતી વાનગીઓ ખવડાવીએ.

સૈયર ! મેંદી લેશું રે

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ
એક હલાવું ડાળ ત્યારે ડાળા હલે ચાર
સૈયર ! મેંદી લેશું રે

મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે

મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે બેડલાં ફોડી મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે

મારી સાસુએ એમ કહ્યું કે રોટલા ઘડી મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે તાવડી ફોડી મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે

મારી સાસુએ એમ કહ્યું કે કોડમાં દીવો મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે

ગુજરાતી લોકગીતોમાં કેટલાંય હાસ્ય-વિનોદ ગીતો છે, જે સાંભળતાં કે વાંચતાં જ દિલ બાગબાગ થઈ જાય. અહીં એક 'ભોળી' વહુ સાસુના આદેશને પોતાના અવળચંડાઈભર્યા 'ભોળપણ'ને લીધે કાંઈક અલગરીતે જ અમલમાં મુકે છે, એમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. લોકગીતની આ વહુ જૂના જમાનાની છે પણ એની વર્તણૂક આજની ઈન્ટરનેટ યુગની 'ડોટર ઈન લો' કરતાં ક્યાંય ચડે એવી છે!

પોતે ઘરકામ કરીને થાકી ગઈ છે છતાં સાસુજી નવા નવા હુકમો કર્યા કરે છે, એટલે જીભાજોડી કરવાને બદલે સાસુના આદેશોનું અલગ પ્રકારે પાલન કરે છે. સાસુએ વાસીદું વાળવાનું કહ્યું તો પોતે એમ સમજી કે સાવરણી બાળી નાખવાનું કહ્યું ને એમ કર્યું પણ ખરું! પાણી ભરવાનું કહ્યું તો પોતે બેડું ફોડી નાખવાનું સમજી, રોટલા ઘડવાનો સાદ સાંભળતાં જ તાવડી ફોડી નાખી પણ હદ તો ત્યારે થઈ જયારે સાસુએ ઢોર બાંધવાની જગ્યા એટલે કે કોડમાં દીવો મુકવાનું કહ્યું; સાવ ભોળી વહુ જુદું જ સમજી ને સાસુ સૂતાં હતાં એ સોડમાં દીવો મુકી દીધો!

લોકગીતના મુખડામાં મેંદીના ઝાડ પરથી પાન-ડાળી તોડવાનો ઉલ્લેખ સૂચક છે. માનુનીઓ માટે મેંદી કાયમ મનભાવન રહી છે. મેંદીના કસુંબલ રંગ સાથે ભામિનીઓને અતૂટ નાતો રહ્યો છે. સાસુરૂપી મેંદીના ઝાડની ડાળી વહુ હલાવે તો આખું ઝાડ હલી જાય એટલે કે આખું કુટુંબ આમતેમ થઈ જાય!

સરોવર પાળે આંબલિયો

સરોવર પાળે આંબલિયો,
આંબે ઝાઝા મોર, મલૂગર આંબલિયો.

એક તો મોરલો ઊડી ગયો,
ગિયો દાદાને દેશ, મલૂગર આંબલિયો.

દાદા ! ધીડી દખિયાં,
વીરને આણે મેલ્ય, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો સીમડીએ,
સીમું લે'રે જાય, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો વાડીએ,
વાડીએ ટૌકે મોર, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો સ્ત્રોવરીએ,
સ્ત્રોવર લે'રે જાય, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો ઝાંપલીએ,
ઝાંપે ધડૂસિયા ઢોલ, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો શેરીએ,
શેરી લે'રે જાય, મલૂગર આંબલિયો.

વીરો આવ્યો આંગણીએ,
મળી ચૂડાળી બે'ન, મલૂગર આંબલિયો.

નણદી વળાવ્યાં સાસરે,
બેનીને પૂરાં રાજ, મલૂગર આંબલિયો.

લોકગીતો એટલે લોકજીવનનું આભલું, લોકગીતો એટલે પ્રજાજીવનનો રસ-કસ, લોકગીતો એટલે સમાજજીવનનું સોળવલું સોનું. જેવું જીવાય એવું લોકગીતોમાં વ્યક્ત થાય એટલે સ્વાભાવિકપણે જ આપણા લોકગાણામાં મોટેભાગે પરિણીતાને વ્યથિત દર્શાવાઈ હોય છે.

'સરોવર પાળે આંબલિયો...' લોકગીતનો આરંભ દર્દીલો છે પણ અંત સુખદ છે. સાસરિયાંથી ત્રસ્ત વહુવારુ સરોવરે પાણી ભરવા ગઈ, ત્યાં અડાબીડ આંબા પર કેટલાય મોરલાને ગહેકતા સાંભળ્યા ને એક મોરલા દ્વારા પિયરમાં સંદેશો મોકલ્યો કે તમે દીકરીને સાસરે તો વળાવી દીધી પણ કોઈ દી' ખબર-અંતર પૂછ્યા? દીકરી સુખી છે કે દુઃખી-એની પરવા કરી? તમારા કલેજાનો કટકો સાસરે યાતનામય જિંદગી જીવે છે એને એમાંથી મુક્ત કરાવો.

દીકરી દુઃખી છે એવો સંદેશો મળતાં જ પરિવારજનોએ દીકરાને દોડાવ્યો, ભાઈ જેમ જેમ નજીક આવતો ગયો એમ એમ બેનનું દુઃખ ઓછું થતું ગયું. વીરો આંગણે આવ્યો, બેનીને મળ્યો, વાત જાણી પછી ભાઈએ એવી કરામત કરી કે બેન માટે ત્રાસનું 'એપી સેન્ટર' બનેલી મનાતી નણંદને પરિવારે સાસરે વળાવી દીધી. નણંદ ગઈ એટલે પોતાની બેની ઘરમાં રાજ કરવા લાગી.

આજે નાનાંમોટાં મનદુઃખ-અહમને કારણે કેટલીય સ્ત્રીઓ સાસરે દુઃખી હશે પણ દુઃખના દિવસોમાં હિંમત રાખી પિયર કે સગાં-સ્નેહીની મદદથી સુખનો સૂરજ ઉદય પામે એ ઘડીની રાહ જોવી જોઈએ, આત્મહત્યા જેવું અંતિમવાદી પગલું ક્યારેય ન ભરવું એવું આ લોકગીતની નાયિકા આપણને શીખવે છે.

રામે સરોવર ખોદિયાં, લખમણ બાંધે પાળ

રામે સરોવર ખોદિયાં, લખમણ બાંધે પાળ
સીતાજી પાણીડાં સાંચર્યાં, મરઘાનેણી નાર
તું તો મારે મન લખમણ જતિ મને ઘડીયેય ન વિસરે રામ !
સોનાની શિંગડીએ, રૂપલાની ખરીએ, મૃગલો ચરી ચરી જાય,
કંથડો મારો લાગે સોહામણો, મૃગલો મારવાને જાય !
- તું તો મારે મન....

જોગી વેશે રાવણ આવ્યો, દસ માથાંડો દૈત,
ભિક્ષા ઘોને સતી સીતવા, અમે ભૂખ્યા અતીત,
- તું તો મારે મન....

થાળ ભરીને સીતા વનફળ લાવ્યાં, લ્યોને બાવાજી થાળ,
છૂપી ભિક્ષા અમે નૈ લઈએ, ગુરૂજીને બેસે ગાળ
- તું તો મારે મન....

પેલો તે પગ એણે પાવડીએ દીધો, બીજો મઢીની બા'ર,
બાવડી ઝાલી ખભે ચડાવી, લઈ ગિયો લંકા મોઝાર
- તું તો મારે મન....

સવા તે લાખનો ચૂડો મગાવું, આપું એકાવળ હાર,
અંગૂઠડીમાં રતન મઢાવું, ઘડી એક રામ વિસાર
- તું તો મારે મન....

ચૂડલો તે તારો પથ્થર પછાડું, બાળું એકાવળ હાર,
અંગૂઠડીમાં તારી આગ મેલાવું, ભવોભવ રામ ભરથાર
- તું તો મારે મન....

રામાયણ-મહાભારતના પ્રસંગો પરથી રચાયેલાં કેટલાંય લોકગીતો ગુજરાતી ભાષા પાસે છે. ભગવાન શ્રીરામ રાવણવધ અને લંકાદહન કરી પરત અયોધ્યા પધાર્યા એની ખુશાલીમાં વિજયાદશમી કે દશેરાનું પર્વ ઉજવાય છે, નાનામાં નાનો માણસ પણ આ દિવસે મોં મીઠું કરે છે પણ દશાનન હનનના મૂળમાં જે ઘટના પડી છે એ છે સીતાહરણ. સીતાહરણ અને એ પછીના રાવણ-સીતા સંવાદનું એક મજાનું લોકગીત એટલે 'રામે સરોવર ખોદિયાં લખમણ બાંધે પાળ...'

રામાયણનો બહુ પ્રચલિત પ્રસંગ છે કે મારિચ સોનલવર્ણો મૃગ બનીને સીતાની પર્ણકુટિર પાસે ચરવા આવ્યો, સીતાને એ મૃગલો બહુ ગમ્યો, સીતાની લાગણીને વશ થઈ રામ મૃગની પાછળ દોડ્યા. 'હે લક્ષ્મણ!' જેવો માયાવી અવાજ આવતાં સીતાએ લક્ષ્મણને રામની મદદ માટે મોકલ્યા ને પાછળથી રાવણ જોગીનો વેશ ધારણ કરી સીતાનું હરણ કરવા આવ્યો ને એમાં સફળ પણ થયો.

રાવણ સીતાજીને લંકાની અશોકવાટિકામાં લઈ ગયો જ્યાં રામના નામનો જાપ જપતાં જાનકીને કિંમતી ચૂડલા, એક સેરના હાર, અંગૂઠી જેવાં સ્ત્રીમનને લોભાવતા અલંકારોની લાલચ આપવામાં આવી એના બદલામાં સીતા પાસેથી એક જ અપેક્ષા હતી કે બસ, એક ઘડી રામને વિસારી જાવ! પણ સીતા આ દેશની કરોડો ભામિનીનાં આદર્શ છે, એનો એક જ જવાબ હતો કે 'તારાં ઘરેણાંને હું તોડી-ફોડી નાખું, સળગાવી દઉં કેમ કે રામ મારા આ ભવના જ નહિ, ભવોભવના ભરથાર છે!'

સીતા કહે, 'હે રાવણ! તું ખોટી મથામણ ન કર, મારા દિયર લક્ષ્મણને જેમ હું મારો વીર માનું છું એમ તારા ચહેરામાં મને મારા લક્ષ્મણજતિનાં દર્શન થઈ રહ્યાં છે, તું મારે મન ભાઈ સમાન છે!' લોકગીતની પંચ લાઈન જ 'તું તો મારે મન લખમણ જતિ મને ઘડીયેય ન વિસરે રામ...' છે.

બહુ ઓછું જાણીતું અને ભાગ્યે જ ગવાતું આ લોકગીત સીતાના નભોમંડળ જેવડા વિશાળ મનનું પરિચાયક છે કેમ કે પોતાના અપહરણકાર રાવણ પ્રત્યે કોઈ દ્વેષભાવ રાખવાને બદલે જાનકીએ એને 'ભાઈ' કહ્યો!

સાહેલડી સુણ સાહેલડી

સાહેલડી સુણ સાહેલડી
કોને કે'વી દલડાંની વાતું
દુઃખ આ નથી રે ઝીરવાતું
રે સુણ સાહેલડી...

સાહેલડી સુણ સાહેલડી
મારી નણદલ મેણલાં બોલે
મારાં હૈડાંમાં દાઝે
રે સુણ સાહેલડી સાહેલડી રે...

સાહેલડી સુણ સાહેલડી
મારી સાસુજી રે સંતાપે
મારા સસરાના વાદે
રે સુણ સાહેલડી સાહેલડી રે..

સાહેલડી સુણ સાહેલડી
મારી જેઠાણી દુઃખડાં દિયે
મારા જેઠજીના વાદે
રે સુણ સાહેલડી સાહેલડી રે...

સાહેલડી રે સુણ સાહેલડી
મારો પરણ્યો પરદેશ વાટે
હું તો વાટું જોઉં છું ઘાટે
રે સુણ સાહેલડી સાહેલડી રે..



દીકરી...વ્હાલની વાદળી, સ્નેહની સરિતા, પ્રાતઃકાળનું પહેલું સૂર્યકિરણ, આંગણનું અજવાળું. માતા-પિતાએ આંગળીથી અળગી ન થવા દીધી હોય, હૈયાના હીંચકે હીંચાવી હોય, પ્રેમના પિંજરામાં કેદ કરી રાખી હોય, લીલીછમ લાગણીથી લાડ લડાવ્યા હોય, આંગણાના આંબાવાડિયામાં અહર્નિશ ટહુકવા દીધી હોય... નાની પગલીઓની છાપ હજુ મનમાંથી ભૂંસાય ન ભૂંસાય ત્યાં તો એ ગણેશ સ્થાપન પાસે થાપા મારી, પિયર છોડી ને પતિગૃહે સિધાવી જાય....

પાંચ પંદર દિવસ સાસરે રહીને પિયર આવે ત્યારે વાત માંડે; અમારા ઘરમાં બધાને સવારની ચા સમયસર જોઈએ, બપોરનું ભોજન મોડું ન થવું જોઈએ અને હા, સાંજેય ટાઈમ સચવાવો જોઈએ. બધાને મારી રસોઈ બહુ ભાવે, રસોઈની જવાબદારી મારી..... સવારમાં બહુ વહેલું ઉઠવું પડે.... અહીં તમારે ઘેર હતી ને મોડી મોડી ઉઠતી... ત્યાં મારે કામ કેટલું...!

દીકરીની આવી વાતો સંભાળી માતા-પિતા, પરિવારજનોને ખૂબ પોરસ ચડે, તેઓ મનોમન મલકાય કે દીકરી સાસરિયામાં ખૂબ સુખી છે. કામમાં જ રામ છે, દીકરી થોડા દિવસોમાં સાસરિયામાં એકરસ થઈ ગઈ હોવાનો અનહદ આનંદ થાય પણ કોઈ દીકરી લગ્નના પાંચ-પંદર દિવસે કે બે-પાંચ મહિને પિયર આવીને એમ કહે કે સાસરિયામાં હું દુઃખી છું, મને ત્રાસ આપે છે, હું ત્યાં રહી શકું એમ નથી - તો માતા-પિતા પર જાણે કે વીજળી પડી ગઈ સમજો...!

'સાહેલડી રે સુણ સાહેલડી...' એવી જ એક દુઃખિયારી દીકરીનું લોકગીત છે જેને લાડે કોડે પરણાવી પણ સાસરિયે સંતાપ મળ્યો. પોતાનો પતિ પરદેશ કમાવા ગયો છે. એક બાજુ પતિનો વિરહ બીજી બાજુ સસરા અને જેઠની મૂક સંમતીથી સાસુ, નણંદ, જેઠાણીનો ત્રાસ; ભોળી પારેવડી ક્યાં જાય? પિયરમાં આવીને દુઃખડાં ગાય તો માતા-પિતાનાં હૈયાં વલોવાઈ જાય, આંખે અષાઢ બેસી જાય ને જો રિસામણે આવતી રહે તો પિયરની આબરૂ જાય, નાના ભાઈ-બહેનનું સગપણ ન થાય એવી બીકે મેણાં અને માર ખાતી પરિણીતા સાસરિયાંનો ત્રાસ સહ્યા કરે છે.

પોતાનાં દુઃખડાં કોની સમક્ષ ગાવાં? ગામના કૂવે કે તળાવે પાણી ભરવા જાય ત્યારે સમદુઃખી સાહેલી મળી જાય તો હૈયાની વાત કરવાનો મોકો મળે અને એમ મન હળવું થાય.

આ લોકગીત એકલદોકલ સ્ત્રીની હૈયાવરાળ નથી, દરેક યુગમાં આવી કરોડો નારીઓ સાસરિયે સંતાપ સહન કરતી હોય છે. સાંપ્રતકાળમાં પણ એવી અનેક પરિણીતાઓ હશે જે આ લોકગીતની નાયિકા જેટલી કે એનાથી પણ વધુ ત્રસ્ત હોય. જો કે આજે 'ઘરેલુ હિંસા'નો કાયદો છે એટલે ત્રાસ દેનારા ગમે ત્યારે સકંજામાં આવી શકે છે.

રામ જોવા હાલી રે

રામ જોવા હાલી રે
જીવણ જોવા હાલી
મારી ઓછી ઉંમરમાં.

સસરો આણે આવ્યા
મારી ઓછી ઉંમરમાં
સસરા ભેળી નૈ જાઉં
મારી સાસુડી છે ભૂંડી
મને દળણું મેલે સૂંડી
મારી ઓછી ઉંમરમાં
રામ જોવા હાલી રે...

જેઠ આણે આવ્યા
મારી ઓછી ઉંમરમાં
જેઠ ભેળી નૈ જાઉં
ઘેરે જેઠાણી છે ભૂંડી
મને દળણું મેલે સૂંડી
મારી ઓછી ઉંમરમાં
રામ જોવા હાલી રે...

દેર આણે આવ્યા
મારી ઓછી ઉંમરમાં
દેર ભેળી નૈ જાઉં
મારી દેરાણીની જોડ્યું
મુજને પાણીડાં ભરાવે
મારી ઓછી ઉંમરમાં
રામ જોવા હાલી રે...

પરણ્યો આણે આવ્યા
મારી પૂરી ઉંમરમાં
ઝટ તેલ નાખ્યાં
મેં તો સટ માથાં ગૂંથ્યાં
મેં તો પટ બચકાં બાંધ્યાં
ઊઠી પટ મોર્ય થિયાં
મારી પૂરી ઉંમરમાં
રામ જોવા હાલી રે...

‘રામ જોવા હાલી રે...’ હળવું કે રમૂજી લોકગીત લાગે પણ આ ને આવાં બીજાં કેટલાંક લોકગીતો માત્ર મનોરંજક કવિતાઓ કે નિરર્થક પદ્ય નથી હોતાં પણ હોય છે સમાજ સુધારણાનાં ગાણાં! ક્યારેક તે પરંપરા સામે પડકાર ફેંકતાં ક્રાંતિગીતો બની રહે છે. અનુચિત માન્યતાઓને મસળીને સમયાંતરે બદલાતી વિચારધારાનાં વાહકો બની જાય છે આ લોકગીતો. સીધી સાદી બોલીમાં નમ્રભાવે બંડ પોકારવાની સ્વહિતકારી પ્રવૃત્તિ આપણા કેટલાંક લોકગીતોની કથાસામગ્રી છે.

આપણે ત્યાં વર્ષો સુધી એ પ્રથા સર્વમાન્ય રહી કે દીકરી બાર-પંદર વર્ષની થાય એટલે પરણાવી દેવી. જ્યારે લોકશાહી ન્હોતી, કોઈ વિધિવત્ બંધારણ ન્હોતું, સ્ત્રી સ્વાતંત્ર્ય સામે પ્રશ્નો ઉઠ્યા હતા એ કાળના આ લોકગીતની નાયિકા નાની ઉંમરમાં થયેલાં લગ્ન સામે અવાજ ઉઠાવે છે. પોતે અણસમજુ હતી ત્યારે પરિવારજનોએ લગ્ન તો કરી નાખ્યાં પણ જ્યારે આણું વળાવવાની વેળા આવી અર્થાત્ પિયર છોડીને સાસરવાટે સિધાવવાનો દિવસ આવ્યો ત્યારે આ લાડકડીએ ચોખ્ખી ના પાડી દીધી.

એ કહે છે કે મારી ઉંમર હજુ ખૂબ ઓછી છે, સાસરિયાંમાં મારી સાસુ અને જેઠાણી એક એક સૂંડલી અનાજ દઈને મને ઘંટીએ દળણું દળવા બેસાડી દે જે કામ અત્યારે મારાથી થઈ શકે એમ નથી. મારી દેરાણી મને પાણી ભરવા કૂવે કે તળાવે લઈ જાય, ત્યાંથી માથે હેલ ભરીને ઘર સુધી પહોંચવું મારા માટે ઘણું જ કપરું છે એટલે આણું તેડવા આવેલા સસરા, જેઠ કે દિયર સાથે જવાની તેણે ના પડી દીધી.

અંતે પોતે પુખ્ત થઈ ગઈ ત્યારે મનનો માનેલો એવો પતિ આણું તેડવા આવ્યો કે તરત જ માથામાં તેલ નાખી, વાળ ગૂંથી, બચકું બાંધીને પરણ્યાની સાથે ચાલતી થઈ ગઈ! એક તો યુવાવસ્થા ને વળી જીવનસાથી આંગણે આવ્યો - હવે સાસરે ન જવાનું હવે કોઈ કારણ જ નથી...

બહુ જ જાણીતા આ લોકગીતમાં ‘બાલિકાવધૂ’ પ્રથા સામે ગૂર્જર કન્યાઓના બંડનો શંખનાદ સંભળાઈ રહ્યો છે.



વાછલડી હરેડી રે રામ ! તારી વાછલડી હરેડી !

વાછલડી હરેડી રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીને ખીલા રે જોશે,
કેળના ખીલા ખોડો રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીને મોરી રે જોશે,
હીરની મોરિયું બાંધો રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીને પાણી પીવા છોડી,
ભર્યાં સરોવર ફોડ્યાં રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીને ચરવા રે છોડી,
પટેલનાં ખેતર ભેળ્યાં રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીને દોહવા રે બેઠાં,
નવ નવ ગોણિયાં ફોડ્યાં રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીની છાશ કરવા બેઠાં,
નવ નવ નેતરાં તોડ્યાં રે રામ ! તારી વાછલડી હરેડી !

ઈ રે વાછલડીનાં ઘી વેચવા હાલ્યાં,
વરતેજના વાણિયા વઢિયા રે રામ ! તારી વાછલડી હરેડી !

‘વાછલડી રે હરેડી રે રામ ! તારી...’ વાંચતાં કે સાંભળતાં નવાઈ લાગે કારણ કે ગાય, વાછરડી, ધેનુ, ગૌધણની વાત આવે ત્યારે રામ નહિ, કૃષ્ણનું સ્મરણ થાય. એ વાત સાચી કે ગાય અને નંદરાય જાણે કે એકબીજાના પર્યાય પણ અત્રે રામનું નામ જોડાયું એ વાજબી જ છે કેમકે ભગવાન રામચંદ્રજીનાં લગ્ન થયાં ત્યારે સસરા જનક રાજાએ અનેક ગાયો આપી હતી એવી કથા છે. વળી, રામસીતા સાથે ગાયનો ઉલ્લેખ હોય એવાં કેટલાંક ગુજરાતી લોકગીતો આપણી પાસે છે જ.

આમેય રામના પૂર્વજ દિલીપ રાજાએ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં રહીને ૨૧ દિવસ સુધી કામધેનુની દીકરી નંદિનીની સેવા કરીને સંતાનસુખ પ્રાપ્ત કર્યું હતું એવું મહાકવિ કાલીદાસે ‘રઘુવંશ’ મહાકાવ્યમાં વર્ણવ્યું છે.

આ લોકગીતનો ઉપાડ રામને વાછડી બાબતે કોઈ ઠપકો આપતું હોય એવી રીતે થયો છે. તમારી આ વાછડી હરેડી થઈ ગઈ છે એટલે કે નિત્ય નિરંકુશ થઈને અહીં તહીં ઘૂમી રહી છે, એ કોઈને પછાડી દેશે, ઈજાગ્રસ્ત કરી મુકશે માટે એના મોઢા પર હીરની મોરી પહેરાવીને કેળના ખીલે બાંધી દો એવી ભલામણ રામને કરવામાં આવી છે.

રામચંદ્રજીની વાછડીનાં તોફાન કેવાં છે? એ પાણી પીવા ગઈ તો સરોવરની પાળ તોડી નાખી, ચરવા ગઈ તો ગામના પટેલનાં ખેતરમાં ભેલાણ કર્યું, દોહવા બેઠાં તો એટલાં પાટા માર્યા કે એક-બે નહીં પણ નવ-નવ ગોણિયાં અર્થાત્ ગોળી જેવાં વાસણો ફોડી નાખ્યાં, એનાં દૂધનું મહી વલોવવા બેઠાં તો રવાઈ ફેરવતાં ફેરવતાં નવ-નવ નેતરાં તૂટી ગયાં અને હદ તો ત્યારે થઈ કે એનું ઘી વેંચવા ગયા ત્યારે વરતેજ ગામના વેપારીઓ વઢ્યા!

આમ, જોઈએ તો ક્યાં અયોધ્યાના રાજા, ક્યાં એની ‘વાછલડી’, ક્યાં રામને ઠપકો દેનાર, ક્યાં પટેલોનાં ખેતર, ક્યાં વરતેજના વેપારી...આ બધું એક ગીતમાં સમાઈ જાય એ જ લોકગીત!

આપણી લોકસંસ્કૃતિનું મહત્વનું અંગ પશુપાલન છે. રસપ્રદ વાત તો એ છે કે આજે મોટાં શહેરોમાં પોતાની સોસાયટી, શેરી કે ફ્લેટમાં કોઈ એકબીજાને ઓળખતું નથી ત્યારે ગામડાંના લોકો પશુઓને પણ ઓળખતા હોય છે કે આ ગાય ફલાણા ભાઈની, આ બળદ કે ભેંસ ફલાણા ભાઈનાં છે ! ધન્ય છે આપણી ગ્રામસંસ્કૃતિ...!

સાયબા હું તો ત્રાંબાની હેલ્યે પાણીડાં નૈ ભરું રે લોલ

સાયબા હું તો ત્રાંબાની હેલ્યે પાણીડાં નૈ ભરું રે લોલ,

સાયબા મને રૂપલા બેડાની ઘણી હામ રે
સાયબા મારે સસરો ભલા પણ વેગળા રે લોલ,
સાયબા મુને ઘૂંઘટ કાઢ્યાની ઘણી હામ રે -સાયબા હું તો ...

સાયબા મારી સાસુ ભલાં પણ વેગળાં રે લોલ,
સાયબા મુને પગે પડ્યાની ઘણી હામ રે -સાયબા હું તો...

સાયબા મારે જેઠ ભલા પણ વેગળા રે લોલ,
સાયબા મુને ઝીણું બોલ્યાની ઘણી હામ રે -સાયબા હું રે...

સાયબા મારી જેઠાણી ભલાં પણ વેગળાં રે લોલ,
સાયબા મુને વાદ વધ્યાની ઘણી હામ રે -સાયબા હું રે...

સાયબા મારો દેર ભલા પણ વેગળા રે લોલ,
સાયબા મુને હસ્યા બોલ્યાની ઘણી હામ રે -સાયબા હું રે...

સાયબા મારી દેરાણી ભલાં પણ વેગળાં રે લોલ,
સાયબા મુને જોડે રે'વાની ઘણી હામ રે -સાયબા હું રે...

એક સમય એવો હતો કે સ્ત્રી માટે સાસરિયું એટલે વેદના, સંતાપ, ત્રાસ અને દુઃખની ખાણ મનાતું. સાસરે વળી સુખ હોય? કોઈ નસીબવંતી પરિણીતા જ સુખી હોય એવી માન્યતા હતી. આજે પણ અમુક સ્ત્રીઓ માટે સાસરું સુખદાયી નથી પરંતુ સમયના ચક્ર સાથે સાસરિયાનો વ્યવહાર બદલાયો એટલે ભામિનીઓનાં ભાગ્ય પણ પલટાયાં છે. જૂના વખતમાં પણ કેટલીક વહુવારુઓ માટે સાસરિયું સ્વર્ગ સમાન હતું એ આ લોકગીત પરથી સમજાય છે.

નવપરણિતા પોતાના પતિને લાડ-કોડથી કહે છે કે હું ત્રાંબાની હેલ (હાંડો, ગાગર, ગોળી) લઈને પાણી ભરવા નહીં જાઉં, મને રૂપાનું બેડું ઘડાવી દો. નવવિવાહિતાની આવી તમન્નાથી એવું તારણ નીકળે કે એ સાસરિયામાં સુખી હશે, એનું સન્માન થતું હશે બાકી દીકરાની વહુને રૂપાનું બેડું માગવાનો હક્ક હોય? વહુએ તો પરોઢિયે ઉઠી ઘંટીએ અનાજ દળવું, વાસીદું વાળવું, ગામના કૂવે કે સરોવરેથી કેટલીય હેલ પાણીની ભરી લાવવી, રસોઈ સહિતનું ઘરકામ કરવું ને એ ઓછું હોય તેમ આખા ઘરનાં મેણાં અને માર લટકામાં...!

લોકગીતની નાયિકા પોતાના સસરા, સાસુ, જેઠ, જેઠાણી, દિયર, દેરાણી સૌને 'ભલા' ગણાવે છે એમાં એના સ્વભાવનું ઔદાર્ય છલકે છે અને સાસરિયાની સારપ! સંયુક્ત કુટુંબની વિભાવના અહિ અનુભવાય છે. નાયિકાને લાજ કાઢવી પડે છે, વડીલોની આમન્યા રાખીને ધીમું બોલવું પડે છે છતાં એને સંયુક્ત પરિવારમાં જ રહેવું છે.

આજે અઢળક સુવિધાઓ વચ્ચે આપણે 'અમે બે, અમારાં એક-બે'ની સંકિર્ણ મનોવૃત્તિમાં જીવી રહ્યા છીએ ત્યારે અનેક દુવિધાઓ વચ્ચે આજીવન 'સહિયારું' જીવનારી એ ગુજરાતી ગુણવતીઓ કેટલી મહાન હશે...!

ઊભી ઊભી ઉગમણે દરબાર

ઊભી ઊભી ઉગમણે દરબાર
રે કાગળિયા આવ્યા રાજના રે લોલ!

ઊઠો દાસી દીવડિયા અંજવાસો
રે કાગળિયા આવ્યા રાજના રે લોલ!

શેની કરું દીવડિયાની વાટ્યું
રે શેણે રે દીવો પરગટું રે લોલ!

અધમણ રૂની કરી છે વાટ્યું
રે સવા મણ તેલે પરગટ્યો રે લોલ!

ઊગ્યો ઊગ્યો પૂનમ કેરો ચંદર
રે સવારે કાગળ ઉકેલ્યો રે લોલ!

કોરે મોરે લખિયું છે સો સો સલામું
રે વચાળે વેરણ ચાકરી રે લોલ!

ચાકરીએ મારા સસરાજીને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

સસરા ઘેરે દરબારી છે રાજ
રે પૂરા નૈ પડે રે લોલ!

ચાકરીએ મારા જેઠીડાને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

જેઠ ઘેરે જેઠાણી ઝીણાબોલી
રે ઊઠીને ઝઘડો માંડશે રે લોલ!

ચાકરીએ મારા દેવરજીને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

દેર ઘેરે દેરાણી નાનું બાળ
મોલુંમાં એકલ નહિ રહે રે લોલ!

રોઝી ઘોડી પાતળિયો અસવાર
રે અલબેલો ચાલ્યા ચાકરી રે લોલ!
ઝાલી ઝાલી ઘોડલિયાની વાઘું
રે અલબેલા! ક્યારે આવશો રે લોલ!
ગણજો ગોરી પીપળિયાનાં પાન
રે એટલે દા'ડે આવશું રે લોલ!
ગોરી મોરી આવડલો શો હેડો
રે આંખોમાં આંસુ બહુ ઝરે રે લોલ!

'ઊભી ઊભી ઉગમણે દરબાર રે...' લોકગીતની કથાસામગ્રી એવી છે કે રજવાડાનો ગરાસ ખાતા કોઈ પરિવારને રાજનો કાગળ મળે છે. કાગળ રાત્રે હાથમાં આવ્યો, અંધારું છે એટલે દાસી અધમણ રૂની વાટને સવા મણ તેલમાં ઝબોળીને દીવો પ્રગટાવે છે પણ અક્ષરો ઉકલતા નથી! સંભવત:કોઈ અણગમતા સમાચાર હોઈ શકે છે...! છેક સવારે કાગળ વંચાયો એમાં લખ્યું હતું કે પરિવારના એક પુરુષે ચાકરીએ આવવું પડશે. કોણ જાય? આ મુદ્દે ઘરમાં ખૂબ ચર્ચા થઈ, ઘરના નોભી એટલે કે પિતા, મોટાભાઈ, નાનાભાઈ સૌને ચાકરીએ ન જવા માટે કંઇક કંઇક કારણો હતાં એટલે વચેટ દીકરાને મોકલવાનું નક્કી થયું.



ચાકરીએ જનાર પુરુષની પત્ની ઈચ્છે છે કે એના સસરા, જેઠ, દિયર વગેરેમાંથી કોઈ જાય પણ વડીલો સમક્ષ આવી વાત કેમ મુકી શકાય? સંભવિત વિરહને લીધે તે અણગમો વ્યક્ત કરે પણ એની વેદના કોણ સાંભળે? પાતળિયો અસવાર ઘોડે ચડીને નીકળ્યો ત્યારે પત્નીએ ઘોડાની વાઘ તણી ને પરણેતરને રોક્યો ને પૂછ્યું કે પાછા ક્યારે આવશો? ચાકરીએ જનારા પુરુષનો જવાબ એકદમ વાસ્તવિક છે કે 'ઘરના આંગણે લહેરાતી પીપળનાં પાન ગણી લેજો, હું એટલા દિવસ પછી પાછો આવીશ.'. સાવ સાચી વાત, કેમ કે યુદ્ધ થાય તો મહિનાઓ સુધી રોકાઈ જવું પડે ને બીજી શક્યતા એ પણ ખરી કે શહીદી પણ વહોરી લેવી પડે!

બહુ જ પ્રચલિત, મધુરા ઢાળના આ લોકગીત માટે કાયમ શ્રોતાઓની ફરમાઇશ હોય છે.

શ્રાવણ મહિને વાલો સંદેશા મોકલે ને

શ્રાવણ મહિને વાલો સંદેશા મોકલે ને
ઝરમર વરસે રે ઝીણા મેહ,　　　હરિ સંગ

હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ
વનરાવનને વાલા મારગડે જાતા
મને સામા મળ્યા રે નંદલાલ,　　　હરિ સંગ

હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ
આવો કરસનજી આવોને કાનજી
કાનજી તારા ઢોલિયા ઢળાવું,　　　હરિ સંગ

હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ
નામ ન જાણું તારું ઠામ ન જાણું
હું તો કેમ કરી આવું તારી પાસ,　　હરિ સંગ

હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ
ગોકુળ અમારું ગામડું ને કાંઈ
રાધા સરિખાં મારાં નામ,　　　હરિ સંગ

હરિ સંગ હેત રે ઘણેરાં નંદલાલ

રાધા-કૃષ્ણનું સાયુજ્ય એટલે 'રાધેકૃષ્ણ' પણ એકલા કૃષ્ણ એટલે 'આધે કૃષ્ણ'! શ્રાવણ મહિનામાં ઝરમર ઝરમર વરસતા મેહ વખતે કૃષ્ણ પ્રત્યેની રાધાની ઉત્કટતા અનરાધાર બની ગઈ. હરિ સાથે એનું હેત હદ વળોટીને અનહદ બન્યું. દેવકીનંદન જાણે કે પોતાને સંદેશા મોકલતા હોય એવો ભાસ થવા લાગ્યો. એવામાં વૃંદાવનને મારગ ભગવાન સામા મળી ગયા. રાધાજી પોતાના પરગપ્રિય પુરુષોત્તગને ઘેર પધારવાનું નોતરું તો આપી બેઠાં પણ મધુસુદન કહે મને તમારું નામ નથી ખબર, હું તમારું ઠામ-ઠેકાણું નથી જાણતો- અજાણ્યાને ઘેર કેમ આવું? રાધાએ પોતાનું નામ કહ્યું, ગામનું નામ ગોકુળ કહ્યું... એનો અર્થ એવો થાય કે કૃષ્ણના આભાવલયથી અંજાઈ ગયેલાં રાધા કદાચ ભૂલી ગયાં હશે કે પોતાનું ગામ ગોકુળ નથી! રાધા તો બરસનાનાં હતાં!

રાધાએ કાનને ઘેર પધારવા કહ્યું તો ભગવાન કહે, હું તમને ઓળખતો નથી, તમારા વિશે કંઇ જાણતો નથી એટલે અજાણ્યાને ઘેર કેમ આવું? આપણે એમાંથી એટલો બોધ લેવાનો કે અજાણ્યાની 'ફ્રે-ડ રીક્વેસ્ટ' ન સ્વીકારવી!

આ લોકગીત રાધા-માધા વચ્ચેના સંવાદ સ્વરૂપે મળ્યું છે. ખરેખર રાધા-શ્યામ પરસ્પર મળ્યા હશે ત્યારે આવું પ્રત્યાયન થયું હશે? લોકકવિઓ, લોકગીતના રચયિતાઓ, સ્વાનુભવીઓ પોતાની આજુબાજુ બનતી સામાન્ય ઘટનાઓને પૌરાણિક પાત્રો સાથે જોડીને પોતાની રચનાને શાશ્વત બનાવી દેતા. જેવું આપણે જીવીએ, એવું જ શિવ-પાર્વતી, સીતા-રામ. રાધા-કૃષ્ણને જીવાડીએ! આપણી ઊર્મિઓ, આપણી સંવેદના, આપણા વિચારો-વ્યવહારો આવાં શાશ્વત પાત્રોમાં આરોપી દઈએ છીએ એટલે એ 'ગીત' મટીને 'લોકગીત' બની જાય, 'મારું' મટીને 'સહિયારું' બની જાય...!

'શ્રાવણ ગહિને વાલો રાંદેશા ગોકલે...' ગધુરી ધૂનવાળું ગસ્ત લોકગીત છે. ગુખડા અને અંતરાનું કમ્પોઝીશન લાજવાબ છે.

રાજ લીલાં મોતી ને હીર દોરિયું રે

રાજ લીલાં મોતી ને હીર દોરિયું રે
મારો હરખે ઘડાવેલો હાર રાજ
મોતી વેરાયેલ ચોકમાં રે
રાજ આઠ કૂવા ને નવ પાવઠા રે
મારા પાવઠડે લપસ્યો પગ રાજ
મોતી વેરાયેલ...

મારો સસરો તે રણમલ રાજિયો રે
મારી સાસુડી સમદર લેર રાજ
મોતી વેરાયેલ...

મારો જેઠ અષાઢીલો મેહુલો રે
મારી જેઠાણી વાદળ વીજ રાજ
મોતી વેરાયેલ...

'રાજ લીલાં મોતી ને હીર દોરિયું રે...' લોકગીતની નાયિકા માટે સાસરું સુખકારી છે. સાસરિયું એટલે 'કવખું' એવી છાપ હતી, આજેય છે પણ દરેક સ્ત્રી માટે આ વાત સાચી નથી કે અગાઉ પણ ન્હોતી. કેટલીય વહુવારુઓ માટે સાસરિયું મહેકતા ઉપવન જેવું હોય છે. જેમ કોઈ પીડિત વહુએ સહેલાં દુઃખ જાહેરમાં ગાઈ નાખ્યાં એને આપણે લોકગીતરૂપે સ્વીકારી લીધાં એમ જે વહુ સાસરિયે સુખી હતી એણે પોતાનો સુખભાવ પ્રગટ કર્યો, એનાં પણ લોકગીતો બની ગયાં.

આ લોકગીત સસરા પક્ષથી પ્રસન્ન વહુવારુનું છે. ગામના કૂવે પાણી ભરવા ગઈ ત્યારે પગ લપસ્યો ને હીરની દોરીમાં ગૂંથેલો લીલાં મોતીનો હાર તૂટી ગયો, ઝીણાં ઝીણાં મોતીડાં વિખેરાઈ ગયાં, આટલાં મોતીડાં હવે કેમ ભેગાં કરવાં? સાસરિયાંએ હોંશે હોંશે ઘડાવી દીધેલો નવસરો હાર તૂટે એ કેમ ચાલે? કોઈ સખીએ સાશ્ચર્ય પૂછી નાખ્યું કે હવે તારું શું થશે? તારા સાસરિયાં તને જીવવા દેશે? આ પનિહારી કહે છે કે મારું સાસરિયું અણમોલ છે. સસરાજી રાજવી જેવા વત્સલ, સાસુજી દરિયાદિલ છે. મારા જેઠ અષાઢી મેહ જેવા ઉદાર અને જેઠાણી વીજળી જેવાં તેજસ્વી છે, મને કોઈ કંઈ નહિ કહે પણ મારે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે મને મળેલો હારલા રૂપી સ્નેહ મારી બેદરકારીથી હું ગુમાવી ન દઉં!

વહુ એટલે પરિવારનું વાગોવણું કરનારી, ચાડી-ચુગલી કરનારી, સાસરિયાંનું બુરું ઇચ્છનારી એવી માન્યતાના વ્યાપ વખતેય આવાં સાસરિયાં અને આવો સમજુ વહુવારુ હતી જ, આજેય હોય છે. પરસ્પર સમજણ અને વિશ્વાસ વધારીએ તો ઘર બની જાય સ્વર્ગ!

ઝીલણ તારાં પાણી, ઝીલણ તારાં પાણી

ઝીલણ તારાં પાણી, ઝીલણ તારાં પાણી;
મને ઝેર ઝેર લાગે, મને ઉડ ઉડ લાગે.

દાદો મૂંજો વેરી, દાદો મૂંજો વેરી;
મને વેરિયાંમાં દીધી, મારી ખબરું ના લીધી.
ઝીલણ તારાં...

કાકો મૂંજો વેરી, કાકો મૂંજો વેરી;
મને વેરિયાંમાં દીધી, મારી ખબરું ના લીધી.
ઝીલણ તારાં...

મામો મૂંજો વેરી, મામો મૂંજો વેરી;
મને વેરિયાંમાં દીધી,મારી ખબરું ના લીધી.
ઝીલણ તારાં...

વીરો મૂંજો વેરી, વીરો મૂંજો વેરી;
મને વેરિયાંમાં દીધી, મારી ખબરું ના લીધી.
ઝીલણ તારાં...

આપણાં લોકગીતો સહસ્રાયુ છે કેમકે એ અનુભવવાણી છે. એમાં વિદ્વત્તાપૂર્ણ શબ્દોની રંગોળી પુરાયેલી નથી હોતી પણ બોલચાલના શબ્દોના દીવડા ઝગમગતા હોય છે. એના ઢાળમાં રાગ-રાગિણીની કરામત નથી પણ સાદગી, સરળતા, સહજતાના પારસમણીનો સ્પર્શ હોય છે એટલે જ લોકગીતો બટકણાં નથી, ટકાઉ છે. અભણ સ્ત્રીઓએ રચેલાં કે એની કરમકહાણી વ્યક્ત કરતાં લોકગીતો આજે પ્રાથમિક શાળાથી લઈ યુનિવર્સિટીઓમાં ભણાવાય છે, એના પર વિદ્યાર્થીઓ એમ.ફિલ., પીએચ.ડી. થાય છે.

'ઝીલણ તારાં પાણી...' સાસરિયામાં ભયાનક ત્રાસનો ભોગ બનેલી એક પરિણીતાની મહાવ્યથા રજૂ કરતું લોકગીત છે. ગામના કૂવે, સરોવરે કે નદીએ વહુવારુઓ, આધેડ મહિલાઓ અને દીકરીઓ પાણી ભરવા જાય ને પોતપોતાનાં સુખ-દુઃખની વાતો કરીને હળવી થતી એટલે જ કદાચ મહિલાઓની આત્મહત્યાનું પ્રમાણ નહિવત્ હતું ! આજે અંગતપણું એટલું વધી ગયું છે કે, માણસ જાણે કે પોતે જ પોતાની જાતથી કંઇક છૂપાવી રહ્યો હોય એવું લાગે છે. આપણી અંગત બાબત કોઈને કહેવાથી ઘણીવાર મુશ્કેલીનું નિરાકરણ આવી જતું હોય છે.

સાસરિયાંથી દુભાયેલી એક સ્ત્રી અહીં પોતાની વાત માંડતાં કહે છે કે હું અહીં પાણી ભરવા આવી છું પણ મને આ નીર અમૃત નહિ, ઝેર જેવું લાગે છે કેમ કે, હું ખૂબ જ દુઃખી છું. મારા દુઃખ માટે સૌથી વધુ જો કોઈ જવાબદાર હોય તો તે મારા પિતા, કાકા, મામા અને ભાઈ છે. મારા જ પરિવારના આ પુરુષોએ મને જાણે કે દુશ્મન પરિવારમાં પરણાવી દીધી છે. મને સૌથી મોટી ફરિયાદ તો એ છે કે, આટલાં વર્ષથી હું સાસરે છું, દુઃખી છું પણ કોઈ મારી ખબર પૂછવા નથી આવ્યું !

'મને વેરિયાંમાં દીધી'ના બે અર્થ થાય; એક અર્થ એ કે મને એવા કુટુંબની વહુ બનાવી દીધી જે મારા આગલા ભવના વેરી હોય એવું વર્તન કરે છે. બીજો અર્થ એ કે અગાઉ બે પરિવારો વચ્ચે ચાલતાં વર્ષોનાં વેરનાં વળામણાં કરવા પરસ્પર દીકરા-દીકરી પરણાવતા. આમ કુટુંબના દુશ્મન પરિવારમાં આ બાઈને વળાવી તો દીધી પણ એનાં સાસરિયાં હજુ સ્વજન થયા નથી એ વેરી જ રહ્યાં છે!

તમારા સમ જો તમે મને વા'લા!

તમારા સમ જો તમે મને વા'લાં!
જૂઠડા સમ શીદ ખાવ છો જી રે
તમારું મન મને ન્યાં જાવ છો.

આવા તે રૂડા ઓરડા મેલીને
છાપરામાં સૂવા જાવ છો જી રે -તમારું મન...

આવાં તે રૂડાં દાતણ મેલીને
આવળ બોરડી ચાવવા જાવ છો જી રે -તમારું મન...

આવાં તે રૂડાં નાવણ મેલીને
ખાડે ખાબોચિયે નાવ છો જી રે -તમારું મન...

આવાં તે રૂડાં ભોજન મેલીને
ટાઢા ટૂકડા ખાવા જાવ છો જી રે -તમારું મન...

આવાં તે રૂડાં પોઢણ મેલીને
ટૂટેલ ખાટલે સૂવા જાવ છો જી ર -તમારું મન...

જે તે કાળમાં જીવાતું જીવન એ કાળના લોકસાહિત્ય-લોકગીતોનો સહજ વિષય બની જાય છે. જે આપણે જીવીએ છીએ એ બધું લોકસાહિત્ય-લોકસંગીતનું કથાનક છે એટલે જ આપણું લોકસાહિત્ય-લોકસંગીત સમૃદ્ધ અને બહુરંગી છે. ગુજરાત પાસે અરબી સમુદ્ર, હિંદ મહાસાગર અને બંગાળનો ઉપસાગર ભરાય એટલાં લોકગીતો છે...!

'તમારા સમ જો તમે મને વા'લા...' લોકગીતની કથાવસ્તુ બહુ રસપ્રદ છે. એક બેવફા પતિ પોતાની પત્નીને માખણ મારતાં કહે છે કે તમે મને ખૂબ વ્હાલાં છો પણ પત્ની કહે, જૂઠા સમ ન ખાવ. હું તમને પગથી માથા સુધી ઓળખું છું. આપણા ઘરમાં શું નથી? ઘરના રૂડા ઓરડા મુકીને તમે પારકે છાપરે સૂવા જાવ છો! અહિ દાતણ, નાવણ, પોઢણ બધું જ છે પણ તમને પારકા રોટલાની કોર મીઠી લાગે છે!

આ પ્રકારનાં લોકગીતો દામ્પત્યજીવન જીવવાના અલગઅલગ રંગો છતા કરે છે.

મુખમાં મોરલી ને કાખમાં ઝોળી

મુખમાં મોરલી ને કાખમાં ઝોળી
ખભે ઉપાડેલ કાળો નાગ જોગીબાવા,
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને ઉતારા ઓરડા
જોગણને મેડી કેરા મોલ જોગીબાવા,
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને પોઢણ ઢોલિયા,
જોગણને હિંડોળા ખાટ જોગીબાવા
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને નાવણ કુંડિયાં,
જોગણને જમુનાનાં નીર જોગીબાવા
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને દાતણ દાડમી ,
જોગણને કણેરીની કાંબ જોગીબાવા
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને ભોજન લાપસી,
જોગણને કઢિયેલાં દૂધ જોગીબાવા
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

જોગીબાવાને મુખવાસ એલચી,
જોગણને બીડલાં પાન જોગીબાવા
જોગીબાવા જોગણ બનાવી મુને આજ.

લોકગીતો ગામના પાદર, ચોરાના ચોક કે લોકમેળાઓમાં લેવાતા રાસડા દ્વારા જ આપણને મળે એવું નથી. ગામની બહાર પાંચ-પંદર ઝુંપડાંની વસાહત, ભૂંગા કે તંબુમાંથી પણ મળ્યાં છે. લોકગીતનો પ્રસવ સ્થિર-સ્થાયી સમાજે કર્યો હોય એ અર્ધસત્ય છે.જે સમાજ કોઈ એક ગામમાં સ્થાયી નથી, સતત વિચરણ કરતો રહે છે, જેને ઉપર આભ નીચે ધરતી છે એવા ગરીબ, નિરક્ષર, વિચરતા લોકોએ પણ મધુરાં લોકગીતો આપ્યાં છે.

'મુખમાં મોરલી ને કાખમાં ઝોળી...' લોકગીત સાપ, નોળિયાં, માકડાં કે રીંછ સાથે જાદુના ખેલ બતાવી લોકરંજન કરતા વાદી કે મદારી માટે ગવાયું હોવાની પ્રાથમિક છાપ ઉપસે છે. મોરલી વગાડી સાપને પોતાની પાસે બોલાવી કે તેને મોરલીના નાદે ડોલાવી શકાય એવી માન્યતાનું અભ્યાસીઓએ ખંડન કરી નાખ્યું છે પણ આપણે વર્ષો સુધી મોરલી-નાગની જુગલબંધીનો આનંદ ઉઠાવતાં રહ્યાં, મદારીઓ પોતાના પેટ માટે આપણું મનોરંજન કરતા રહ્યા. આજેય ક્યાંક મદારીના ખેલ થઈ રહ્યા છે કેમકે આપણે સૌ 'પ્રીરેકોર્ડેડ એન્ટરટેઈનમેન્ટ'થી થાકી ગયા છીએ એટલે મદારીનો 'લાઈવ શો' મોહક લાગે છે.

મોરલી બજાવી, કાખમાં ઝોળી અને ખભે કાળોતરો નાગ લઈને ઘૂમતા મદારી યુવાન પર એની વસાહતની જ કોઈ કન્યા વારી ગઈ હશે ને એના મુખેથી શબ્દો સરી પડ્યા હશે કે હે જોગીબાવા! તેં મને તારી જોગણ બનાવી દીધી! રંગીન થેપાડું, અંગે પહેરણ, માથે પાઘડી, ગળામાં લીલા, પીળા, લાલ મોટા પારાની માળાઓ-મદારીઓનો પોશાક-શણગાર એટલે એને માટે 'જોગીબાવા' જેવો શબ્દ પ્રયોજ્યો હશે. લોકગીતોમાં ઉતારા ઓરડા, ભોજન લાપસી કે લાડવાની વાતો આવે એવી અહીં પણ છે.

આ તો થયો લોકગીતનો પ્રાથમિક અર્થ; બીજો અર્થ એમ પણ થાય કે હિમગિરિની કંદરાઓમાં ભગવાન શંકર કાખમાં ઝોળી, ગળા-ખભા પર વિચરતા સર્પ સાથે શોભાયમાન લાગતા હશે ત્યારે હિમાલયપુત્રી પાર્વતીએ તેને જોઈને 'જોગીબાવા જોગણ બનાવી મુને આજ...' જેવું ગીતઝરણ વહાવ્યું હશે અથવા યમુના નદીમાં દડો લેવા કૂદેલા શ્રીકૃષ્ણએ નાગણીઓની દયા ખાધા વિના કાળીનાગની ફેણને મજબૂત ફાંસી દઈને જયારે નાથ્યો હશે ત્યારે આ ભયાવહ દ્રશ્ય જોઈ, કૃષ્ણપ્રીતિમાં પાગલ બનીને રાધાજીના મુખેથી 'મુખમાં મોરલી...ખંભે ઉપાડેલ કાળો નાગ...' જેવા શબ્દો સરી પડ્યા હોય. આ તો લોક છે એ ગમે તેવી કલ્પના કરી શકે!

લોકગીતની અસલ ખટક ધરાવતા કોઈ ગાયક-ગાયિકા પાસેથી આ લોકગીત સાંભળીએ તો મજા આવી જાય એવું આ મસ્ત લોકગીત છે.

મીઠા મીઠા નાદ વેણુના દૂરથી

મીઠા મીઠા નાદ વેણુના દૂરથી,
આવી આવીને મારે કાને અથડાય.

નંદનો કિશોર કાન માખણનો ચોર ઘેલો,
ગાયોને ચારવા વનમાં જાય.

માથે મુગટ એને મોરપીચ્છ સોહે,
ફૂલોનાં ઝૂમખાં કેવાં સોહાય!

મુકી મુકીને ઘરકામ સૌ ગોપીઓ,
દોડી દોડીને વનમાં જાય...

કામકાજમાં એનું ચિત્ત ન ચોંટે,
વેણુના નાદમાં મનડું મોહાય...

એક તાલી એક તાલી તાલી દઈ નાચતાં,
ગોપીને કાન સૌ ભૂલ્યાં છે ભાન...

છુમ છુમા છુમ છુમ છુમાછુમ ઘૂઘરિયાં બાજે,
ઢોલકના નાદ ભેગી બાજે પખવાજ...

પૂનમનો ચાંદલો નાચે છે આભમાં,
એને દેખીને કાન કેવા હરખાય...

આસપાસ નાચતી ઘેલી થઇ ગોપીઓ,
વચમાં રાધાને કાન કેવાં સોહાય...
મીઠા મીઠા નાદ...

ગુજરાતી લોકગીતોમાં હિંચનાં ગીતો વિપુલ પ્રમાણમાં મળે છે. આ બધાં રાસ લેતી વખતે ગવાતાં લોકગીતો છે. હિંચના તાલ સાથે ખેલૈયાના પગના ઠેકા બરાબર મળી જાય છે. ગાયન, વાદન, નૃત્ય અને શક્તિની ભક્તિના ચતુર્વિધ સંગમ સમા નવરાત્રિ પર્વમાં આપણું ગ્રામજીવન નિખરી ઉઠતું. ગામના ચોરાના ચોકમાં રાત્રે 'માંડવી'માં માતાજીનું સ્થાપન થાય, ચડાવો, આરતી, થઈ જાય એટલે બાલિકાઓ માતાજીની આરાધના કરતાં ગીતો ગાઈને રમે, પછી પુરૂષો દાંડિયારાસ લે. પુરુષો મોટે ભાગે લોકગીતો પર જ રમતા. આ લોકગીતોમાં બહુધા કૃષ્ણગીતોનું પ્રભુત્વ રહેતું. આજના ફોર-જીના યુગમાં પણ હજુ ગામડાંમાં ક્યાંક આ પરંપરા જીવે છે.

'મીઠા મીઠા નાદ વેણુના દૂરથી...' કૃષ્ણના બંસીનાદ જેવું જ મધુરું લોકગીત છે. રાધાના માધવ ગાયો ચારવા વનમાં જાય ને ત્યાં વાંસળીના સુર રેલાવે, ગોપીઓ દોડી આવે ને રાસ રચાય એ વેળાએ શબ્દ, સુર, તાલ, લય, નૃત્ય, સૌંદર્ય સહ પવિત્રતાનું સપ્તરંગી મેઘધનુષ્ય નિખરી ઉઠતું, એનું અડાબોડ વર્ણન આ લોકગીતમાં છે.

ગામઠી પુરૂષો ભાવથી આવાં લોકગીતો પર રાસ લેતા હોય એ દશ્ય આજના અર્વાચીન રાસોત્સવોની સરખામણીએ મનહર અને મનભર લાગે. આજે રાસોત્સવોમાં ઝાકઝમાળ, ડીઝાઈનર વસ્ત્રો, કોરિયોગ્રાફી અને આધુનિક સંગીતને લીધે ખૂબ રોનક આવી ગઈ છે પણ એનું અંતઃતત્વ એવું 'ગીત' બદલાઈ ગયું છે. આલ્બમનાં ગીતો, ફિલ્મગીતો, જોડકણાં જેવાં ગીતો પર યુવાધનને રાસ રમવાની મજા આવે છે ત્યારે રાસ લેવા માટે રચાયેલાં અનેક લોકગીતો ડૂસકાં ભરે છે પણ ડિજિટલ સાઉન્ડની ધમાલમાં આવાં લોકગીતોનું 'અરણ્યરૂદન' કોણ સાંભળે?

મોરલી તો ચાલી રંગ રૂસણે રે !

મોરલી તો ચાલી રંગ રૂસણે રે !
કોણ મનાવવા જાય, રંગ મોરલી ?
સસરો મનાવવા જાય, રંગ મોરલી !
સસરાની વાળી હું તો નહીં રે વળું રે !
હં ! હં અં ! હોવે !
હું તો મારે મૈયર જઈશ, રંગ મોરલી !
મોરલી તો ચાલી...

કોણ મનાવવા જાય, રંગ મોરલી ?
સાસુ મનાવવા જાય, રંગ મોરલી !
સાસુની વાળી હું તો નહીં રે વળું રે !
હં ! હં અં ! હોવે !
હું તો મારે મૈયર જઈશ, રંગ મોરલી !
મોરલી તો ચાલી...

કોણ મનાવવા જાય, રંગ મોરલી ?
પરણ્યો મનાવવા જાય, રંગ મોરલી !
પરણ્યાની વાળી હું તો ઝટ રે વળું રે !
હં ! હં અં ! હોવે !
હું તો મારે મૈયર નહીં જાઉં, રંગ મોરલી !
મોરલી તો ચાલી...

ગુજરાતી લોકગીતોમાં કાન, રાધા, રૂક્ષ્મણી, ગોપી, ગોવાળ ગૌધણ, વાંસળી વગેરે ન આવે એવું બને? રાધા-કાનને તો આપણા લોકસર્જકોએ બહુ લાડ લડાવ્યા છે.મીઠા મીઠા નાદ રેલાવતી કાનુડાની પ્રિય બંસરીને આપણો લોકસમૂહ 'મોરલી' જેવા સહેલા નામથી સંબોધે છે, ભલે બન્ને અલગ છે. મોરલી તો મદારીનું વાદ્ય કે તેના માટે પેટનો ખાડો પુરવાનું ઉપકરણ છે.

આ લોકગીત કૃષ્ણગીત નથી પણ સાસરિયાંથી રિસાયેલી નવવધૂને 'મોરલી'નું બિરુદ આપી, અર્જુનસખા મધુસૂદનની અહીં માત્ર યાદી કરાઈ છે. નવવિવાહિતા રૂસણું લે એટલે સસરા, સાસુ, જેઠ, જેઠાણી-સૌ કોઈ પરિજનો મનાવવા દોડી જાય છે પણ વહુ મક્કમ છે કે હું તો મારે પિયર જઈશ જ.

વહુવારુ રિસાઈને પિયર જતી રહે તો સાસરિયાંની આબરૂ શી? અંતે એનો પતિ મનાવવા જાય...પરણ્યો આવે ને પરણેતર ન માને એવું કેમ બને? વહુ તરત જ પોતાનો નિર્ણય બદલી નાખે છે, હવે મૈયર નથી જવું, પતિની સાથે જ રહેવું છે.

લોકગીતોમાં હો, લોલ, રે લોલ, હો રાજ, સૈ, હેલ્લારો, હં, હોવે, જેવાં લયપૂરકો મૂકવામાં આવે છે કેમ કે લોકગીતો રાસડા લેતી વખતે ગવાય છે એટલે એમાં લહેકાને લીધે જોમ આવે છે. આ લોકગીતમાં વપરાયેલાં લયપૂરકો હં, હં અં, હોવે...માં ઉત્તર ગુજરાતની લોકબોલીની છાંટ વર્તાય છે.

હાલ્યાં મીરાંબાઈ દ્વારિકાને મારગ જો

હાલ્યાં મીરાંબાઈ દ્વારિકાને મારગ જો,
દ્વારિકાને મારગ કાબા લૂંટશે
કાબા તે મારા માડીજાયા વીર જો,
બેનીને લૂંટીને કાબા શું કરે?
હાલ્યાં મીરાંબાઈ...
કાબા તે મારા કાકા ને કુંટુંબ જો,
ભત્રીજને લૂંટીને કાબા શું કરે?
હાલ્યાં મીરાંબાઈ...
કાબા તે મારા મામા ને મોસાળ જો,
ભાણેજને લૂંટીને કાબા શું કરે?
હાલ્યાં મીરાંબાઈ...

જાગરણની રાત હોય, આખા ગામની મહિલાઓ રાસડા લેતી હોય, રાસ બરાબર જામ્યા હોય, હીંચમાં એક પછી એક લોકગીત ગવાતાં હોય પણ એક જ તાલમાં કેટલી વાર રમવું? એટલે ટીટોડો કે ઉલાળિયોની ફરમાઇશ થાય કેમકે ગુજરાતમાં હિંચ પછી જો કોઈ લોકભોગ્ય તાલ હોય તો એ ટીટોડો કે ઉલાળિયો છે. બહેનોનો તો એ પ્રિય તાલ. આપણી પાસે ઉલાળિયોમાં ગવાતાં હોય એવાં અનેક લોકગીતો છે. આવું એક લોકગીત એટલે 'હાલ્યાં મીરાંબાઈ દ્વારિકાને મારગ જો...'

કૃષ્ણભક્તિમાં તરબોળ થયેલાં મીરાંબાઈ દ્વારકાની વાટે જઈ રહ્યાં છે, કોઈકે ચેતવ્યાં કે દ્વારકા પંથકમાં કાબાઓનું ધ્યાન રાખવું કેમકે કાબાઓ વટેમાર્ગુઓને આંતરીને લૂંટ ચલાવે છે.મીરાંએ ચેતવણી ઉચ્ચારનારને અદ્દભૂત જવાબ વાળ્યો કે કાબા તો મારા વીર જેવા છે, વીરો એની બેનને લૂંટે? વળી તેઓ મારા કાકા અને મામા જેવા છે, કાકા ભત્રીજીને તો મામા ભાણેજને લૂંટે ખરા?

મીરાંના જવાબમાં નિર્ભયતા, અડગતા છલકે છે. તેમનું તાત્પર્ય એ છે કે જેણે પોતાનું સઘળું જીવન ગીતાના ગાનાર ગોવિંદને સમર્પિત કરી દીધું હોય એને બીક કોની? જેને કાળનો પણ ભય નથી એને કાબાનો ડર લાગે જ નહિ.આમેય કાળિયો ઠાકર, જરૂર પડ્યે વ્હારે આવ્યો જ છે અને હજુ આવશે એવી મીરાંને શ્રધ્ધા છે.

કુંજલડી રે સંદેશો અમારો

કુંજલડી રે સંદેશો અમારો
જઈ વાલમને કે'જો જી રે!

માણસ હોય તો મુખોમુખ બોલે
લખો અમારી પાંખલડી રે ...કુંજલડી રે

સામા કાંઠાનાં અમે પંખીડાં
ઊડી ઊડી આ કાંઠે આવ્યાં જી રે...કુંજલડી રે

કુંજલડીને વા'લો મીઠો મેરામણ
મોરને વા'લું ચોમાસુ જી રે ...કુંજલડી રે

રામ લખમણને સીતાજી વા'લાં
ગોપીઉંને વા'લો કાનુડો જી રે ...કુંજલડી રે

પ્રીતિકાંઠાનાં અમે રે પંખીડાં
પ્રીતમસાગર વિના સૂનાં જી રે...કુંજલડી રે

હાથ પરમાણે ચૂડલો રે લાવજો
ગુજરીમાં રતન જડાવજો જી રે...કુંજલડી રે

ડોક પરમાણે ઝરમર લાવજો
તુળસીએ મોતીડાં બંધાવજો જી રે...કુંજલડી રે

પગ પરમાણે કડલાં લાવજો
કાંબીઉંમાં ઘૂઘરા બંધાવજો રે...કુંજલડી રે

સાંપ્રતયુગીન મહિલા ઈચ્છે ત્યારે પોતાના વિદેશસ્થિત પતિ સાથે ફોન દ્વારા વાત કરી શકે. વ્હોટસ એપ, મેસેન્જરના માધ્યમથી સંદેશાની આપલે કરી શકે પણ સો-બસ્સો વર્ષ પહેલા એ ક્યાં શક્ય હતું? એટલે લોકગીતોની વિરહિણી નાયિકાઓએ પરદેશી પતિને મનની વાત પહોંચાડવા પંખીઓને માધ્યમ બનાવવાં પડતાં. મોર, પોપટ, કુંજ સાથે સંદેશા મોકલાયા હોય એવાં લોકગીતો મળે છે. અરે, ચાંદાને વિનંતી કરીને સમાચાર મોકલ્યાનાં લોકગીતો પણ આપણી પાસે છે.

મહાકવિ કાલિદાસકૃત 'મેઘદૂત'માં કુબેરના શાપથી હેમગિરિ પર્વત પર વસતો યક્ષ વાદળ (મેઘ)ને દૂત બનાવી અલકાનગરીમાં રહેતી પત્નીને સંદેશો મોકલે છે એવી જ કંઇક વાત આ લોકગીતમાં છે. એક નારી પોતાના પરદેશ સ્થિત પતિને કહેણ મોકલવા કુંજ પક્ષી પર પસંદગી ઉતારે છે. કુંજ એવું પંખી છે જે દેશદેશાવર જાય છે, એટલે દરિયાપાર વસતા પતિને તે સંદેશો આપી શકે.

નાયિકા જયારે પોતાની વાત કહે છે ત્યારે કુંજનું કહેવું એમ છે કે બહેન, મારી પાંખ ઉપર તારી વાત લખી દેવી પડશે કેમ કે હું માણસ નથી કે તારા પિયુને મારા મુખેથી સંદેશો આપી શકું...!

કુંજને દરિયો, મોરને ચોમાસુ, રામને સીતા અને ગોપિયુંને કૃષ્ણ જેમ વહાલા છે એમ મને મારા પિયુજી પ્રિય છે એના વિના હું સૂની છું એમ કહી નાયિકા પોતાના પતિને વહેલીતકે ઘેર આવી જવાનું તો કહે જ છે, સાથોસાથ પોતાના માટે જાતજાતનાં આભૂષણો લાવવાની વાત પણ ઉચ્ચારે છે.

ગુજરાતી ભાષાની ઝોળીમાં આવાં અનેક લોકગીતો છે પણ એનું વર્ગીકરણ કરવાનો શ્રેય જયમલ્લ પરમારને ફાળે જાય છે.

એક રંગભર રસિયે પૂછિયું

એક રંગભર રસિયે પૂછિયું,
રાણી રાજવણ રે તને વા'લું કોણ
રાતી રે રંગ ચૂડી લ્યો

સાસરિયામાં વા'લો મારો સસરો,
મહિયરીએ રે મને વા'લો બાપ
રાતી રે રંગ ચૂડી લ્યો-એક રંગભર

સાસરિયામાં વા'લી મારી સાસુડી,
મહિયરીએ રે મને વા'લી મા
રાતી રે રંગ ચૂડી લ્યો-એક રંગભર

સાસરિયામાં વા'લા મારા દેવરજી,
મહિયરીએ રે મને વા'લો ભાઈ
રાતી રે રંગ ચૂડી લ્યો એક રંગભર

સાસરિયાગાં વા'લી ગારો દેરાણી,
મહિયરીએ રે મને વા'લી ભોજાઈ
રાતી રે રંગ ચૂડી લ્યો-એક રંગભર

સાસરિયામાં વા'લી મારી નણંદબા,
પહિયરીએ રે પને વા'લી બહેન
રાતી રે રંગ ચૂડી લ્યો-એક રંગભર

નવી નવી પરણીને સાસરે ગયેલી વધૂને નવા લોકો, નવા રીતરિવાજો, નવા માહોલમાં એકરૂપ થવું પડે છે. જોકે મહિલાઓમાં આવું તાદાત્મ્ય સાધી લેવાના ગુણ જન્મજાત હોય છે. સાસરવાસી સ્ત્રીને કંઇ શ્વસુરપક્ષનું જ ધ્યાન રાખવાનું એવું થોડું છે, એણે પિયરપક્ષ સાથે પણ સમતોલન જાળવવાનું હોય, બેય કૂળને ઉજળાં કરી બતાવવાનાં હોય છે, આ એમના ગર્ભના સંસ્કાર છે.

નવપરિણીતાને પોતાના પિયુએ સીધો જ સવાલ કર્યો કે તને કોણ વ્હાલું? આવા સંજોગોમાં વામાએ વિચારીને જવાબ આપવો પડે કેમકે પતિ તો હૈયાનો હારલો હોય જ પણ પરિવારનાં અન્ય પાત્રોમાંથી કોનાં નામ સાથે વહાલપનું સંધાન સાધવું? જીવનસાથી માટે તો વહાલની સરિતા વહેતી જ હોય પણ એની સાથે સસરા, સાસુ, જેઠ, જેઠાણી, દિયર, દેરાણી, નણંદ વગેરેનો સમાવેશ ન કરે તો કેમ ચાલે? જે ઘરમાં પરણીને આવી ત્યાંના બધા સ્વજનોને પ્રિય ગણવા અને એ બધાને પ્રિય થવું પડે તો પછી જ્યાં પોતાનું અવતરણ થયું એ પિયર પક્ષનું શું? એટલે તો સસરા સાથે પિતા, સાસુ સાથે માતા એમ બરાબર સંતુલન રાખ્યું.

આપણી બહેનો ભલે ઓછું ભણેલી કે અભણ હતી પણ એનાં વાણી-વર્તન એવાં હતાં કે સાસરિયાં-પિયરિયામાં કોઈને દુઃખ ન પહોંચે. પતિનો પ્રેમ પામવા, સાસરિયામાં એકરસ થવા માટે આ બધું જરૂરી હોય છે એ વાત બહેનો બરાબર જાણે છે.

મારી નવરંગી વાડીમાં કેવડો મ્હેકિયો રે લોલ

મારી નવરંગી વાડીમાં કેવડો મ્હેકિયો રે લોલ
ઠાકોર કેવડો લેતા જાવ કે આગળ નૈ મળે રે લોલ !

આવ્યા ચોમાસાના દા'ડા, લાગે દોયલા રે લોલ
ભેળી ચમ્બર છત્તરી લેશું, ચોમાસું શું કરે રે લોલ !

આવ્યા શિયાળાના દા'ડા, લાગે દોયલા રે લોલ
ભેળાં રેશમી ગાદલાં લેશું, શિયાળો શું કરે રે લોલ

આવ્યા ઉનાળાના દા'ડા, લાગે દોયલા રે લોલ
ભેળા મીણીયા માફા લેશું, ઉનાળો શું કરે રે લોલ !

ગુજરાતી લોકસંગીતના ઉપવનમાં ઋતુગીતોની મહેક અનેરી છે. શિયાળો, ઉનાળો, ચોમાસુ જેવી ઋતુઓની વિશેષતા અને તેના પ્રકોપની વાતો આપણા ઋતુગીતોમાં મળે છે. આવાં લોકગીતોમાં મોટભાગે દામ્પત્યજીવનની પ્રસન્નતા કે વિરહ જેવી વાતોનું બયાન હોય છે.

'મારી નવરંગી વાડીમાં કેવડો મ્હેકિયો રે લોલ ...' મનભાવન ઋતુગીત છે. પતિને ચાકરીએ જવાનું કહેણ આવ્યું, જવું પડશે એ નક્કી છે; પત્નીને તો ગમે જ નહીં પણ શું થાય? પત્નીના મુખેથી શબ્દો સારી પડ્યા કે તમને સંપૂર્ણ સમર્પિત એવા મારા જીવનની ફૂલવાડીમાં લાગણીરૂપી કેવડાની ફોરમ વછૂટી રહી છે, એની મહેક લેવાના સમયે જ તમારે જવાનું થયું. હું તમને રોકી તો નહીં શકું પણ મારી સ્નેહોર્મિનો અર્ક તમે સાથે લેતા જાવ, તમારા દિલમાં એને સમાવતા જાવ કેમકે આવી વિશુદ્ધ મહેક તમને ક્યાંય નહીં મળે. અહીં એક સૂચિતાર્થ એ પણ છે કે સ્ત્રીએ પોતાના પતિને માર્મિક ટકોર પણ કરી દીધી કે ઘરમાં જે છે તે બીજે ક્યાંય નથી!

સ્ત્રીને ત્રણેય ઋતુની ચિંતા સતાવે છે. તે પતિને પૂછે છે કે ચોમાસુ જામશે ત્યારે તમે તમારી રક્ષા કેમ કરશો? પુરૂષ કહે, મજબૂત છત્રીના સહારે ચોમાસુ પસાર થઈ જશે. શિયાળામાં રેશમી ગાદલાં તો ઉનાળે મીણીયા માફા એટલે કે લૂ ન લાગે એવા કપડાં દ્વારા ઉનાળાને હંફાવી દઈશ. મક્કમ મનોબળના પુરૂષ માટે ઘરથી દૂર રહેવું, ફરજ માટે પરિવારથી અલગ થવું એટલું કઠિન નથી પણ સ્ત્રી માટે એ અસહ્ય હોય છે.

વરસે વરસે અષાઢી કેરો રે મેહ

વરસે વરસે અષાઢી કેરો રે મેહ
વીજલડી ચમકે રે

ના'વ્યો મારો માડી જાયો રે વીર
જવતલ કોણ હોમશે રે ?

વાયા રે વાયા ઓત્તર દખ્ખણ વાય
વા'ણ રે હાલક ડોલે રે

તૂટ્યા વા'ણના માઢ
વા'ણના થિયા કટકા રે
વરસે વરસે...

મારે નથી રે મા અને બાપ
નથી રે મારે મામા રે

નથી મારી નોધારીનું રે કોઈ
માઢે રે માઝા મેલી રે
વરસે વરસે...

દા'ડા લગનના રે વીત્યા જાય
માંડવે ના'વ્યો મારો વીરો રે

નથી મારી નોધારીનું રે કોઈ
વીજળી વેરણ તું તો થઈ
વરસે વરસે...

જેમ આકાશી તારા માટે 'ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ' કહેવાય છે એવું જ આપણા લોકગીતો વિશે કહીએ તો અતિરેક નહિ ગણાય. નવેય રસનાં લોકગીતો આપણી પાસે છે. આપણી માતાઓ-બહેનોએ સિતમ, દુઃખો, વિરહની વેદના સાથે ગરીબી, લાચારી, રૂઢિચુસ્તતાનો ખૂબ અનુભવ કર્યો છે એટલે કરુણ રસનાં અનેક લોકગીતો તેમણે આપણને આપ્યાં છે. 'વરસે વરસો અષાઢી કેરો રે મેહ...' માબાપ વિહોણી યુવતીની દાસ્તાન આલેખતું કરુણ લોકગીત છે.

અષાઢ-શ્રાવણ આભેથી અનરાધાર વરસી રહ્યા છે. ગાજવીજથી બિહામણો માહોલ સર્જાયો છે. ઝાડવાંને કમરથી વાળી નાખતો વાયરો ફૂંકાઈ રહ્યો છે, સ્થળ ત્યાં જળ જેવી સ્થિતિ છે, આવા ભયાવહ વાતાવરણમાં સાગરખેડૂ એટલે કે ખારવાના એક ઝૂંપડે લગ્ન જેવો મંગલ અવસર આવી રહ્યો છે.

મા-બાપ, કાકા-કુટુંબ, મામા-મોસાળમાં જેનું કોઈ નથી એવાં બહેન-ભાઈ મહાસંઘર્ષ વેઠીને મોટાં થયાં છે. ભાઈ સમજણો થયો ત્યારથી પોતાના પરંપરાગત સાગર ખેડવાના ધંધામાં પરોવાઈને બન્નેનો પેટ ગુજારો કરી રહ્યો છે.પોતાની બહેનને રંગેચંગે પરણાવવા ભાઈ 'વધુ કામ, ઓછો આરામ' સૂત્રને જીવી રહ્યો છે.

કેટલાય દિવસોથી વહાણે ચડેલો વીરો હજુ આવ્યો નથી. લગ્નનો દિવસ આવી પહોંચ્યો પણ ભાઈ કાં ન આવે? એવો સો મણનો સવાલ બહેન પોતાની જાતને પૂછી રહી છે. લગ્નના દિવસ સુધી ભાઈ ઘેર ન આવે તો? ભાઈ સિવાય જેનું કોઈ નથી એવી બહે. નની શી દશા થાય? જવતલ કોણ હોમે? વિદાય કોણ આપે?

તોફાની દરિયાએ ભાઈનું વહાણ ડૂબાડી તો નહીં દીધું હોયને? ચક્રવાતમાં ફસાયેલું વહાણ તૂટી પડ્યું હશે તો? પોતાનું સર્વસ્વ છે એવો ભાઈ માંડવે ક્યારે આવી પહોંચશે? લગ્નની ખુશાલીને બદલે પારાવાર ચિંતાના ચાકડે ચડેલી કોડભરી કન્યાને એક કાનમાં મંગળિયાં ગૂંજે છે તો બીજા કાનમાં મરશિયાંના ભણકારા વાગે છે. એક આંખમાં હર્ષની અશ્રુધારા વહે છે તો બીજીમાં ચિંતાની.

આવાં લોકગીતો જયારે જાહેર કાર્યક્રમોમાં પ્રસ્તુત થાય છે ત્યારે ગાનાર અને શ્રોતા એમ બન્નેની આંખોમાં અષાઢ બેસી જાય છે, કેમકે ઘડો ઠરે તો જ પાણી ઠરે...!

મે'માન આવ્યા તો ભલેને આવ્યા!

મે'માન આવ્યા તો ભલેને આવ્યા!

કે'દુની જોતી'તી વાટ રે,
મારે ઘેર મે'માન આવ્યા...

હેલ ભરીને હું તો હાલું ઉતાવળી
હૈયે મારે હરખ ન માય રે,

મારે ઘેર મે'માન આવ્યા...
ઈ રે મે'માનને ઉતારા ઓરડા,

રાજાને મેડિયુંના મોલ રે,
મારે ઘેર મે'માન આવ્યા...

ઈ રે મે'માનને દાતણ દાડમી,
રાજાને કણેરીની કાંબ રે,
મારે ઘેર મે'માન આવ્યા...
ઈ રે મે'માનને નાવણ કુંડિયું,

રાજાને નદિયુંનાં નીર રે,
મારે ઘેર મે'માન આવ્યા...

ઈ રે મે'માનને ભોજન લાપસી,

રાજાને કઢિયેલ દૂધ રે,
મારે ઘેર મે'માન આવ્યા...

ઈ રે મે'માનને મુખવાસ એલચી,
રાજાને પાન પચાસ રે,
મારે ઘેર મે'માન આવ્યા...

ઈ રે મે'માનને પોઢણ ઢોલિયા,
રાજાને હિંડોળા ખાટ રે,
મારે ઘેર મે'માન આવ્યા...

કાઠિયાવાડની મહેમાનગતિ વખણાય છે. અમુક કુટુંબો તો એવાં હોય એણે ત્યાં બેય ટાણાં પરિવાર ઉપરાંત વધુ બે-પાંચ લોકોની રસોઈ બને જ...ગમે ત્યારે અતિથિ આવી ચડે! ઘરના ફળિયે કે નળિયે સવારના પહોરમાં કાગડો બોલે એટલે મહેમાન આવે એવી લોકવાયકા છે. કાગડાનું બોલવું એ શુકન ગણાય છે. કોયલ જેવું મધુરું ન બોલતો હોવા છતાં કાગડાના 'કા..કા'થી ગ્રામ્ય નારી ખૂબ ખુશ થાય છે કેમકે પોતાને ઘેર મહેમાન આવવાના છે એની છડી કાગડાએ પોકારી દીધી.



મહેમાન આવે તો સૌથી વધુ તકલીફ ઘરની સ્ત્રીઓને જ પડે. બધાની આગતા-સ્વાગતા કરવી, વધુ રસોઈ બનાવવી, વાસણ સાફ કરવાં, પથારી-પાગરણ સહિતની વ્યવસ્થા એણે જ કરાવી પડે છતાં માનુનીઓ મહેમાનના આગમનના અણસારે આટલી મલકે છે કેમ? એનો જવાબ એ છે કે ઘરની વહુવારુને એમ કે કાં તો પરદેશ કમાવા ગયેલો પિયુ થોડા દિવસ માટે આવી રહ્યો છે અથવા પોતાના પિયરિયાં આવશે! ઘરની જુવાનજોધ દીકરિયુંને એમ કે પોતાને 'જોવા' કોઈ આવી રહ્યું છે! ઘરના વડિલોને તો પુત્ર-પુત્રીના આગમન, પુત્રીને જોવા આવનારા મૂરતિયા કે વહુના માવતર મહેમાન થઈને આવે એનાથી વિશેષ પ્રસન્નતા બીજી કઈ હોય?

આ લોકગીતમાં એક સન્નારી જેની રાહ જોતી હતી એ જ મહેમાન એને ઘેર આવી પહોંચ્યા છે. પોતે ગામના કૂવેથી પાણીની હેલ ભરીને આવી રહી છે, મહેમાન આવ્યાની ખબર પડતાં જ એનાં પગલાં તેજ થયાં કેમકે હૈયામાં હરખ નથી સમાતો. મહેમાનની સુવિધા માટે તમામ વસ્તુ હાજર છે. ઉતારા, દાતણ, નાવણ, ભોજન, મુખવાસ, પોઢણ માટે બંદોબસ્ત કરી દેવાયો છે પણ 'રાજા' માટે સવિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ રાજા કોણ હશે? સંભવ છે કે પરિણીતાનો પતિ પરદેશથી થોડા દિવસ માટે 'મહેમાન' બનીને ઘેર આવતો હોય, એ પોતાનું સર્વસ્વ છે. તન, મન, હૈયાનો રાજા છે અથવા જો આ લોકગીત કોઈ નવયૌવનાના મુખેથી સરી પડ્યું હોય તો પોતાને જોવા આવતો યુવક પોતાને માટે 'રાજા' છે. અન્ય મહેમાનોને અમુક પ્રકારની સુવિધા પણ 'રાજા'ને કંઇ કચાશ ન લાગવી જોઈએ એવો લોકગીતનો મર્મ છે.

શહેરીજીવનની હાડમારીમાં ભીંસાતા અનેક પરિવારો આજકાલ મહેમાનના આગમનથી ભડકે છે. વન બેડ, હોલ, કિચન જેવી નાનકડી જગ્યામાં મહેમાનોને ક્યાં રાખવા? એવો સવાલ ઉઠે છે, જો કે ગ્રામજીવનમાં પણ ઘણી અગવડતા હતી અને આજેય છે પણ જેનું મન મોટું હોય એને મન મહેમાન આવ્યાનો હરખ હોય.

સાયબા સડકું બંધાવ્ય,વાગડ જાવું

સાયબા સડકું બંધાવ્ય, વાગડ જાવું,
વાગડ જાવું મારે ભૂજ શે'ર જાવું
સાયબા...

વાગડની વાટે મુને તડકલડા લાગે,
સાયબા આંબા રોપાવ્ય, વાગડ જાવું
સાયબા...

વાગડની વાટે મુને તરસલડી લાગે,
સાયબા વાવ્યું ગળાવ્ય,વાગડ જાવું
સાયબા...

વાગડની વાટે મુને ભૂખલડી લાગે,
સાયબા કંદોઈ બેસાડ્ય,વાગડ જાવું
સાયબા...

લોકગીતની નાયિકાને વાગડ જવું છે, વાગડના માર્ગો ખાડા ખાબડાવાળા છે એટલે પરિવહનમાં મુશ્કેલી ન પડે એ માટે સડકો બંધાવી દેવી, રસ્તામાં તડકો ન લાગે એ માટે આખે રસ્તે આંબા રોપવી દેવા, પાણી માટે કૂવા ગળાવવા અને ભોજનની અવનવી વાનગી માટે કંદોઈને હાજર રાખવાનું કહેવામાં આવ્યું છે. નાયિકા મસ્તીએ ચડીને લગભગ અશક્ય એવી માગણી મુકે છે, સાયબો ઈચ્છે તો પણ પોતાની સજનીની બધી માગ પુરી કરી શકે કે કેમ એ સવાલ છે.

વાગડ એટલે કચ્છનો સામખિયારી, વોંધ, ભચાઉ પંથક. આ વિસ્તાર ખારાપાટ જેવો છે, ત્યાં આંબા વાવવા કે કૂવા ખોદીને મીઠું પાણી કાઢવું લગભગ દુષ્કર છે એ વાત ટીખળી નાયિકા બરાબર જાણે છે પણ માગણી પૂર્ણ થવાની અશક્યતામાં એને આનંદ આવે છે.

આપણા લોકગીતો વહેતી નદી જેવાં છે એટલે પાઠાંતરની સંભાવના વધુ છે. આ લોકગીતના મુખડાની બીજી લાઈનનું પાઠાંતર થયું હોય એમ લાગે છે. કેટલાક લોકો ‘વાગડ જાવું મારે દામનગર જાવું’ એમ ગાય છે. વાસ્તવમાં વાગડ અને દામનગર પંથક વચ્ચે કોઈ ભૌગોલિક મેળ બેસતો નથી, વાગડથી ભૂજ જવાની વાત ગળે ઉતરે કેમકે ભચાઉથી સીધું જ ભૂજ જઈ શકાય છે એટલે 'વાગડ જાવું મારે ભૂજ શે'ર જાવું' એ પંક્તિ વધુ યોગ્ય જણાય છે.

ચૂંદલડી નૈ રે ઓઢું રે દીનાનાથ !

ચૂંદલડી નૈ રે ઓઢું રે દીનાનાથ !
ચૂંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વહુવારુને સસરો મનાવવા જાય

ચૂંદલડી નૈ રે ઓઢું રે દીનાનાથ !
ચૂંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વહુવારુને જેઠ મનાવવા જાય

ચૂંદલડી નૈ રે ઓઢું રે દીનાનાથ !
ચૂંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વહુવારુને પરણ્યો મનાવવા જાય

ચૂંદલડી ઝટ રે ઓઢું રે દીનાનાથ !
ચૂંદલડીમાં રાતી કસુંબલ ભાત.

ગુજરાતી લોકગીતો એટલે માનુનીઓની મનવિભાવના. વનિતાઓના જીવનમાં સુખ-દુઃખ, વિરહ, ગુસ્સો, ઘૃણા, પ્રસન્નતા જે કંઈ આવ્યું એ તેણે જાહેરમાં વ્યક્ત કરી દીધું, ગીતના રૂપમાં ગાઈ નાખ્યું, એ જ આપણાં લોકગીતો! લાગણીને વ્યક્ત કરી દેવાથી મન હળવું થઈ જાય એવા માનસશાસ્ત્રીય સંશોધન અંગે આપણી મહિલાઓ જાણે કે પહેલેથી જ વાકેફ હતી. વળી, લોકગીતના રૂપમાં વ્યક્ત થયેલી લાગણી કંઠોપકંઠ વહેતી વહેતી સીમાડા ઓળંગી સાર્વજનિક બની જાય કેમકે એક બાઈના જીવનમાં આવેલું સુખ કે દુઃખ એના જેવી અનેક નારીઓ ભોગવતી હોય છે.

ચૂંદલડી નહિ રે ઓઢું રે દીનાનાથ...' લોકગીત લજામણીના છોડ જેવી એક નવોઢાએ ગાયું હોય એમ લાગે છે. વારે વારે રિસાઈ જતી એ વામાને સસરા, જેઠ કે પરિવારના કોઈ સદસ્ય મનાવવા આવે તો એ માનવા તૈયાર નથી, માત્ર એનો પરણ્યો મનાવવા જાય તો જ એની રિસ ઉતરે! જો પતિ સમજાવે તો પોતે ઝટ ચૂંદડી ઓઢે અને એ ચૂંદડીમાં ભાત પણ રાતી લાગવા માંડે!

સાવ ઓછું જાણીતું આ લોકગીત સાંભળવું ગમે એવું છે. એનું કંપોઝીશન મજાનું છે. આવાં લોકગીતો જાણે કે મૌન પોકાર કરે છે કે અમારામાં શું કમી છે? અમને કોઈક સાંભળો...

ઢોલો તે હાલ્યા ચાકરી રે

ઢોલો તે હાલ્યા ચાકરી રે
ઢોલાજી વીંઝણો લ્યો,
મને હારે તેડતા જાવ રાજ
ઢોલાજી વીંઝણો લ્યો.
લવિંગ સરીખી ઢોલા પાતળી રે
ઢોલાજી વીંઝણો લ્યો
તારા મુખમાં રમતી આવું રાજ
ઢોલાજી વીંઝણો લ્યો
ઢોલો તે હાલ્યા...

તરવાર સરીખી ઢોલા ઉજળી રે
ઢોલાજી વીંઝણો લ્યો
તારી કેડે ઝુલતી આવું રાજ
ઢોલાજી વીંઝણો લ્યો
ઢોલો તે હાલ્યા...

રૂમાલ સરીખી ઢોલા રેશમી રે
ઢોલાજી વીંઝણો લ્યા
તારા હાથમાં રમતી આવું રાજ
ઢોલાજી વીંઝણો લ્યો
ઢોલો તે હાલ્યા...

પાન સરીખી ઢોલા પાતળી રે
ઢોલાજી વીંઝણો લ્યો
તારા હોઠે રમતી આવું રાજ
ઢોલાજી વીંઝણો લ્યો
ઢોલો તે હાલ્યા...

આપણી પાસે ચાકરીએ જતા પુરુષ અને એની વ્યથિત પત્નીનાં કેટલાંય લોકગીતો છે. વિરહિણી સ્ત્રી ચિંતા સિવાય બીજું શું કરી શકે? જો કે કેટલીક પત્નીઓ પતિની સાથે જવાનો પ્રસ્તાવ મુકતી. પુરુષ ચાકરીએ જાય એ ઘડી એની પત્ની માટે બહુ કપરી હોય. સ્ત્રી મુરઝાવા, મૂંઝાવા લાગે કેમકે ચાકરી એ કાંઈ નોકરી ન્હોતી; પતિ ક્યારે પાછો આવે એ નક્કી જ નહીં, ન પણ આવે! ચાકરીએ જતા પરણેતરને એની અર્ધાંગિની પૂછતી કે તમે ક્યારે પાછા આવશો? તો જવાબ મળતો કે, 'જેટલાં પીપળિયાનાં પાન એટલા દા'ડે અમે આવશું' ! અર્થાત્ ઈન્તજાર...બસ...ઈન્તજાર...

'ઢોલો તે હાલ્યા ચાકરી રે...' સંભવિત વિરહથી ચિંતિત વનિતાનું લોકગીત છે. ગુજરાત અને રાજસ્થાનમાં ઢોલા-મારૂની લોકકથા, લોકગીતો, દુહા ખૂબ પ્રચલિત છે. મારૂ રાજસ્થાની હતી તો ઢોલો સૌરાષ્ટ્રનો હોવાનું મનાય છે પણ અહિ 'ઢોલો' કે 'ઢોલાજી' શબ્દ પોતાના પતિ માટે પ્રયોજાયો છે.

પતિ વેરણ ચાકરી જવા નીકળ્યો એટલે વિરહવ્યાકુળ પત્ની કહે છે કે, થોડીવાર થોભો તો ખરા, હું તમને વીંઝણો નાખું, મારી સેવા લેતા જાવ, પછી મને આવો અવસર ક્યારે મળશે? પુરૂષે ઘોડાની લગામ તાણી, થોડી ક્ષણો રોકાયો એટલે માનુનીને કહેવાનો મોકો મળી ગયો કે હું તમારી સાથે આવું. તમને જરાય બોજરૂપ નહીં બનું. હું તો લવિંગ જેવી-જેવડી છું, જેમ લવિંગ મોંમાં સમાઈ જાય અને મુખને તમતમાવે, સુગંધિત કરે એમ હું તમારી સુવાસ બની રહીશ.

એણે આજીજી કરી કે હું તલવાર સરીખી છું. જેમ ચમકીલી તલવાર કેડે લટકતી આવે ને તમારો રૂઆબ વધારે, રક્ષક બને એમ હું પણ તમારી રક્ષા કરીશ, રૂઆબ વધારીશ. હું રૂમાલ જેવી રેશમી છું. મારા થકી તમે શોભી ઉઠશો. વળી હું પુરૂષોના પ્રિય પાનબીડાં જેવી પાતળી છું, મારો સંગાથ તમને ખૂબ ગમશે.

જો કે પુરૂષ એકલો મુસાફરી કરે, બહાર જાય એનો વિશેષ આનંદ હોય છે. એકલાપણું એટલે મસ્તફકીરી. આદમી મન-શરીરથી મજબૂત હોય એટલે સંતાપ સહી શકે. પતિ બીજાની ચાકરી માટે જાય ત્યાં પત્નીને સાથે લઈ જવી તેને યોગ્ય નથી લાગતું.

આવાં લોકગીતો પણ આપણી પાસે છે એવી કરોડો ગુજરાતી શ્રોતાઓને તો ખબર પડશે, જો તે નિયમિતપણે ગવાતાં રહેશે.

સાગ શીશમનો ઢોલિયો રે વાલમા

સાગ શીશમનો ઢોલિયો રે વાલમા,
અમરા-ડમરાનાં વાણ મારા વાલમા.
તિયાં ચડી શ્રીકૃષ્ણ પોઢે મારા વાલમા,
રૂક્મણિ ઢોળે છે વાય મારા વાલમા
સાગ શીશમનો...

વાહર ઢોળંતા પૂછ્યું મારા વાલમા,
સ્વામી અમને ચુંદડિયુંની હોંશ મારા વાલમા
સાગ શીશમનો...

કેવા તે રંગમાં રંગાવશો રે વાલમા,
કેવી કેવી પડાવશો ભાત્ય મારા વાલમા
સાગ શીશમનો...

કસુંબલ રંગમાં રંગાવજો રે વાલમા,
ઝીણી ઝીણી ચોખલિયાળી ભાત્ય મારા વાલમા
સાગ શીશમનો...

ઓઢી પેરી પાણી સાંચર્યાં રે વાલમા,
ગામના પટેલે પૂછ્યું મારા વાલમા
સાગ શીશમનો...

કેવાં તે કૂળનાં છોરું રે વાલમા,
કેવાં તે કૂળનાં વવવારૂ મારા વાલમા
સાગ શીશમનો...

પોરબંદર-માંગરોળ વચ્ચેનો વિસ્તાર 'ઘેડ' પંથક તરીકે ઓળખાય છે. ઘેડ એટલે પ્રકૃતિ, સંસ્કૃતિ, પરંપરા અને આધ્યાત્મિકતાનો એકાકાર! આ મલકમાં ભાદર, ઓઝત અને મધુવંતી નદીઓ વહે છે, આ ત્રણેનું સંગમસ્થાન છે માધવપુર. ભગવાન શ્રીકૃષ્ણ રાણી રૂક્ષ્મણીને પરણવા માધવપુર ગયા હતા.

'સાગ શીશમનો ઢોલિયો રે વાલમા...'માં વાત એવી છે કે ભગવાન શ્રીકૃષ્ણ બેટદ્વારિકામાં પોતાના નિવાસસ્થાને ઢોલિયા પર પોઢી રહ્યા છે, રૂક્ષ્મણીજી વીંઝણાથી પવન નાખે છે. પતિની સેવામાં રત પત્ની કોઈ દુન્યવી વસ્તુની માગણી કરે તો પતિ ના ન પાડે એવી લૌકિક માન્યતાની રૂક્ષ્મણીનેય ખબર હશે એટલે એણે કૃષ્ણ પાસે ચુંદડીની માગણી કરી. કસુંબલ રંગવાળી, ઝીણી ઝીણી ભાતવાળી ચુંદડી કૃષ્ણએ વ્હોરી પણ દીધી. રૂક્ષ્મણી નવી ચુંદડી ઓઢીને પાણી ભરવા જાય ને ગામના મુખી પૂછે કે તમે કોનાં દીકરી? કોનાં વહુ? રૂક્ષ્મણી એનો જવાબ આપે છે.

ઘરની એક નાનકડી રોજીંદી વાતને જો કૃષ્ણ-રૂક્ષ્મણી કે એવાં અન્ય સ્વીકાર્ય પાત્રો સાથે જોડી ને લોકગીતરૂપે ગાવા માંડીએ તો એ સામાન્ય વાત વિશેષ અને ચિરંજીવ બની જાય છે. અહિ એવું જ થયું. પતિના પગ દબાવતી કે વીંઝણો વીંઝતી પત્ની પતિ પાસે વસ્ત્રો કે આભૂષણોની માગણી કરે ને પતિ લઈ આપે એવી સામાન્ય ઘટના લોકકવિએ નંદલાલ અને રાણી રુક્ષ્મણીમાં આરોપિત કરી એને શાશ્વત બનાવી દીધી.

લોકગીતની મજા જ એ છે કે કશું નવું ન હોય, છતાં ચવાઈ ગયેલું ન લાગે. આપણું સુવાંગ ન હોય છતાં પોતીકું લાગે અને કોઈકને ત્યાં બનતી બીના આપણી પોતાની લાગે!

કૃષ્ણ ભલેને ગિરિરાજધરણ હોય, અહીં તેમને એક સાવ અદના આદમી દર્શાવ્યા છે. રુક્ષ્મણીનેય રણછોડરાયનાં રાણી હોવાનો જરાય ભાર નથી. તેઓ સેવારત ગૃહિણીની જેમ ઢોલિયે બેસીને વીંઝણાથી કૃષ્ણને પવન નાખે છે, બેડું લઈને પાણી ભરવા જાય છે અને ગામના મુખીના સવાલના સહજ ઉત્તર આપે છે!

આવું સરળ અને અનૌપચારિક જીવન આપણે જીવતાં શીખી જઈએ તો કેટલીય સમસ્યાઓથી બચી જઈએ.

આવ્યાં આવ્યાં કાંઈ વલાતુંનાં વા'ણ જો

આવ્યાં આવ્યાં કાંઈ વલાતુંનાં વા'ણ જો,
પણ ના આવ્યાં નાહોલિયા તારાં નાવડાં.

ઉંચે ઉંડે કાંઈ ખૂવા કેરા થંભ જો,
એવાં રે ફફડે રે મારાં કાળજાં
આવ્યાં આવ્યાં કાંઈ...

ચુંદડી ને મોળિયો ખારેક ને ખજૂર જો,
પૂનમે પધરાવશું દરિયાદેવને
આવ્યાં આવ્યાં કાંઈ...

ખોળો પાથરીને વિનવું દરિયા દેવ જો,
રખોપાં કરજે રે મારા કંથના
આવ્યાં આવ્યાં કાંઈ...

કંથડો મારો કોડીલો છે કાન જો,
રાધા રે જુવે રે તારી વાટડી
આવ્યાં આવ્યાં કાંઈ...

'આવ્યાં આવ્યાં કાંઈ વલાતુંનાં વા'ણ જો...' દરિયા છોરુનું લોકગીત છે. વાત એવી છે કે સાગરખેડુ છ આઠ મહિનાથી દરિયો ખેડવા નીકળી પડ્યો હોય, અષાઢે આભમાં ચોમાસુ મંડાઈ જાય, વાદળાં પરસ્પરને બાથ ભરીને આમથી તેમ દોડવા લાગે, આંખો આંજી દેતી વીજળી ઝબૂકે, સહસ્ર ગજરાજ એક સાથે ગર્જી ઉઠે એવી ગર્જના નભોમંડળમાં થાય, ટાઢો વાયરો ફૂંકાવા લાગે ત્યારે દરિયા છોરુની પત્નીને ચિંતા સતાવવા લાગે કે સગાં વ્હાલાંનાં, દેશી-વિલાયતી બધાંય વહાણ આવી ગયાં પણ મારા પતિનું નાવડું હજુ કેમ ન આવ્યું?

પતિ મહિનાઓથી દરિયામાં ગયો એનો વિરહ તો પત્નીને છે જ પણ હવે એમાં ચિંતા ભળી! વિરહિણી જયારે ચિંતિત બને ત્યારે કેવો રંગ ઘૂંટાય એનું ઉત્તમોત્તમ ઉદાહરણ આ લોકગીત છે. પળે પળે એનું કાળજું ફફડે છે, પોતાના દેવ, અન્નદાતા સમા દરિયાને એએ નૈવેદ્ય ધરાવવાની માનતા માને છે અને ખોળો પાથરીને વિનવે છે કે હે દરિયા દેવ! મારા કંથની રક્ષા કરજે... ગુજરાતી લોકસંગીતમાં કેટલાંક એવાં લોકગીતો છે જે સાંભળતાં આંખો ભીની થઈ જાય. વિરહિણીના વલોપાતનું આ લોકગીત પણ આંખે આંસુનાં તોરણ બાંધી જાય એવું છે.

મોરલો બોલ્યો, હે બોલ્યો બોલ્યો રે

મોરલો બોલ્યો, હે બોલ્યો બોલ્યો રે
મારા મૈયરનો
મારા મૈયરનો ને મારા રે પિયરનો
મોરલો બોલ્યો...

મોરલા તને ઉતારા દેશું ઓરડા
હે મોરલા તને દેશું કાંઈ મેડિયુંના મોલ રે
મોરલો બોલ્યો...

મોરલા તને છૂટું જમાડું ચુરમું
હે મોરલા તને ખોબલે પીરશું ખાંડ રે
મોરલો બોલ્યો...

મોરલા તું તો રંગે રૂપે સોહામણો
હે મોરલા તારો સરવો લાગે સાદ રે
મોરલો બોલ્યો...

મોરલા તારી સોને મઢાવું પાંખડી
હે મોરલા તારી હીરલે જડાવું ચાંચ રે
મોરલો બોલ્યો...

આપણી જીવનશૈલીને કારણે પર્યાવરણ અસંતુલિત થયું છે. વૃક્ષોનું નિકંદન, વાહનોનો ધુમાડો, પ્લાસ્ટિકનો વધતો ઉપયોગ જેવાં કેટલાંય પરિબળોને લીધે પૃથ્વીનું તાપમાન વધતું જાય છે, ઋતુઓ વેરવિખેર થવા લાગી છે, વરસાદ અનિયમિત થયો છે ત્યારે આપણું લોકસંગીત પર્યાવરણની મહત્તા ગાઈને આપણને દિશાનિર્દેશ કરે છે.

કેટલાંય ગુજરાતી લોકગીતો પર્યાવરણપોષક છે, તેમાં વરસાદ, વૃક્ષ, પશુપંખીનું મહાત્મ્ય વધારતાં ગીતો મળે છે. પર્યાવરણના આધારસ્તંભો જેવાં પશુ-પંખીઓને લોકગીતોમાં માનવંતા મહેમાનો જેવું મોભાનું સ્થાન અપાયું છે. ગાય હોય કે નંદી, મોર હોય કે કોયલ આપણાં લોકસંગીતમાં તેનો ગરિમાપૂર્ણ ઉલ્લેખ છે જ. એમાંય મોરની તો વાત જ અનેરી છે. મોરલો તો લોકસાહિત્ય-લોકસંગીતનું લાડકવાયું પાત્ર...!

લોકસાહિત્યની વાતો અને લોકગીતો, દુહા-છંદમાં મોર પ્રતીકરૂપે પણ પ્રયોજાતો રહ્યો છે. વરસાદનો છડીદાર, મધમીઠા કંઠવાળો મોરલો ગમે ત્યારે અને ગમે એટલી વાર ટહુકે તો પણ એનો ટહુકો સાંભળવો ગમે. એમાંય જો મોરલો નાયિકાના મૈયરનો હોય તો તો વાત જ શી કરવી? મોરલો પોતાને ઘેર આવે તો એને ઉતારા ઓરડા, મેડીના મોલ જેવી સુવિધા, ભોજનમાં છૂટું ચુરમું અને એના ઉપર ખોબા ભરી ભરીને ખાંડ પીરસવાની અદમ્ય ઈચ્છા વ્યક્ત થઈ છે.

સોહામણા મોરલાના મધુરા કંઠ માટે લોકગીતના રચયિતાએ 'સરવો સાદ' જેવા શબ્દો મુકીને કોઈપણ બોલતા જીવની તુલનામાં મોરના કંઠને અદ્વિતીય સાબિત કરી દીધો છે. 'સરવો સાદ' એટલે મોટેથી બોલાયેલો અને ઝટ સંભળાય એવો અવાજ.

જ્યાં પ્રાચીન રાસ લેવાય છે ત્યાં 'મોરલો બોલ્યો, હે બોલ્યો બોલ્યો રે મારા મૈયરનો...' ગવાતું રહે છે. આવાં લોકગીતોથી રાસની રંગત જામે છે, રાસ ચગે છે.

મને મારું ગોકુળ યાદ બહુ આવે

મને મારું ગોકુળ યાદ બહુ આવે
મથુરા નગરીમાં મને જરિયેય ન ફાવે

મને મારા નંદબાવા યાદ બહુ આવે
ખોળામાં બેસાડી મને લાડ લડાવે
મને મારું ગોકુળ....

મને મારાં જશોદા મા યાદ બહુ આવે
ખોળામાં બેસાડી મને દૂધડિયાં પીવડાવે
મને મારું ગોકુળ....

મને મારી સુભદ્રાબેન યાદ બહુ આવે
વારી વારી વારી મારાં ઓવારણાં લઈ જાવે
મને મારું ગોકુળ....

મને મારી ગોપિયું યાદ બહુ આવે
વનરાવનમાં લઈ જઈ મને રાસ રમાડે
મને મારું ગોકુળ....

રાધાના કાન, મીરાંના ગિરધર ગોપાલ, અર્જુનના સારથી-સખા કેશવને કેન્દ્રમાં રાખીને રચાયેલાં ગુજરાતી લોકગીતોની સંખ્યા સૈંકડોમાં છે. કૃષ્ણ ગોકુળ છોડીને જયારે મથુરા ગયા ત્યારે ગોકુળસ્થિત સ્વજનોની યાદ એમને કેવી સતાવતી એની વેદના આ લોકગીતનો મૂળ પીંડ છે. દેવકી-વસુદેવના પુત્ર કનૈયાને પાલક માતા-પિતાની તીવ્ર ઝંખના છે. નંદબાવા ખોળામાં બેસાડીને કેવા લાડ લડાવે, જશોદા મૈયા અમૃત સમું દૂધ પીવડાવે, બેન સુભદ્રા પોતાના લાડકડા વીરનાં ઓવારણાં લે અને ગોપીઓ વૃંદાવનમાં લઈ જઈને રાસ રમાડે!

આ લોકગીત ખરેખર ગીતાના ગાનારા ગોવિંદના મુખેથી સરી પડ્યું હશે? પૂર્ણ પુરુષોત્તમને પોતાનો પરિવાર સાંભર્યો હોય અને એણે જાહેર અભિવ્યક્તિ કરી હોય એવું બન્યું હશે? જન્મભૂમિ મથુરાને બદલે બાળપણની ઉછેરભૂમિ ગોકુળ પ્રત્યે છેલ છોગાળા કાનને આટલો બધો લગાવ કેમ?

જનસામાન્યના જીવનમાં બનતી નાની મોટી ઘટનાને લોકનાયકની સાથે જોડીને સાર્વજનિક બનાવતું સર્વસ્વીકૃત ગાણું એટલે લોકગીત. આપણામાંથી કોઈને વર્ષો સુધી કર્મભૂમિમાં રહ્યા પછી વારે-તહેવારે જન્મભૂમિમાં જવાનું બને તો ત્યાં બધું બદલાયેલું, અળગું અળગું લાગે. આપણો વતનપ્રેમ બરકરાર હોવા છતાં મનભ્રમર ઉડા ઉડ કરે એ આપણો સૌનો અનુભવ હોય છે.

માનવીની આ મનોસ્થિતિને ઉજાગર કરવા અહીં નાયક તરીકે કૃષ્ણને મુકવામાં આવ્યા છે. કૃષ્ણ હોય ત્યાં સંગીત ન હોય એવું તો બને જ નહીં. આમેય, ગુજરાતી લોકગીતોમાં તો બંસીધરની વાંસળીના મધુરા સુર હંમેશા રેલાતા જ રહ્યા છે કેમકે દ્વારકાધીશે સૌરાષ્ટ્રમાં રાજસત્તા ભોગવી અને અહીં જ દેહત્યાગ કર્યો એટલે આપણાં બહુધા લોકગીતોનું તત્વ, સત્વ કૃષ્ણ છે.

સોનલા ઈંઢોણી રે રૂપલાનું બેડલું રે

સોનલા ઈંઢોણી રે રૂપલાનું બેડલું રે
પાણીડાં ગઈ'તી તળાવ -બેડું મારું નંદવાણું રે.

ચોરે તે બેઠા રે બેની મારો સાસરો રે,
કેમ કરી બેડલું લઈ જાઉં -બેડું મારું નંદવાણું રે.

ડેલીએ તે બેઠા રે બેની મારો જેઠજી રે,
કેમ કરી બેડલું લઈ જાઉં -બેડું મારું નંદવાણું રે.

મેડીએ તે બેઠા રે બેની મારો પરણ્યો જી રે,
કેમ કરી બેડલું લઈ જાઉં -બેડું મારું નંદવાણું રે.

સરડક તાણીશ રે બેની મારો સણગટો રે,
લાંબી તાણીશ લાજ -બેડું મારું નંદવાણું રે.

ઘર પછવાડે રે બેની એક બાવળિયો રે,
સોટા વાઢ્યા ચાર -બેડું મારું નંદવાણું રે.

પેલો તે સોટો રે બેની મને સબોડિયો રે,
સાંભર્યા મા ને બાપ -બેડું મારું નંદવાણું રે.

બીજો તે સોટો રે બેની મને સબોડિયો રે,
સાંભર્યા ભાઈ ભોજાઈ -બેડું મારું નંદવાણું રે.

ત્રીજો તે સોટો રે બેની મને સબોડિયો રે,
સાંભર્યા સૈયરુંના સાથ -બેડું મારું નંદવાણું રે.

ચોથો તે સોટો રે બેની મને સબોડિયો રે,
જીવ ગિયો અંકલાશ -બેડું મારું નંદવાણું રે.

પુરૂષ નોકરિયાત હોય તો નિર્ધારિત ઉંમરે સેવાનિવૃત્ત થાય, વ્યવસાયી હોય તો પણ એક તબક્કે સંતાનોને કારોબાર સોંપીને નિવૃત્તિ લઈ લે પણ ગૃહિણી ક્યારે ઘરકામથી મુક્ત થાય? એ તો આજીવન પ્રવૃત્ત જ રહે છે, એના જીવનગ્રંથમાં 'નિવૃત્તિ' શબ્દ જ વિધાતાએ લખ્યો નથી હોતો! બાલિકા હોય ત્યારથી માંડી સાસુ કે દાદીજી સાસુ બની જાય તોય ઘરકામ એનો પીછો નથી છોડતું. આખી જિંદગી ઢસરડા કર્યા પછી સ્ત્રીને કેટલો જશ મળે છે?

આ એવી નવી વહુનું લોકગીત છે જે બેડું લઇ તળાવે પાણી ભરવા ગઈ, પગ લપસ્યો ને બેડું નંદવાઈ ગયું પછી એની ભારે કિંમત ચુકવવી પડી. જો સાસુ, નણંદ કે જેઠાણીથી બેડું ફૂટ્યું હોત તો કદાચ કાંઇ વાંધો ન આવત પણ નાની વહુથી, અણગમતી વહુથી બેડું ફૂટે તો એનાં નસીબ જ ફૂટ્યાં સમજો!

ફૂટેલું બેડું લઈ ઘેર કેમ જવું એ વહુની ગૂંઝવણ છે, કેમકે ગામને ચોરે સસરા, ડેલીએ જેઠ તો મેડીએ પોતાનો પતિ બેઠો છે - આ ત્રણમાંથી કોઈકને તો ખબર પડી જ જશે વહુને એવો ભય હતો જે સાચો પડ્યો. બાવળના કાંટાવાળા સોટા વડે સાસરિયાં દ્વારા વહુને ભયાનક રીતે માર મારવામાં આવ્યો. પહેલા ત્રણ સોટા વાગ્યા ત્યારે માતા-પિતા, ભાઈ-ભાભી, સખી-સૈયરો યાદ આવી ગયા ને ચોથો સોટો વાગતાં જ વહુનો જીવ નીકળી ગયો.

સમય, સંજોગો બદલાતાં હવે સ્ત્રીનો મોભો વધ્યો છે છતાં એ દિવસનો ઇન્તજાર છે કે 'આ અમારા ઘરની વહુ છે' એમ કહેનારા એવું બોલતા થાય કે 'આ અમારી વહુનું ઘર છે...!'

ધન્ય ગોકુળિયું ધન્ય વનરાવન, ધન્ય ગોકુળની નારી રે

ધન્ય ગોકુળિયું ધન્ય વનરાવન, ધન્ય ગોકુળની નારી રે,
માતા જશોદા ધોવા ગ્યા'તાં ઝૂલડી વિસારી;
કોઈને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

સાવ સોનાની ઝૂલડી મહીં રૂપાના છે ધાગા,
અવર લોકને અરઘે નહિ મારા નંદકુંવરનાં વાઘાં;
કોઈને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

શેરીએ શેરીએ સાદ પડાવું, ઘર ઘર હીંડું જોતી,
ઝૂલડીને છેડે મારાં અમૃત સાચાં મોતી;
કોઈને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

ધમણ ધમાવું ગોળા તપાવું, નારદને તેડાવું,
ઝૂલડીને કારણ એને તાતા સમ ખવરાવું;
કોઈને જડી હોય તો દેજો મારા કાનકુંવરની ઝૂલડી.

કેટલાંય ગુજરાતી લોકગીતો આમજનને નહિ પણ પૌરાણિક કે શ્રદ્ધેય પાત્રોને કેન્દ્રમાં રાખીને રચાયાં છે. આ લોકગીતમાં જ જુઓને માતા યશોદાને પોતાના પ્રાણપ્યારા લલ્લનની ઝૂલડી ધોવા નદી કે સરોવરે મોકલાયાં, તેઓ ઝૂલડી ભૂલી આવ્યાં, પછી ગામમાં શોધવા નીકળ્યાં. આ વાત ગળે ઉતરે એવી છે? નંદરાજાને ઘેર કેટલીય સેવિકાઓ હતી, કપડાં ધોવા નંદરાણીને શા માટે જવું પડે? બાલકૃષ્ણનું વસ્ત્ર સોનાનું છે, એમાં રૂપાના તાર છે, છેડે સાચાં મોતી ટાંક્યાં છે, પુત્રનું આવું મૂલ્યવાન કપડું યશોદામા ભૂલી આવે એવું બને?

આ તો લોકગીત છે, અહીં કોઈ એક ગરીબ-મધ્યમવર્ગીય માતાની વ્યથાને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનાં માતા યશોદાની ચિંતા તરીકે આલેખવામાં-ઉલ્લેખવામાં આવી છે એટલે જગતની તમામ માતાઓને એ પ્રસંગ પોતિકો લાગે. માતાથી ક્યારેક તો એવું બનતું જ હશે કે પોતાના બાળકનું વસ્ત્ર ખોવાઈ કે આડે હાથ મુકાઇ ગયું હોય.

અહિ પુત્રના વસ્ત્ર માટે યશોદાજી શેરી-શેરી ઘૂમી વળ્યાં તોય પત્તો ન લાગ્યો એટલે અંતે શંકા ગઈ નારદજી ઉપર...હા, નારદ ઘેર ઘેર ફરતા હોય એટલે સંભવતઃ એ ઝૂલડી ચોરી ગયા હોવ એવું માને લાગ્યું! નારદ મુનિ પાસેથી સત્ય જાણવા લોખંડના ગોળા તપાવી, હાથમાં લેવડાવી એની કસોટી કરું, સમ ખવરાવું પણ દીકરાની ઝૂલડી ગમે તેમ કરીને પાછી લાવું એવું મા યશોદા ઉચ્ચારે છે.

નંદને ઘેર નાખ્યા મારગ ન્હોતા એ સર્વવિદિત છે તો શું પુત્રના પહેરણ માટે યશોદા આટલી બધી લમણાઝીંક કરે?આટલી વારમાં તો કનૈયાનો નવો પોષાક બની જાય...પણ આ જશોદા અને કાનકુંવર એટલે આજનો કોઈ મા અને એનો દીકરો...આપણા ઘરની જ આ વાત છે.

નણદલના વીર વિના એકલાં જી રે

નણદલના વીર વિના એકલાં જી રે,
સૂના મંદિર ખાવા ધાય હો જી રે,
કે'દુની જોતી'તી વાટ, વે'લા વાલમ ઘેરે આવજો
ઉતારા દેશું તમને ઓરડા જી રે
દેશું કાંઈ મેડિયુંના મોલ હો જી રે
કે'દુની જોતી'તી વાટ...

પોઢણ દેશું તમને ઢોલિયા જી રે
દેશું કાંઈ હિંડોળા ખાટ હો જી રે
કે'દુની જોતી'તી વાટ...

ભોજન દેશું તમને લાપસી જી રે
દેશું કાંઈ કઢિયેલાં દૂધ હો જી રે
કે'દુની જોતી'તી વાટ...

મુખવાસ દેશું તમને એલચી જી રે
દેશું કાંઈ બીડલાં પાન હો જી રે
કે'દુની જોતી'તી વાટ...

પરિવહન જયારે ઘણું અઘરું હતું, સંદેશાવ્યવહારનાં સાધનો ટાંચાં હતાં એ વખતે જેનો પતિ પરદેશ (એટલે કે દૂરના વિસ્તારમાં કે બીજા રાજ્યમાં) કમાવા ગયો હોય એવી સ્ત્રીની સંવેદના ઝીલતાં કેટલાંય લોકગીતો ગુજરાતીઓના કંઠે સચવાયાં છે. પતિ પરદેશ જાય એટલે માંડ વરસે-બે વરસે ઘેર આવે. દસ-વીસ દિવસ રોકાઈને પાછો જતો રહે એટલે પરિણીતાને તો વિરહની આગમાં બળતાં જ રહેવાનું!

'નણદલના વીર વિના એકલાં જી રે...' આવું જ એક વિરહગીત છે. આપણી પરંપરા તો જુઓ, પત્ની આખી જિંદગી પોતાના પતિનું નામ ન ઉચ્ચારે, સાસુના જાયા, નણદલના વીરા,અમારા 'ઈ' જેવા શબ્દસમૂહોથી પોતાના પતિની ઓળખ આપે. પુરુષપક્ષે પણ આવું જ હતું. આ નારીનો પતિ પરદેશ છે એ તો સમજ્યા પણ 'સૂના મંદિર ખાવા ધાય...' એટલે શું? સાવ અભણ કે અર્ધશિક્ષિત નાયિકા અહીં પોતાના સાસરિયાંને 'મંદિર'ગણાવે છે. પરિણીતા માટે એનું સાસરિયું મંદિરથી જરાય કમ નથી! આમ તો જ્યાં સ્ત્રીનો વાસ હોય એ હંમેશા મંદિર જ હોય છે! સંસ્કૃતના એક પ્રચલિત વાક્યનો ભાવાર્થ એવો છે કે, જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ છે પણ આપણાં લોકગીતો એનાથીય એક ડગલું આગળ છે, જ્યાં જીવતી જાગતી મૂરત એટલે કે સ્ત્રી છે એ માત્ર ઘર કેવી રીતે હોઈ શકે? મંદિરથી ઓછું કશું જ નહીં! એવો ભાવ લોકગીતોમાં વ્યક્ત થયો છે.

અહીં 'સૂનાં મંદિર' પ્રયોજાયું છે. સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર, નણંદ વગેરે ઘરમાં છે જ છતાં નાયિકાને પોતાનું ઘર સૂનું લાગે છે કારણ કે, પતિ પોતાની સાથે નથી એવી સ્ત્રી પરિજનોના મેળા વચ્ચે પણ એકલી-અટૂલી છે, પરિવારના કલશોર વચ્ચે પણ સૂનકાર અનુભવે છે.પતિના આગમન પૂર્વે નાયિકાએ ઉતારા, ભોજન, મુખવાસ સહિત બધી જ તૈયારી કરી રાખી છે.

આવાં લોકગીતો ગિરાગુર્જરીનું ગૌરવ છે. એ ગવાતાં અને સંભળાતાં રહેશે તો લોકપ્રિય થશે.

મારા સાસરો તે લાવ્યા ઢોલિયો, પિયુ નાના છે

મારા સાસરો તે લાવ્યા ઢોલિયો, પિયુ નાના છે,
સાસુડી રે લાવી સેજ, ભમર પિયુ નાના છે.

મારા જેઠ તે લાવ્યા દીવડો પિયુ નાના છે,
જેઠાણી રે સીંચે તેલ, ભમર પિયુ નાના છે.

મારો દેર તે લાવ્યા ફૂલડાં પિયુ નાના છે,
દેરાણી રે ગૂંથે હાર, ભમર પિયુ નાના છે.

સસરા રે લ્યો તમારો ઢોલિયો પિયુ નાના છે,
સાસુજી લ્યો તમારી સેજ, ભમર પિયુ નાના છે.

જેઠ રે લ્યો તમારો દીવડો પિયુ નાના છે,
જેઠાણી રે લ્યો તમારું તેલ, ભમર પિયુ નાના છે.

દેર રે લ્યો તમારાં ફૂલડાં પિયુ નાના છે,
દેરાણી રે લ્યો તમારો હાર, ભમર પિયુ નાના છે.

શિયાળે ઠંડી, ઉનાળે ગરમી ને ચોમાસે વરસાદ પડે તો એ 'મોસમી' કહેવાય પણ આ ક્રમમાં કોઈ ગરબડ થાય તો એ 'કમોસમી' ગણાય એમ લગ્ન માટે પણ વયની 'મોસમ' નિર્ધારિત થઈ છે એનાથી વહેલાં લગ્ન થાય તો એ બાળલગ્ન ગણાય છે અને એ 'કમોસમ' મોંઘી પડે છે.

લગ્નને આધ્યાત્મિકો બે આત્માનું મિલન માને છે, તેમના મતે લગ્ન એક સંસ્કાર છે. સમાજશાસ્ત્રીઓ લગ્નને સંસ્થા કહે છે. સમાજ વ્યવસ્થા ટકાવી રાખવામાં લગ્નસંસ્થાનું મહામૂલું યોગદાન છે પણ સમાન વય, સમાન વિચારધારા, સમાન દરજ્જાના વર-કન્યા વરે તો લગ્નજીવન સફળ થાય, બાકી તો આપણી આસપાસમાં અનેકનાં ગાડાં ગબડતાં આપણે જોતાં હોઈએ છીએ!

'મારા સાસરો તે લાવ્યા ઢોલિયો પિયુ નાના છે...' એવી કમનસીબ કન્યાનું લોકગીત છે જેનો પતિ ઉંમરમાં સાવ નાનો છે. પરણીને સાસરે તો આવી ગઈ પણ હવે શું? શૃંગારરાત્રિએ સસરા ઢોલિયો લઈ આવ્યા, સાસુ આખી સેજ લાવ્યાં, જેઠ દીવો લઈ આવે છે ને જેઠાણી દીવેલ. મઘમઘતાં ફૂલડાં દિયર લઈ આવ્યો ને દેરાણી હાર ગૂંથી લાવી પણ નવવધૂને આ બધું શા કામનું? એનો પિયુ તો સાવ નાનો છે, બાળક છે! પોતાનો મૌન વિરોધ પ્રગટ કરવા તે ઢોલિયા, સેજ સહિતની તમામ ચીજોનો અસ્વીકાર કરે છે.

એક સમય એવો હતો કે વર-કન્યાની ઈચ્છા જાણવાનો, એકબીજાને જોવાનો, મુલાકાત કરવાનો અવસર જ નહોતો અપાતો; વડીલો જ સંબંધ નક્કી કરી નાખતા એટલે સમાજમાં આવાં કજોડાં વધુ હતાં.

આજે લગ્ન માટે કન્યાની ઉંમર ૧૮ અને વરની ૨૧ હોવી ફરજિયાત છે છતાં ક્યાંક બાળલગ્નધારાનો ભંગ થતો હશે. આવા કિસ્સામાં દંડ-સજા થાય છે જ્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે ત્યાં આવી પ્રવૃત્તિ થતી હોય છે. પુખ્ત વયે લગ્ન થાય એ વર-કન્યા માટે સર્વરીતે હિતકારી છે. અગાઉ કોઈ ધારા ધોરણ ન્હોતા, લોકો અભણ, ગરીબ હતા, સંતાનોની સંખ્યા વધુ હતી ત્યારે બાળલગ્નોની બોલબાલા હતી પણ આજના યુગમાં બાળલગ્ન એ સામાજિક દૂષણ અને કાયદાનો ભંગ છે.

આ લોકગીત બાળલગ્નને કારણે ઉદભવેલી સમસ્યાનું કથન કરે છે. પીડિતા પાસેથી આપણે બોધ લઈએ કે સંતાનોને હંમેશા પુખ્ત વયે જ પરણાવશું.

એક ચંપો ને મરવો ડોલરિયો

એક ચંપો ને મરવો ડોલરિયો
આવી રોપ્યો રખમાઈને આંગણિયે
એનાં ફૂલ થયાં રે દસ પાંખડીએ
વાલે થાળ ભરીને ફૂલ વેડિયાં

વાલે સહુને દીધાં સંભારી
રાણી રાધાને મેલ્યાં વિસારી

જાઓ જાઓ રે જૂઠડાં નહીં બોલું
કાળા કરસનજી તમથી નહીં બોલું

મીઠા માવજીની સાથે નહીં બોલું
ગોરા ગોવિંદજી સાથે નહીં બોલું

એક ચંપો ને મરવો ડોલરિયો
વાલે વાવ્યો રાધાજીને આંગણીએ

ફાલ્યો ફૂલ્યો રે દસ વીસ પાંખડીએ
વાલે થાળ ભરીને ફૂલ ઉતાર્યા

વાલે સહુને મેલ્યાં વિસારી
વાલે રાધાજીને દીધા સંભારી

આવો આવો રે રસિયા હસી બોલું
કાળા કરસનજી સાથે હસી બોલું

મીઠા માવજીની સાથે હસી બોલું

ગોરા ગોવિંદજીની સાથે હસી બોલું

ઓલ્યો સોનીડો મોયો એના જડતરને
હું તો મોહી કરસનજીના ભણતરને

ઓલ્યો સુતાર મોયો એના સાગને
હું તો મોહી કરસનજીના રાગને

ઓલ્યો લુવારી મોયો એના લોઢાને
હું તો મોહી કરસનજીના મોઢાને

ઓલ્યો ઘાંચીડો મોયો એની ઘાણીને
હું તો મોહી કરસનજીની વાણીને

શ્રાવણ અને પુરુષોત્તમ વ્રતના મહિના ગણાય છે. પુરુષોત્તમ કે અધિક મહિનો ત્રણ વર્ષે એકવાર કેમ આવે છે? અંગ્રેજી મહિના મુજબ એક વર્ષના ૩૬૫ દિવસ થાય, લિપયર હોય તો ૩૬૬ થાય પણ ગુજરાતી મહિના પ્રમાણે તો ૩૬૦ દિવસ જ થાય, એમાંય તિથિનો ક્ષય આવે એ જુદો; એટલે ત્રણ વર્ષે ૩૦ દિવસની ઘટ પડે એ ૩૦ દિવસનો મેળ બેસાડવા પુરૂષોત્તમ માસ આવે છે. ભારતના અમુક ભાગમાં એ 'મલ માસ' તરીકે ઓળખાય છે.

ગુજરાતી બહેનો માટે પુરુષોત્તમ એટલે ભક્તિની હેલીનો મહિનો. ગામે ગામ મંદિરો, મહોલ્લાઓમાં કૃષ્ણનું પૂજન-અર્ચન કરી તેને કાલાંવાલાં કરતાં ભક્તિગીતો, લોકગીતો, ધોળ, ધૂન વગેરે ગવાય છે. મોટેભાગે પ્રૌઢાઓ અને વૃધ્ધાઓ ભક્તિરસથી તરબોળ હોય છે એટલે તેમના દ્વારા ગવાતાં ગીતોમાં બહુ જોમ-જુસ્સો નથી હોતો. ગીતો-લોકગીતો પણ એવાં પસંદ કરે જેના શબ્દો અને ઢાળ સાવ સરળ-સહજ હોય અને મુખડા કે અંતરાનું કમ્પોઝીશન વધુ પડતું આરોહી-અવરોહી ન હોય.

'એક ચંપો ને મરવો ડોલરિયો...' વ્રતધારી બહેનોનું સરળ લોકગીત છે. એનો મર્મ એવો છે કે ભગવાન કૃષ્ણ ચંપાનો છોડ લાવ્યા ને રૂક્ષ્મણીને આંગણે રોપી દીધો જયારે ફૂલ આવ્યાં ત્યારે સૌને યાદ કરીને આપ્યાં પણ રાધાને જ ન દીધાં! રાધાજી રિસાયાં ને અબોલાં લેવાનું જાહેર કરી દીધું.

બીજીવાર બંસીધર ચંપો લાવ્યા તો રાધાના આંગણે આરોપ્યો. ફૂલ ખીલ્યાં તો એકલાં રાધાજીને જ આપ્યાં એટલે બરસાનાનાં રાધાજી પુરુષોત્તમ પર ઓવારી ગયાં ને કૃષ્ણજીના રાગ, મુખ ને વાણી પર મોહિત થઈ ગયાં હોવાનું કહી બેઠાં.

અહિ લોકગીતમાં જે કથા રજૂ થઈ એ મૂળ કથા કરતાં અલગ છે. પ્રચલિત કથા એવી છે કે કૃષ્ણ પારિજાતનું પુષ્પ લઈ આવ્યા ને રૂક્ષ્મણીજીને આપ્યું એટલે સત્યભામા રિસાયાં. આપણા લોકગીત રચયિતાએ સત્યભામાના સ્થાને રાધાજીને ગોઠવી દીધાં. લોકને તો જે 'મનવગું' અને 'જીભવગું' હોય એ પ્રમાણે લોકગીતની રચના થાય!

વિનવે અયોધ્યાના નર અને નારી

વિનવે અયોધ્યાના નર અને નારી,
પધારો પિયર ભણી;
સતી સીતા ને લખમણ વીર,
પધારો પિયર ભણી.

એ... વનમાં નહીં મળે તેલ ધૂપેલ,
સૈયર કેરો મેળ
પધારો પિયર ભણી.
સતી સીતા ને લખમણ વીર,
પધારો પિયર ભણી
વિનવે અયોધ્યાના...

એ... વનમાં નહીં મળે દાતણકાંબ
જમુનાનાં નીર
પધારો પિયર ભણી.
સતી સીતા ને લખમણ વીર,
પધારો પિયર ભણી
વિનવે અયોધ્યાના...

એ... વનમાં નહીં મળે ભોજનપાન
કઢિયેલ દૂધ
પધારો પિયર ભણી.
સતી સીતા ને લખમણ વીર,
પધારો પિયર ભણી
વિનવે અયોધ્યાના...

એ... વનમાં નહીં મળે પોઢણ ઢોલિયા
હિંડોળા ખાટ
પધારો પિયર ભણી.
સતી સીતા ને લખમણ વીર,
પધારો પિયર ભણી
વિનવે અયોધ્યાના...

લોકગીતો રાસડા લેતાં જ મળ્યાં હોય એવું નથી, ટીપણી ટીપતાં, ખેતરમાં કાપણી કે લણણી કરતાં કે અન્યત્ર શ્રમ કરતા શ્રમિકો દ્વારા પણ લોકગીતો મળ્યાં છે. આપણી માતાઓ-બહેનો ગોરસ વલોવતી વેળા, ઘંટીએ અનાજ દળતી વખતે, શિશુને સુવડાવતાં મધુરાં ગીતો ગાતી. ઘંટી ફરે ને તાલ મળે એ રીતે ગવાતાં અમુક લોકગીતો 'ઘંટીગીતો' તરીકે જાણીતાં છે.

'વિનવે અયોધ્યાના નર અને નારી...' ઘંટીગીત છે. એક સમય હતો જયારે ફ્લોરમિલ કે ઇલેક્ટ્રિક ઘરઘંટીનું અસ્તિત્વ ન્હોતું ત્યારે ઘરે ઘરે અનાજ દળવા માટે પથ્થરની મોટી ઘંટીઓ અને નાની ઘંટી એટલે કે ઘંટૂલાનો ઉપયોગ થતો. ઘરની મહિલાઓ પરોઢિયે ત્રણ ચાર વાગ્યે ઉઠીને ઘંટીએ અનાજ દળવા બેસી જાય. ભજન, લોકગીત, ધોળ વગેરે ગાતાં જાય ને ઘંટી ફેરવતાં જાય. આવી રીતે દળાયેલા લોટમાં આધ્યાત્મિકતા, પરંપરાગત સંગીતની મહેક અને ગૃહમાતા-ગૃહનારીનો શુધ્ધ સ્નેહ ભળતો એટલે જ કદાચ રસોઈ અનોખી સોડમયુક્ત અને સ્વાસ્થ્યપ્રદ બનતી હશે.

દશરથ રાજાએ કૈકેયીને આપેલું વચન પૂર્ણ કરવા રામચંદ્રજી વનવાસ સિધાવ્યા, સાથે અર્ધાંગિની સીતા અને પડછાયા સમા સુબંધુ લક્ષ્મણે સ્વૈચ્છિક વનવાસ સ્વીકાર્યો. ત્રણેય વનમાં જીવન વ્યતિત કરવા લાગ્યા પણ અયોધ્યા નગરીના લોકોને ચિંતા થઈ, તેઓ સામૂહિકરીતે રામની કુટિરે પહોંચ્યા અને વિનવણી કરવા લાગ્યા કે તમે ત્રણેય અયોધ્યા પધારો; વનમાં સીતાજીના માથામાં નાખવાનું ધૂપેલ તેલ ક્યાંથી મળે? કદાચ મળે તોય માથું કોણ ગૂંથી દે? મહિલાના વાળ તો બીજી મહિલા જ ઓળી શકે... અહીં સીતાજી સિવાય બીજી કોઈ સ્ત્રી નથી. વળી, સવારના દાતણથી માંડી સ્નાન, ભોજન, પોઢણ સહિત ડગલે ને પગલે વિઘ્નો આવતાં રહે એટલે હવે વનવાસ ટૂંકાવીને અયોધ્યા પાછા ફરો.

અયોધ્યાવાસીઓની રજૂઆત ગળે ઉતારે એવી છે? વનમાં સીતાજીને માથું ગૂંથી દેનારી મહિલા શોધવી થોડું કપરું કામ છે બાકી દાતણ, સ્નાન માટે જળ, ભોજન, પોઢણ-બધી જ વ્યવસ્થા સરળતાથી થઈ શકે પણ રામ, લક્ષ્મણ, જાનકી પ્રત્યે લોકોનો નિર્વ્યાજ પ્રેમ છે, લોકો તેમને જરાય દુઃખી થવા દેવા નથી માગતા એટલે તેમને પાછા અયોધ્યા આવવા વિનવે છે. સીધી જ વાત છે કે સીતા-રામ લક્ષ્મણ જેવા ગુણવાન, શીલવાન વ્યક્તિત્વને સૌ કોઈ ચાહે, એને દુઃખના સમયે આશ્વાસન અને સધિયારો આપવા લોકોની ફોજ ખડી થઈ જાય.

દીપચંદી તાલમાં ગવાતાં ચોક્કસ ઢાળવાળાં અન્ય કેટલાંક લોકગીતો પણ ઘંટીગીતોનાં ઉત્તમ ઉદાહરણો છે.

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં, હરી વનરાઈમાં
ઝીણા મોર...

ઉતારા કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું મેડીના મોલ રાજ
ઝીણા મોર...

દાતણ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું કણેરીની કાંબ રાજ
ઝીણા મોર...

નાવણ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું નદિયુંનાં નીર રાજ
ઝીણા મોર...

ભોજન કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું સાકરિયો કંસાર રાજ
ઝીણા મોર...

મુખવાસ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું બીડલાં પચાસ રાજ
ઝીણા મોર...

પોઢણ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું હિંડોળાખાટ રાજ
ઝીણા મોર...

ગુજરાતી લોકગીતોની સરળતા ઘણીવાર ટીકાપાત્ર બનતી હોય છે. ઉતારા ઓરડા, ભોજન લાડવા, કાંબિયું ને કડલાં- લોકગીતોમાં આવી લોજિંગ, બોર્ડિંગ અને ઓર્નામેન્ટસની વાતો જ આવ્યા કરે એવું કેટલાક લોકો બોલતા હોય છે. એમની વાત ખોટી પણ નથી, આવું આવે છે પણ એ અર્થમાં કે તમે અમારે ઘેર આવો તો અમે તમને ઉતારા દેશું, ભોજન દેશું. લોકગીતમાં આપવાની વાત છે કોઈનું લઈ લેવાની ચેષ્ટા નથી!

કોઈ વળી એમ બોલે છે કે લોકગીતોમાં ઊંડાણ નથી, એનો જવાબ એ છે કે લોકગીતો સરળ છે એટલે જ સફળ છે!

'ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં...' લીલી નાઘેરના માણસીલા લોકોના અતિથિપ્રેમનાં ગુણગાન ગાતું લોકગીત છે. સૌરાષ્ટ્રના કોડીનાર-ઉના પંથકનું હુલામણું નામ 'નાઘેર' છે. ઘૂઘવતો દરિયો, ચોતરફ લહેરાતી નાળિયેરીઓ, ફળઝાડ, વનરાઈને કારણે નાઘેર લીલીછમ બની છે. એમાં વળી ઝીણા ઝીણા ટહુકે મોર ગહેકી રહ્યા છે. આવા ગમતીલા માહોલમાં એક યજમાન પોતાના 'માનીતા' મહેમાનને ઈજન આપે છે કે તમે અમારે ઘેર પધારો તમને ઉતારા, દાતણ, નાવણ, ભોજન, મુખવાસ, પોઢણ સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવશું. મહેમાનને ઉતારા-ભોજન સહિતની સુવિધા આપીને રાજી થવું એ આપણા લોકોનો વારસાઈ ગુણ છે. સૌરાષ્ટ્ર, કચ્છ કે ગુજરાતનાં અન્નક્ષેત્રો આપણા અતિથિભાવનાં નક્કર પુરાવા છે.

આવાં લોકગીતોનું ગાન થતું હોય તો કોને સાંભળવું ન ગમે? આપણી પાસે આવાં અનેક વ્હાલુડાં લોકગીતો છે. પૂર્વસૂરિઓ આપણે માટે બહુ મોટો ખજાનો મુકી ગયા છે.

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું;
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે!
વાંઝિયાં-મેણાં માતા દોહ્યલાં.

મહીડાં વલોવી ઊભી રહી;
માખણનો માગનાર દ્યોને રન્નાદે!
વાંઝિયાં-મેણાં માતા દોહ્યલાં.

પાણી ભરીને ઊભી રહી;
છેડાનો ઝાલનાર દ્યોને રન્નાદે!
વાંઝિયાં-મેણાં માતા દોહ્યલાં.

રોટલા ઘડીને ઊભી રહી;
ચાનકીનો માગનાર દ્યોને રન્નાદે!
વાંઝિયાં-મેણાં માતા દોહ્યલાં.

ધોયો ધફોયો મારો સાડલો;
ખોળાનો ખૂંદનાર દ્યોને રન્નાદે!
વાંઝિયાં-મેણાં માતા દોહ્યલાં.

'લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું...' એ સમયનું ગીત છે જ્યારે 'બેટી બચાઓ, બેટી વધાઓ' કે 'બેટી પઢાઓ' જેવાં સૂત્રો અસ્તિત્વમાં ન્હોતાં! એક નિઃસંતાન મહિલાને વાંઝિયા મેણું ભાંગવું છે પણ પુત્રના અવતરણ થકી...! સંતાન ન હોવું એ કોઈપણ દંપતી માટે અસહ્ય વેદના છે. જે કાળમાં તબીબી વિજ્ઞાન ચમત્કાર ન્હોતું કરી શકતું ત્યારે સંતતિ માટે રાંદલ મા પાસે વરદાન માગતાં ગીતો ગવાતાં. ઘરે રાંદલમા તેડવાની પ્રથા આજે પણ આપણા વિધિવિધાનનો એક હિસ્સો છે. રાંદલ શણગારવાની પૂર્વ રાત્રિએ માતાજીને આહવાન કરતાં ગીતો ગવાય છે, બીજા દિવસે એટલે કે રાંદલ મા તેડ્યાના દિવસે સવાર, બપોર, સાંજ અને પછીના દિવસે એટલે કે ઉથાપનની સવારે રાંદલ ગીતો ગાવાનો રિવાજ છે.

એક નિઃસંતાન નારી રાંદલ મા પાસે પુત્રની કામના કરે છે. પોતે આંગણું વાળીને ગાર કરે છે પણ પગલીનો પાડનાર નથી, એના વિના તાજી ગારમાં કોણ પગલાં પાડે? છાશ વલોવી લીધી પણ માખણનો માગનાર નથી, રોટલા ઘડ્યા પણ ચાનકી કોણ માગે? માતાએ ધોયેલી સાડી પહેરી છે, એને હામ છે કે એક બાળુડો હોય જે પોતાનો ખોળો ખૂંદે!

જ્યારે દીકરીને તુલસીનો ક્યારો, આંગણાની દીવડી, બે કૂળ ઉજળાં કરનારી દેવી ગણવામાં ન્હોતી આવતી અને દીકરાને જ માતાપિતાનો તારણહાર, પિતૃઓને મોક્ષ અપાવનાર માનવામાં આવતો એ વખતે આવાં ગીતોનું મહાત્મ્ય સવિશેષ હતું. આજે બદલાયેલા સમયમાં અનેકાનેક દંપતીઓને એક દીકરી જ હોય છે, કેટલાંય નિઃસંતાન દંપતીઓ દીકરીને દત્તક લેવાના આગ્રહી છે. માત્ર દીકરા જ જન્મે એવી લાલચ રાખશું તો એ દીકરાઓને પરણાવશું કોની સાથે? દીકરી વિનાની દુનિયા દરિદ્ર છે એ વાત સ્વીકારવી જ રહી.

પુત્ર માટેની મનોકામના જ્યારે પૂર્ણ થાય ત્યારે 'લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું, પગલીનો પાડનાર દીધો રન્નાદે! અનિરુદ્ધ કુંવર છે મારો લાડકો...' એમ આ ગીતનો બીજો ભાગ ગવાય છે.

વનમાં ચાંદલિયો ઊગ્યો

વનમાં ચાંદલિયો ઊગ્યો,
મારે મન સૂરજ થઈ આવ્યો.

આવ્યા છો તમે ઉતારા કરતા જાવ,
ઉતારા અમે કેમ કરીએ ગોરી
હાર્યે ભાઈબંધની ટોળી.
વનમાં...

આવ્યા છો તમે દાતણ કરતા જાવ,
દાતણિયાં અમે કેમ કરીએ ગોરી
હાર્યે ભાઈબંધની ટોળી.
વનમાં...

આવ્યા છો તમે નાવણ કરતા જાવ,
નાવણિયાં અમે કેમ કરીએ ગોરી
હાર્યે ભાઈબંધની ટોળી.
વનમાં...

આવ્યા છો તમે ભોજન કરતા જાવ,
ભોજનિયાં અમે કેમ કરીએ ગોરી
હાર્યે ભાઈબંધની ટોળી.
વનમાં...

આવ્યા છો તમે મુખવાસ કરતા જાવ,
મુખવાસ અમે કેમ કરીએ ગોરી
હાર્યે ભાઈબંધની ટોળી.
વનમાં...

ચાંદો, ચાંદલિયો, ચંદ્ર-ગુજરાતી લોકગીતોમાં વારંવાર 'ઊગતો' રહ્યો છે કેમકે મહિલાઓએ એને પૂજ્યો છે. જીવનનો અંધકાર દૂર કરનારો, ઉલ્લાસ આપનારો માન્યો છે. અમૃત રેલાવતી ચાંદનીની સંગાથે મહિલાઓએ રાસડાની ખૂબ રંગત જમાવી છે એટલે જ ચાંદાને લોકગીતોમાં ખૂબ ગાયો છે.

ગુજરાતમાં બાલિકાઓ પોતાના વીરના મંગલમય જીવન માટે પોષ મહિનાની પૂનમ એટલે કે પોષી પૂનમનું વ્રત કરે છે. આખો દિવસ ઉપવાસ કરી રાત્રે કાણાવાળી ચાનકી (નાનો રોટલો) બનાવી, કાણામાંથી ચંદ્રદર્શન કરે અને વીરને પૂછે કે 'પોષી પોષી પૂનમડી, આકાશે રાંધ્યા અન્ન, ભાઈની બેનડી રમે કે જમે?' ભાઈ કહે જમે, એ પછી જ બેનડી એકટાણું કરે! આસો મહિનાની પૂનમ અર્થાત્ શરદપૂનમ પણ બહેનોનું માનીતું પર્વ. પૂર્ણ ચંદ્ર ખીલે, એના ધવલ પ્રકાશમાં મોડી રાત સુધી રાસડા લેવા એ ગ્રામજીવનનો અલભ્ય અવસર હતો. વળી કેટલાંય રાજ્યોમાં 'કડવા ચોથ' ની ઉજવણી થાય છે જેમાં ચંદ્રદર્શનનું જ મહાત્મ્ય છે.

'વનમાં ચાંદલિયો ઊગ્યો...' ગૌરવવંતી ગુજરાતણોનું 'કંઠવગું' લોકગીત છે. એનો મર્મ એવો છે કે, પતિના વિરહમાં ઝૂરતી પરણિતા અનેકાનેક દુ:ખો ભોગવી રહી છે, પતિ પરદેશથી આવે એની સાથે સુખ આવે એવી આશા રાખીને જીવતી પોયણી સમી પ્રિયા પોતાની સખીઓ સાથે રાસ રમવા નીસરી ત્યાં એને પૂર્ણચંદ્રનાં દર્શન થયાં. પૂનમના ચાંદાને અજવાળે પોતાના પરણેતરને આવતો જોયો ને એના અંગેઅંગમાં ઉમંગ ઉભરાયો. વનમાં ઊગેલો ચંદ્ર આજ આ વિરહીણીને સૂરજ લાગે છે કેમકે પોતાનો પતિ ઘેર આવ્યો છે. પતિ આવ્યો એટલે પોતાના જીવનમાં હવે સુખનો સૂરજ ઊગશે. પતિના આગમનથી જાણે કે પોતાને સર્વસ્વ પ્રાપ્ત થઈ ગયું. ચાંદાને અજવાળે પતિને જોયો એટલે જીવનની અંધકાર રાત્રિ વીતી ગઈ ને અજવાસ રેલાવતું પ્રભાત થયું એવું એને લાગ્યું.

લોકગીતની નાયિકા પતિને વિનવે છે કે તમારા માટે ઉતારા, દાતણ, નાવણ, ભોજન, મુખવાસ-બધી જ સગવડ તૈયાર રાખી છે તમે રોકાઈ જાવ પણ એ ક્યાં રોકવાનો છે. એની મજબૂરી એ છે કે, ભાઈબંધોની ટોળી લઈને નીકળ્યો છે એટલે રોકાવાય તો કેમ?

સાયબો જી રે પોઢ્યો પલંગમાં

સાયબો જી રે પોઢ્યો પલંગમાં
જીવે મારી નણદીનો વીર !
સાયબો જી રે પોઢ્યો પલંગમાં.

કડલાં જી રે મારાં મૈયરનાં,
કાંબિયું જી રે રાજા સાહેબની,
જીવે મારી નણદીનો વીર !
સાયબો જી રે પોઢ્યો પલંગમાં.

ચૂડલી જી રે મારાં મૈયરની,
ગુજરી જી રે રાજા સાહેબની,
જીવે મારી નણદીનો વીર !
સાયબો જી રે પોઢ્યો પલંગમાં.

ઝરમર જી રે મારાં મૈયરની,
તુળસી જી રે રાજા સાહેબની,
જીવે મારી નણદીનો વીર !
સાયબો જી રે પોઢ્યો પલંગમાં.

નથણી જી રે મારાં મૈયરની,
ટીલડી જી રે રાજા સાહેબની,
જીવે મારી નણદીનો વીર !
સાયબો જી રે પોઢ્યો પલંગમાં.

ઈમિટેશન જવેલરીના આ યુગમાં કાંબિયું, કડલાં, હારલો, પારલો, ચૂડલી, ગુજરી, ઝરમર, તુળસી, નથડી, ટીલડી જેવાં સુવર્ણ આભૂષણોનાં નામ પણ આપણે ભાગ્યે જ સાંભળ્યાં હશે ત્યારે આ અલંકારો એક સમયે ગૂર્જર નારીઓના દેહને લાલિત્ય બક્ષતાં હતાં. એ વખતે શણગાર એટલે લાંબા-કાળા કેશ, ફૂલના ગજરા અને સોના-ચાંદીના ઘરેણાં! વહુ માટે સાસુ, જેઠાણી, દેરાણી કે નણંદ તો દીકરી માટે માતા, ભાભી, બેન કે સહેલી જ 'બ્યૂટીશ્યન' હતી! સ્ત્રી આભૂષણો થકી જ શોભે-એવી દૃઢ માન્યતા હતી. અલંકારધારિણી શોભાયમાન લાગે એ આજના યુગનું પણ સત્ય છે.

લોકગીતોની એ મુદ્દે ટીકા પણ થઈ છે કે એમાં ઘરેણાંની જ વાતો આવ્યા કરે છે. ટીકાકારો સાવ ખોટા નથી, પરંતુ લોકગીત આપણી જીવનશૈલીની 'સ્કેનકોપી' છે એટલે જેવું જીવીએ એવું લોકગીતનાં પ્રતિબિંબિત થવાનું જ. સ્ત્રીઓ 'ઘરેણાંગ્રસ્ત' હતી અને છે કેમકે આપણે અલંકારોને સૌભાગ્યનું પ્રતીક માનીએ છીએ એટલે લોક સાથે સંલગ્ન બધું જ લોકગીતોમાં ડોકાયા વિના કેમ રહે?

'સાયબો જી રે પોઢ્યો પલંગમાં....' આભૂષણોથી લથબથ નારીનાં સંવેદન ઝીલતું લોકગીત છે. યુવતીનાં લગ્ન થાય ત્યારે પિતૃપક્ષ અને શ્વસુરપક્ષ યથાશક્તિ દાગીના ઘડાવી દે. પરિણીતાને જો કોઈ પૂછે કે તને ક્યા પક્ષનાં ઘરેણાં વધુ ગમે ? અથવા તો પોતે જ જો સરખામણી કરવા બેસે તો પરિણામ એ આવે કે એને મૈયરમાંથી મળેલાં કડલાં પ્રિય છે તો કાંબિયું એના 'રાજા સાહેબ' એટલે કે પતિએ-શ્વસુરપક્ષે આપી એ ગમે છે, ચૂડલી પિતૃપક્ષની, ગુજરી સસરાપક્ષની, ઝરમર માતા-પિતાએ આપેલું તો તુળસી સાસરિયાંએ દીધેલી, નથણી માવતરની તો ટીલડી સાસરેથી આવેલી ગમે છે-એટલે કે બન્ને પક્ષ તરફથી મળેલાં આભૂષણો તેને અણમોલ લાગે છે. જે પરિવારમાં જન્મ ધર્યો ત્યાંનું તો બધું ઉત્તમોત્તમ જ લાગે પણ જ્યાં આખો જન્મારો જીવવાનું છે એનાં આભૂષણ પણ શ્રેષ્ઠ લાગ્યાં છે એટલે જ પોઢેલા પતિ પર આશિષ અને હેત વરસાવતાં કહે છે કે- 'જીવે મારી નણદીનો વીર!'

થોડીવાર માટે માની લઈએ કે અહીં જે કડલાં, કાંબિયું, ચૂડલી, ગુજરી સમેત આભૂષણો દર્શાવાયાં છે એ વાસ્તવમાં સંસ્કાર, સભ્યતા, સમજદારી, પરિવાર પ્રેમ, નમ્રતા, સહજતા પણ હોઈ શકે. કન્યા હતી ત્યારે અમુક સદ્‌ગુણો ખાનદાનમાંથી સિંચાયા હોય ને વહુ બની પછી કેટલાક સાસરિયે જઈને શીખી હોય. આ જ એનાં સાચાં ઘરેણાં છે, સોનું-ચાંદી તો ગમે ત્યારે સાથ છોડી દે પણ અંતરમાં ઉઝેરેલાં આભૂષણો સ્ત્રીને આજીવન ઓપતાં અને ઓપાવતાં રહેશે એવો અર્થ પણ કરી શકાય.

આવાં અનેક અપ્રચલિત લોકગીતો આજેય લોકોના કંઠમાં પડ્યાં છે.

રામસીતા વનવાસ જાય વનમાં સંકટ પડશે

રામસીતા વનવાસ જાય વનમાં સંકટ પડશે
ભાઈ ભરત ક્યે છે વીરા નથી જાવું વનમાં
વનમાં ઉતારા ન હોય, વનમાં સંકટ પડશે
પિતાજીના વચને વીરા જાવું જોશે વનમાં
રામસીતા વનવાસ...

ભાઈ ભરત ક્યે છે વીરા નથી જાવું વનમાં
વનમાં દાતણિયાં ન હોય, વનમાં સંકટ પડશે
પિતાજીના વચને વીરા જાવું જોશે વનમાં
રામસીતા વનવાસ...

ભાઈ ભરત ક્યે છે વીરા નથી જાવું વનમાં
વનમાં નાવણિયાં ન હોય, વનમાં સંકટ પડશે
પિતાજીના વચને વીરા જાવું જોશે વનમાં
રામસીતા વનવાસ...

ભાઈ ભરત ક્યે છે વીરા નથી જાવું વનમાં
વનમાં ભોજનિયાં ન હોય, વનમાં સંકટ પડશે
પિતાજીના વચને વીરા જાવું જોશે વનમાં
રામસીતા વનવાસ...

ગુજરાતમાં લોકગીતો, ભજનો, દુહા, છંદ, ધોળ જેમ લોકભોગ્ય છે એમ બંગાળમાં 'બાઉલ' ઘણું જ લોકપ્રિય છે. 'બાઉલ' આપણાં આખ્યાનને મળતું આવે છે. મૂળ બાંગ્લા સંગીત 'બાઉલ' પશ્ચિમ બંગાળમાં ઉછર્યું છે. બિહાર, ઝારખંડમાં પણ તેના શો થાય છે. 'બાઉલ'માં કલાકાર ઉભા ઉભા, એકતારો વગાડીને, હળવું નર્તન કરતાં કરતાં ગાય છે. સાથે તબલાં, ઢોલક, હાર્મોનિયમ અને હવે સમય મુજબ ઓકટોપેડ, કી બોર્ડ જેવાં ઈલેક્ટ્રોનિક વાદ્યોની પણ સંગત હોય છે. શિવજી, માતાજી, રામ, કૃષ્ણ જેવાં પૌરાણિક-ધાર્મિક પાત્રોને કેન્દ્રમાં રાખીને ગાન થાય છે સાથે સૂફી ગાયન પણ ખરું. એટલે કે ભગવા અને લીલા રંગનું સાયુજ્ય 'બાઉલ'માં છે! હિન્દુ વૈષ્ણવ કે નાથ સંપ્રદાયની તો મુસ્લિમોમાં ફકીર પરંપરાની નજીક છે 'બાઉલ'. કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં ગીતો પર 'બાઉલ'ની ઘેરી અસર જોવા મળે છે તો હિન્દી ફિલ્મજગતના વિખ્યાત સંગીતકાર સચિનદેવ (એસ.ડી.)બર્મનનાં કેટલાંક ગીતો 'બાઉલ'થી પ્રભાવિત છે.

પૂર્વ ભારતના છેડાના 'બાઉલ'ને પશ્ચિમ ભારતના છેડાના ગુજરાતી લોકસંગીત સાથે કાંઈ લેવાદેવા ખરી? હાસ્તો, 'બાઉલ' અને આપણાં કેટલાંક લોકગીતોનો કન્ટેન્ટ એકબીજામાં સજીવન છે! ખાસ કરીને આપણાં ધાર્મિક કથાગીતો, રાધા-કૃષ્ણ, રૂક્ષ્મણી-કૃષ્ણ, ગોપી-કૃષ્ણ, સીતા-રામ કે શિવ પાર્વતીનાં લોકગીતોનું આંતર્તત્વ 'બાઉલ'ના 'માઝ્લા' જેવું જ છે, બન્નેનો આત્મા જાણે કે જોડિયા ભાઈ!

'રામ સીતા વનવાસ જાય...' ખૂબ જ ઓછું જાણીતું કથાગીત છે. 'બાઉલ'ની યાદ અપાવે એવા આ લોકગીતમાં રામાયણના અતિ પ્રચલિત પ્રસંગની વાત ગૂંથી લેવાઈ છે. દશરથ રાજા પાસે રાણી કૈકેયી રામને વનવાસ અને ભરતને રાજગાદીનું વચન માગી લે છે પછી રામ, લક્ષ્મણ, જાનકી વનવાસ માટે પ્રસ્થાન કરે છે એ વખતે ભરત પોતાના પ્રિય ગુરુબંધુ રામને વિનવે છે કે, તમે વનવાસ માટે ન જાવ, વનમાં ઉતારા, ભોજન સહિત સર્વ પ્રકારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે પણ રામચંદ્રજી એક જ ઉત્તર આપે છે કે, પિતાનું વચન પૂર્ણ કરવા માટે વનમાં જવું જ પડશે.

લોકગીતોનું સર્જન સહેતુક થયું છે, નવરા લોકોએ શબ્દમેળ કરીને ગીતડાં રચી નાખ્યાં હોય એવું નથી. આ લોકગીતનું મુખડું 'રામસીતા વનવાસ જાય, વનમાં સંકટ પડશે' પરથી એટલો ધડો લેવો જોઈએ કે દશરથનંદન ભગવાન શ્રીરામચંદ્રજીના જીવનમાં પણ સંકટ આવતું હોય તો આપણું ગજું શું? કુદરતી કે માનવસર્જિત આપત્તિનો ભોગ વત્તે ઓછે સૌએ બનવું પડે છે. આપણા જીવનમાં કોઈ સમસ્યા જ ન આવે એવું બને નહીં, જિંદગી સતત ઝઝુમતા રહેવાનો ખેલ છે, વિજયનો અનહદ આનંદ ભિષણ યુદ્ધ પછી જ મળે.

બીજી વાત એ કે જેનો રાજ્યાભિષેક થવાનો હતો, અયોધ્યા નગરીના આવતીકાલના રાજા ભરત પોતાના બંધુને રોકાઈ જવા આજીજી કરે છે. ભરત ઈચ્છે છે કે પોતે નહીં પણ રામ ગાદીએ બેસે. આજે કેટલાય સમર્થ વ્યક્તિઓ પોતાના સગા ભાઈની જાયદાદ પચાવી પાડતા અચકાતા નથી એ લોકોએ ભરતની સાત્વિક માનસિકતાનો 'કેસસ્ટડી' કરવો જોઈએ.

છેલ્લી વાત, ભરતના ભાવથી ગદગદિત થયેલા રામ કહે છે કે હે ભરત! પિતાજીનું વચન અફળ કેમ જવા દેવાય ? યાતના ભલે ભોગવવી પડે પણ વચન ખાતર મારે વનમાં જવું જ પડશે. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ વચન ખાતર વનવાસ વેઠવા તૈયાર હતા એનાથી સમજાય કે કોઈને વચન દઈએ તો કોઈપણ સંજોગોમાં એ પૂર્ણ કરવું એટલે જ ગંગાસતીએ કહ્યું છે કે 'વચન વિવેકી જે નર ને નારી પાનબાઈ, બ્રહ્માદિક લાગે જેને પાય રે...'

આપણા એકએક લોકગીતમાં શાસ્ત્રો જાણે કે સમાયાં છે. જીવનદર્શનનો નીચોડ છે આપણા લોકગીતો.

બાર બાર વરસે નણદલ પધાર્યાં

બાર બાર વરસે નણદલ પધાર્યાં,
ભાભી ઉતારા દ્યો ને રાજ ! નણદલ પરોણલાં

ઘર પછવાડે પડેલ ખંડેરા,
જઈને ઉતારા કરજો રાજ ! નણદલ પરોણલાં

ઉતારા તો ભાભી સભર બનાવ્યા
હવે દાતણિયાં દેજો રાજ ! નણદલ પરોણલાં

ઘર પછવાડે થોરનું થૂંડું,
વેડી દાતણિયાં કરજો રાજ ! નણદલ પરોણલાં

દાતણિયાં તો ભાભી સભર બનાવ્યાં
હવે નાવણિયાં દેજો રાજ ! નણદલ પરોણલાં

ઘર પછવાડે ભરેલ ખાબોચિયાં,
જઈને નાવણિયાં કરજો રાજ ! નણદલ પરોણલાં

નાવણિયાં તો ભાભી સભર બનાવ્યાં
હવે ભોજનિયાં દેજો રાજ ! નણદલ પરોણલાં

તમારે વીરે શાળ નથી વાવી,
ઘઉંમાં આવ્યો ગેરૂ રાજ ! નણદલ પરોણલાં

ભોજનિયાં તો ભાભી સભર બનાવ્યાં
હવે મારગડા ચીંધો રાજ ! નણદલ પરોણલાં

ઠાલા તે કૂવા ઠેકતા જાજો
ભર્યા કૂવામાં પડજો રાજ ! નણદલ પરોણલાં

મારા હૈયામાં હામ જ રહી ગઈ
માર્યા વન્યાની વઈ ગઈ રાજ ! નણદલ પરોણલાં

સાસરવાસી દીકરીના માતા-પિતા હૈયાત ન હોય, ભાભી તુંડમિજાજી, નિષ્ઠુર અને ક્રૂર હોય ત્યારે પિયરિયું બહુ અકારું લાગે. સામાન્ય સંજોગોમાં આવી દીકરી પિયર જવાનું ટાળે પણ ક્યારેક ભાઈને ખોટું ન લાગે એ માટે તો ક્યારેક સાસરિયાંને ખબર ન પડી જાય કે પોતાની વહુનું પિયરમાં કાંઈ ઉપજતું નથી એ માટે પણ હૈયા પર પથ્થર મુકીને તેણે પિયર જવું પડતું હોય છે પણ ત્યાં ગયા પછી એની શી દશા થાય, કેટલું અપમાન થાય એ તો ભોગવનાર જ જાણે!

'બાર બાર વરસે નણદલ પધાર્યાં...' આવી જ એક પરિણીતાનું લોકગીત છે. મા-બાપ હયાત નથી અને ભાભી આકરે પાણીએ છે એટલે પોતે પિયર જવાનું ટાળતી રહી ને અંતે બાર વર્ષે પિતૃગૃહે ગઈ. ભાભી પાસે ઉતારો માગ્યો તો ઘરની પાછળ આવેલું ખંડેર બતાવીને કહ્યું કે, તમારો ઉતારો ત્યાં છે! છતાંય નણંદે વખાણ કર્યાં કે તમે મને સરસ ઉતારો આપ્યો. દાતણ માગ્યું તો થોરનું ઠૂંઠું વેડી લાવવા કહ્યું. નણંદને સ્નાન માટે ખાબોચિયું બતાવવામાં આવ્યું. ભોજન માગ્યું તો ચોખ્ખું જ કહી દીધું કે, તમારા ભાઈએ ડાંગર વાવી નથી ને ઘઉંમાં તો રોગ આવી ગયો એટલે ઘરમાં અનાજ નથી !

છેક સુધી ભાભીની આડોડાઈ સહન કરનારી નણંદે અંતે પોતાના સાસરિયે જવાનો રસ્તો પૂછ્યો તો જવાબ મળ્યો કે 'આ તરફ જાવ, પાણી વગરના કૂવા ઠેકતા જજો ને ભરેલા કૂવામાં પડી જજો!' આટઆટલો સિતમ સહન કરીને ગયેલી નણંદ માટે ભાભીના હૈયામાં એક હામ તો બાકી જ રહી ગઈ કે મારે તો એને મારવી હતી, નસીબદાર છે કે માર ખાધા વિનાની ગઈ...!

એક સ્ત્રીએ પિયરમાં સહેલું અપમાન, ભાભીનો સિતમ જયારે લોકગીત બનીને ગવાય ત્યારે અનેક સ્ત્રીઓનો સ્વાનુભવ હોય, હૃદયસ્પર્શી બની રહે છે.

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો
માતાજી રમવા દ્યો રે રંગ ડોલરિયો

રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો
માતાજી જમવા દ્યો રે રંગ ડોલરિયો

માતાએ પીરસી લાપસી રંગ ડોલરિયો
મહીં પળી એક આલ્યાં ઘી રે રંગ ડોલરિયો

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો
સાસુજી રમવા દ્યો રે રંગ ડોલરિયો

રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો
સાસુજી જમવા દ્યો રે રંગ ડોલરિયો

બાઈજીએ પીરસ્યું બાજરિયું રંગ ડોલરિયો
મહી ટીપું આલ્યાં તેલ રે રંગ ડોલરિયો

બળ્યું બાઈજી તારું બાજરિયું રંગ ડોલરિયો
તારા તેલમાં ટાંડી મેલ રે રંગ ડોલરિયો

માતાએ ગૂંથ્યાં માથડાં રંગ ડોલરિયો
મહી ટસર્યું લીધી ત્રણ રે રંગ ડોલરિયો

સાસુએ ગૂંથ્યાં માથડાં રંગ ડોલરિયો
મહી ટોલા મેલ્યા ત્રણ રે રંગ ડોલરિયો

માતાએ ઢાળ્યા ઢોલિયા રંગ ડોલરિયો
ઓશિકે નાગરવેલ રે રંગ ડોલરિયો

સાસુએ ઢાળી ખાટલી રંગ ડોલરિયો
ઓશિકે કાળો નાગ રે રંગ ડોલરિયો

આપણા દેશી મહિના, તિથિઓ, વારનું ઘણું મહત્ત્વ છે. બારેય મહિનાની પૂનમનું મહાત્મ્ય છે, એમાંય પોષ મહિનાની એટલે કે પોષીપૂનમ બાલિકાઓનું પર્વ છે તો આસો માસની શરદપૂનમ મહિલાઓનો ઉત્સવ છે. શરદપૂર્ણિમાની સાંજથી પૂર્ણ ચંદ્રમા પૃથ્વી પર શિતળ, અમૃત સમી ચાંદની રેલાવે એની સાક્ષીએ બહેનો રાસની રંગત જમાવે, આ આપણી પરંપરા અને હવે ફેશન બની ગઈ છે !

એક નવી-સવી વહુવારુને શરદપૂનમની એ રાત યાદ આવી ગઈ જયારે પોતે કુમારિકા હતી, અપરણિત યુવતી હતી; શરદપૂનમની રઢિયાળી રાતે સહિયરો સાથે રાસડા લઈને મધરાતે ઘેર આવતી તો માતા ઘીથી ત્રસત્રસતી લાપસી જમાડતી. આજે પોતે પરિણીતા છે, સાસરવાસી છે, સાસુના સામ્રાજ્યમાં જીવે છે ત્યારે સાસુ બાજરીને બાફીને એમાં છાશ, મીઠું નાખીને બનાવેલી વાનગી એટલે કે 'બાજરિયું' બનાવે છે ને એમાં તેલ નાખીને પીરસે છે! માતાના હાથની લાપસી ખાધી હોય એને સાસુએ રાંધેલું 'બાજરિયું' ક્યાંથી ભાવે?

માતા માથું ઓળી દેતી અને હવે સાસુ ઓળી દે એમાં પણ બહુ ફરક છે. માતા ઢોલિયો ઢાળી દે ત્યારે પોતે નાગરવેલના ઓથે સૂતી હોય એવો અહેસાસ થતો. સાસુએ ઢાળેલી ખાટલી પર સૂતાં વહુને લાગે છે કે ઓશિકે જાણે કાળોતરો નાગ મુક્યો છે!

'શરદપૂનમની રાતડી રંગ ડોલરિયો...' લોકગીત થકી જૂના જમાનાની સાસુના સ્વભાવ-વર્તન કેવા હતા એ સમજાય છે. આજનો યુગ જુદો છે, અનેક પરિવારોમાં અહિ દર્શાવાયું એના કરતાં જુદું જીવન જીવાય છે. સાસુ-વહુ માતા-પુત્રી બનીને રહેતાં હોય એવાં કુટુંબો આપણી આજુબાજુમાં જ વસતાં હોય છે.